વર્ષ ૩૩ · અંક ૬ · જૂન ૧૯૫૬ · તંત્રી બચુભાઈ રાવત

કુમાર


૩૯૦

મા-દીકરી



ફોટો · કાંતિલાલ ઝવેરી

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ



વાંસ-વનનું પંખી : ચિત્રકાર-વીરેન્દ્ર પંડ્યા

('કેસૂડાં'ના સૌજન્યથી)

કુમાર

જૂન ૧૯૫૬

અંક ૩૯૦

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેવું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના


તમારે ઘરઆંગણે વિશ્વદર્શન
લંડન—પેરીસ—કેરો—ન્યૂયૉર્ક—મુંબઈ
ઐતિહાસિક રમણીય સ્થળોનું દર્શન, વિવિધ પક્ષીઓ, પ્રાણીઓ, જાણીતા ફિલ્મી કળાકારો, ઐતિહાસિક રોમાંચક પાત્રો, લોકકથાઓ વગેરનું દષ્ટિપાન 'વ્યૂ-માસ્ટર'ની વૈજ્ઞાનિક કરામતથી નજીવી કિંમતે ઘરઆંગણે મ્હાણો ! મિત્રો અને સ્નેહીજનોને એનો આસ્વાદ કરાવો !
૪૦૦થી અધિક વિવિધ વિષયોને મનોરંજક શિક્ષણાત્મક દષ્ટિએ આવરી લેતાં રીલોનું ફ્રી લિસ્ટ જરૂરથી મંગાવો
મળો યા લખો
તમારા ફોટો-ડીલર યા સોલ ડિસ્ટ્રિબ્યુટર્સ
પટેલ ઇન્ડિયા પ્રાઇવેટ લિ., ફોર્ટ, મુંબઈ · કલકત્તા · નવી દિલ્હી · મદ્રાસ
VIEW-MASTER
વ્યૂ-માસ્ટર
વ્યૂ-માસ્ટર
રૂા. ૧૫,
વ્યૂ-માસ્ટર રીલ
દરેકના રૂા. ૨.

વાચકો લખે છે

અહીં પ્રગટ થતા દરેક પત્ર તથા ચિત્ર માટે એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

વાચકોના પત્રવિભાગમાં બહુ જ થોડા પત્રો રસપ્રદ ને કંઈક નવું જણાવતા હોય છે. મુખ્યત્વે તો, 'કુમાર'ના પાછલા અંકોનું જાણે 'ઑડિટ' કર્યું હોય છે, ને ખૂણેખાંચરે પડેલી વિગત કે સાલ રહી ગઇ હોય તેવા જ પત્રો આવે છે. આને સ્થાને કંઈક નવી રસપ્રદ વાતના અનુરોધ કરતા પત્રો અપાય તો સારું.

(મુંબાઇ) —જ્યોતિષ જે. જાની

[અમારી પણ એ જ ઇચ્છા ને માગણી અમે અગાઉ પ્રકટ કરી છે. રચનાત્મક ને અવનવી ઘણી માહિતી, ચિત્રો, ફોટો વગેરે વાચકો પૂરાં પાડી શકે, એ ફરીથી યાદ આપીએ છીએ.]

'કુંભકોનમ્'માં બાસઠેક હજારની વસતિ આપે લખી છે તે ભૂલ છે. ૧૯૫૧માં વસતિ ૯૫,૦૦૦ હતી, અત્યારે તો એક લાખ ઉપર છે.

બીજું, 'વોત્તામર' (સોનાનું કમળ) એમાં ખરી રીતે 'પોર્તામરૈ' જોઇએ. પોત્=સોનું અને તામરૈ=કમળ=સોનાનું કમળ.

(કુંભકોનમ્) —નેમીકુમાર શેઠ

અંક ૩૮૭માં વાંચ્યું કે 'જૂનાગઢમાં નાગરવાડામાં હાલ જ્યાં નરસિંહ મહેતાનો ચોરો નામની જગ્યા છે'. જૂનાગઢમાં નાગરવાડામાં નરસિંહ મહેતાનો ચોરો નથી, પરંતુ મજેવડી દરવાજાથી શહેરમાં દાખલ થતાં, સુખનાથ ચોક તરફની સડકે જતાં ડાબી બાજુ છે.

સંભવિત છે કે પૂર્વે હાલ જ્યાં ચોરો છે ત્યાં નાગરવાડો હોય. પરંતુ હાલનો નાગરવાડો કાળવા દરવાજાના ઉત્તર ભાગથી શરૂ થઈ લગભગ શ્રીનાથજીની હવેલીના બાજુમાં પૂરો થાય.


(લુગાઝી-યુગાન્ડા) —કે. કે. સીસોદિયા

૩૮૮મા અંકમાં છેલ્લે પાને આપેલ ભૌમિતિક આકૃતિમાં 'એકેએક ભૌમિતિક આકૃતિનો સમાવેશ થાય છે' એમ કહેવું વધુ પડતું છે.

યુકિલડિયન ભૂમિતિની આકૃતિઓ બે પ્રકારની છે: (૧) સમતલ અને ઘન સુરેખાકૃતિઓ (૨) સમતલ અને ઘન વક્રરેખાકૃતિઓ. 'એકેએક ભૌમિતિક આકૃતિ' એમ કહેવા જતાં આપણે બિંદુ, સીધી લીટી, ત્રિકોણ, ચતુષ્કોણ, ..., બહુકોણ; વૃત, વૃતભાગ, પરવલય (Parabola), લંબવૃત (Ellipse), અતિવલય (Hyperbola) વગેરે સમતલાકૃતિઓની અને ચતુષ્ફલક (Tetrahe.Jron), પંચફલક (Pentaheron), ..., બહુફલક (Polyhedron), શંકુ, નળાકાર, ગોળ વગેરે ઘનાકૃતિઓની ગણતરી કરવી જોઇએ. આમાંથી બધી જ ઘનાકૃતિઓને બાજુએ મૂકીએ તોય, વૃત અને વૃતભાગ સિવાયની એકે વક્રાકૃતિ આપેલ આકૃતિમાં જણાતી નથી.

આપેલ આકૃતિમાં બિંદુ, સીધી લીટી, અને ત્રિકોણથી માંડી અનેક પ્રકારના સપ્રમાણ (Regular) અને અંતર્ગોળ (Concave), ચતુષ્કોણ, પંચકોણ, ..., બહુકોણ તથા વૃત અને વૃતભાગ સુધીની આકૃતિઓનો સમાવેશ જરૂર થાય છે-અને જોકે એટલું પણ ઓછું નથી જ; છતાં વિરુદ્ધની ને અપવાદની બધી જ શક્યતાઓ વિચાર્યા પછી જ ગાણિતિક સત્યોની ઉક્તિઓ સંપૂર્ણ સરળ અને એકાર્થી બને છે એ ધ્યાનમાં રાખતાં આપેલ આકૃતિમાં 'એકેએક' નહિ પણ 'અનેક' આકૃતિઓનો સમાવેશ થાય છે એમ કહેવું ઠીક પડશે.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી



આ સાથે સિલોનની દસ સેન્ટની ટિકિટ બીડી છે. ગયા માર્ચની ૨૬મીએ તે બહાર પડી હતી. તેના પર સ્ટેઇટ કાઉન્સિલનું મકાન અને માથે (માજી વડા પ્રધાન) સર જૉન કૉટેલાવાલાનું મોઢું છે. ચડતીની આખર ટોચના એક સીમાચિહ્ન રૂપે આ ટિકિટ મહત્વની યાદ છે. સ્વપ્નામાં પણ સર જૉનને ૨૬મી માર્ચે ખયાલ નહિ હોય કે થોડા દિવસો પછી તેમના અને તેમના પક્ષના એ હાલ થવાના છે જે જગતના કોઈપણ વડા પ્રધાનના નસીબમાં આવેલા નથી. ૫મી એપ્રિલે સિલોનની ચૂંટણી શરૂ થઈ અને ૧૦મી એપ્રિલે ખતમ થઈ. રાજકર્તા પાર્ટીની સખત હાર થઈ. ૧૦૧ બેઠકોમાંથી મહામુશ્કેલીએ ૮ બેઠક તે મેળવી શકી. વડા પ્રધાન પોતાના ગામ 'ડોડાંગગઝલાંદ'માં પ્રથમ દિવસે જ છ હજારના આશરે વધારે વોટ મેળવી જીત્યા. પણ જો વડા પ્રધાને પોતાની ચૂંટણી બીજે દિવસે મુલતવી રાખેલ હોત તો તે પોતે પણ હાર ખાત એ એક હકીકત હતી. અત્યારે નવી પાર્ટીએ લગામ હાથમાં લીધેલ છે અને નવા વડા પ્રધાન એસ. ડબ્લ્યુ. આર. ડી. બંડારનાયક (હિંદનાં પત્રો બંદરનાયક લખે છે તેમ નહિ) બહુ જ લાયક અને બાહોશ માણસ છે.

(કોલંબો) —અસગરઅલી પટેલ

માર્ચ અંકમાં 'સાપણ બચ્ચાંને જન્મ આપતાંવેંત તેમને ખાવા લાગે છે ને ભાગ્યજોગે જે કોઇ બચ્ચાં છટકી શકે છે તે જ જીવવા પામે છે' તે હકીકત અર્ધસંદિગ્ધ લાગે છે, કારણ કે સાપણ તો ઈંડાં મૂકે છે. બચ્ચાં ખાય છે તે એ રીતે કે ઈંડામાંનાં બચ્ચાં ગમે ત્યાંથી મળી જતાં ગમે તે સાપ-સાપણ ખાય છે,-નાનો જીવ મોટાનો ભોગ બને તે રીતે જ.

(ભાવનગર) —ઓઘડીદાસ જે. મેર

૩૮૬મા અંકમાં શ્રી મ. ના. ખત્રી જણાવે છે કે 'આ વાત ગણિતના સાદા નિયમોથી સહેજે સમજી શકાય તેવી છે.' પરંતુ કયા 'સાદા' નિયમની એ કરામત છે તે સામાન્ય માણસને સમજાવવું જરૂરી છે.

૨૫૨ એ ૪×૭×૯નો ગુણાકાર છે એટલા માટે તેને છેડે જે અંક મૂકીએ તેનાથી તે નિઃશેષ ભાગી શકાય છે, તેમ નથી. કોઇ પણ સંખ્યાને છેડે અંક મૂકવો એટલે તે સંખ્યાને દસે ગુણીને તેમાં તે અંક ઉમેરવો, તે સમજી શકાય તેમ છે. જેમકે, ૨૫૨માં છેડે ૬નો અંક મૂકીએ એટલે ૨૫૨૦+૬. હવે આમાં છેલ્લે જે અંક ઉમેરાયો હોય તે તો દેખીતીરીતે જ પોતાનાથી ભાજ્ય હોય જ. બાકી જે ૨૫૨૦ની સંખ્યા રહી, તે ૧ થી ૧૦ સુધીની બધી સંખ્યાઓથી ભાજ્ય છે, કારણ કે તે ૧ થી ૧૦ સુધીની સંખ્યાઓનો લઘુતમ સાધારણ અવયવ છે! દેખીતીરીતે જ આ અવયવ 'લઘુતમ' હોઇને, ભાઈશ્રી ખત્રી કહે છે તેમ, તેના કોઈ પણ ગુણાકારો (multiple) લઇએ તો આવી વધુ સંખ્યાઓ મળી શકે છે.

વાચકોને જાણીને ખૂબ જ રસ પડશે કે નીચેની સળંગ રકમ એવી છે કે તેને છેડે ૧૦ થી ૯૯ સુધીની કોઈ પણ સંખ્યા મૂકશો તો તે સંખ્યામાંથી તે રકમ નિઃશેષ ભાગી શકાશે! ૬૯,૭૨,૦૩,૭૫,૨૨,૯૬,૫૩,૨૧,૧૯,૯૮,૮૫,૦૫,૬૨,૯૩,૫૩,૧૨,૩૦,૩૫,૫૬૮. આ સંખ્યામાં કશું જાદુ નથી. ૧૦ થી ૧૦૦ સુધીની સંખ્યાનો લઘુતમ સાધારણ અવયવ કરીને છેલ્લાં બે મીંડાં કાઢી નાખતાં ઉપરની સંખ્યા

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૧મે)

જેઠ

· અનુષ્ટુપ ·

વૈશાખી ઉષ્ણતા જેવી અષાઢે વર્ષશે ઝડી,
ગ્રીષ્મ–વર્ષા ઋતુઓને જોડતી જેઠની કડી.
અસ્પષ્ટ સોણલાં જેવાં ઘેરાતાં વાદળાં નભે,
વાયરો આથડે દોડે મેઘને લેઇને ખભે!
ઉષા ને સંધિકાના બે તટોની વચમાં વહે
સરિતા ઉષ્ણતા કેરી જોશીલી જગને દહે!
છોગા શો કા'નના પીળો દીસે છે દિન તાપમાં!
રાધાની ઓઢણી જાણે લ્હેરાતી આછી રાતના!
દિનની ઉગ્રતા સર્વે રાત્રિમાં થાય છે લીન,
પતિના ક્રોધનું જાણે કરે છે પત્ની સાંત્વન.
વેદના કેરી લ્હાયે રે પીડાતો દાઝતો દિન!
મૌનના ભારથી કાંઇ મૂંઝાતું રાત્રિનું મન!
રાત્રિ ને દિનરૂપી બે દહાડાની ઢાલની જુદી
બાજુઓ દીસતી રૂડી સોના ને ચાંદીથી મઢી.
પ્રીતના ગીત શું મીઠું મોરલા ગ્હેકતા દૂર,
આભના મોરનાં અશ્રુ...? ધરાની ઢેલ આતુર!!

હેમન્ત દેસાઈ

થઈ જાયે

· ગઝલ ·

તમારા શ્વાસનું એક સંચલન વ્હેતી હવામાં હો,
પછી સઘળી ઋતુમાં ખીલતું ઉદ્યાન થઈ જાયે.
તમારાં બંધ નેત્રોનું કશું સૌંદર્ય, કે તમને
તમારી ખુદ નજર લાગે, જો એનું ભાન થઈ જાયે!
જીવન જીવી રહસ્યો મેળવ્યાં વ્હાલાંનાં મૃત્યુનાં,
કોઇ બે આંખ મીંચે ને બધું વેરાન થઇ જાયે.
પછી સમજાય એને તેજના અંધત્વની સીમા,
સિતારા જોવા સૂરજને કદી અરમાન થઈ જાયે.

હરીન્દ્ર દવે

આઘેરી તો ય

· ગાન ·

આઘેરી તો ય તારું ઊડીને અંતરે વાગે આ વ્હાલભર્યું સ્મિત રે.
કોરા તે હોઠના ખૂણેથી રેલતી રસની આ અણખૂટ ધારા,
નાનેરા ઉરમાં સમ ર ભર્યા તે લિયે હેતના રે આમ હેલારા:
એક ખીલ્યું તે ફૂલ એની ફોરમથી આંગણે સાથિયા સુવાસના ચીતરે.
અધૂરા ભરેલ ઘટ છલકે ઘણા ય ગોરી, આપણે શું આવડું છલકવું?
હોય, મનનું તે માનવી વાટે મળે તો જરા અધખુલ્લા હોઠે મરકવું:
જાગી જુવાની તારાં અંગોમાં માય નહિ, નેનનથી આમ એ તો નીતરે.

કનુ પટેલ

ઊઘડતી કૉલેજે

આ વતી વીસમીએ કૉલેજો ઊઘડશે. આ વખતે કૉલેજમાં પ્રવેશનારાને માથે વિશિષ્ટ જવાબદારી છે. એમનું બીજું સત્ર આરંભાશે તે પૂર્વે તેઓ 'ગુજરાત'ના અલગ રાજ્યના નાગરિકો બની જશે.

છેલ્લાં પંદર વર્ષમાં આવી મહત્ત્વની જવાબદારીના ત્રણ તબક્કા આવ્યા છે: પહેલો ૧૯૪૨નો. એ વર્ષે કૉલેજમાં પ્રવેશનારાને આછી શી કલ્પના જ હતી કે આ વર્ષમાં આપણી ગુલામીની જંજીર ફગાવી દેવાની આખરી લડત આરંભાવાની છે. એ જ વર્ષના ઑગસ્ટમાં 'હિંદ છોડો'નો નાદ ગાજી ઊઠ્યો, અને કૉલેજિયનોએ હસતે મોઢે, શહાદતથી માંડી વર્ષ ગુમાવવાનાં બલિદાનો આપી 'યાદગાર પેઢી'-નું બિરુદ મેળવ્યું. પણ કમનસીબે, ૧૯૪૨ના વર્ષમાં કૉલેજોમાં આવેલાં કૉલેજિયનો, એ છેલ્લાં કૉલેજિયનો છે કે જેમનામાં કેળવણી, રાષ્ટ્રપ્રેમ, વિવેક ને જવાબદારીનું સરખું ભાન હતું.

બીજો તબક્કો ૧૯૪૭નો હતો. એ વર્ષે કૉલેજમાં પ્રવેશનારાને સ્પષ્ટ ભણકારા હતા કે આ વર્ષમાં રાષ્ટ્રના ભાગલા પડવાના છે ને સાથે જ આઝાદી આવવાની છે. પરંતુ એમને જે જવાબદારીનો આરંભ કરવાનો હતો તેમાં તે સદંતર નિષ્ફળ ગયા. કેળવણીના સ્થાને મોજશોખ, રાષ્ટ્રપ્રેમના સ્થાને છીછરાપણું, વિવેકને સ્થાને આછકલાપણું ને જવાબદારીના સ્થાને છોકરમત ત્યારથી નજરે પડવા માંડી છે.

આ ૨૦મી જૂનથી કૉલેજમાં પ્રવેશતા મિત્રોને વિનંતી છે કે, એક કાળે જે સૌમ્ય ને સામર્થ્યવાન તથા વિવેકશીલ ને વૈભવવાન ગુજરાતના ગૌરવની ભારતમાં નામના હતી તેને પુનઃ તે જ સ્થાને બેસાડવાની તકનો આરંભ આ વર્ષથી થાય છે. વૃદ્ધો આપણા બાગને હસ્યિાળો રાખી રહ્યા છે; હવે એ લીલા બાગને રંગીન ફૂલો તમારે આપવાનાં છે.

ખમીર ખંત અને ખેલદિલીના પાયા ઉપર, તમારા જીવનની ઇમારત, શિસ્ત શ્રમ અને શ્રદ્ધાની ઈંટો વડે ઊભી કરી, તેના ઉપર સંયમ સહિષ્ણુતા અને સંપનાં સુશોભનો, તથા નિષ્ઠા નીતિ ને નિપુણતાના નેજા ફરકાવજો.

રાખમાંથી બાગ સર્જનારા, જંગલમાં મંગલ રચનારા લબ્ધપ્રતિષ્ઠ ગુજરાતીઓનું ગૌરવ તમારા હાથમાં છે.

ટકી રહેવું અહીં આ જ સ્થાને
ઉદ્દેશ ના તે પથ આપણાનો,
પહોંચવું છે નકી તે જ સીમા,
કે જેની આગે નવ રાહ કોઇ.

'પ્રબોધન'

પં. નેહરુની વિદેશનીતિને સફળ રીતે જગત સમક્ષ રજૂ કરી દુનિયાના સીમાડાઓ સુધી તેના પડઘા પાડનાર મુત્સદ્દી

વી. કે. કૃષ્ણ

ભારતને સ્વાતંત્ર્ય મળ્યા બાદ વિદેશમાંના રાજદૂત તરીકે પં. નેહરુના વિદેશનીતિના સિદ્ધાન્તોને સક્રિય રૂપે જગત સમક્ષ રજૂ કરતા રહી, દુનિયાભરમાં ભારતનું ગૌરવભર્યું સ્થાન જાળવી રાખનાર, તથા પોતાના સ્તુત્ય પ્રયાસો દ્વારા જગતની ભારત માટેની માનદૃષ્ટિમાં નિરંતર અભિવૃદ્ધિ કરાવતા રહેનાર 'ભારતના વિદેશ ખાતેના યોગ્યતમ પ્રતિનિધિ' તરીકે પ્રખ્યાત બનેલા શ્રી વી. કે. કૃષ્ણમેનન ભારતના મધ્યસ્થ પ્રધાનમંડળમાં હાલ તાજેતરમાં લેવાયા છે તે યોગ્ય જ થયું છે. તેમને કોઈ પણ ખાતું સોંપાયું ન હોવા છતાં, દેશના પ્રધાન દરજ્જે તેમની નિમણૂક કરવામાં આવી છે એ તેમની કાર્યક્ષમતા, રાજકારણપટુતા તથા સામર્થ્યને અંજલિરૂપ છે. શું સંયુક્ત રાષ્ટ્રસમૂહમાં કે શું દેશવિદેશના રાજનીતિજ્ઞોની પરિષદમાં, તેઓ જ્યારે ઊભા થાય છે ત્યારે સૌ પ્રતિનિધિઓ તેઓ શું બોલશે તે સાંભળવા સદા આતુર હોય છે; અને અન્યાયી કાર્યરીતિઓને ચાબખા મારતી એમની વાણી આક્રમક છતાં એટલી જ ભારોભાર રચનાત્મક સૂચનોથી જગત્શાંતિ માટેની શાણપણ તથા ગૌરવભરી ભારતની યોજનાઓથી પુષ્ટ હોય છે.

તેમનો જન્મ મલબારમાં ઈ. ૧૮૯૭માં થયો હતો. ઘરની કૌટુંબિક સ્થિતિ પહેલેથી જ નબળી, એટલે તેમને અભ્યાસ જાતમહેનતે કરવો પડતો. આમ ખંત અને ઉદ્યમપૂર્વક તેમણે પ્રાથમિક શિક્ષણ તો પૂરું કર્યું, પરંતુ હવે સાધન અને સંપત્તિને અભાવે આથી વધુ અભ્યાસ કરવાની શક્યતા રહી નહોતી. વર્ગમાં તો તેઓ હમેશાં ભણવામાં સૌથી આગળ જ રહેતા. માત્ર શિક્ષણવિષયક જ નહિ પરંતુ તેમનો બૌદ્ધિક વિકાસ પણ એ ગાળામાં એટલો તો પરાકાષ્ઠાએ પહોંચેલો કે તેમના જીવનમાં ઊંડે ઊતરનાર દરેકને તેમના જ્ઞાનના અને જીવનના સુયોગ્ય ઘડતર માટે, ઉચ્ચ અભ્યાસ ઉપયોગી જ માત્ર નહિ, અનિવાર્ય જણાતો. અંતે એમની અદમ્ય જ્ઞાનપિપાસા ડૉ. ઍની બેસન્ટ અને જ્યૉર્જ અરુંડેલના જાણવામાં આવી. એ મહાનુભાવોને તેમની ઉચ્ચ અભ્યાસ માટેની લાયકીની અને સાથોસાથ ઉજ્જ્વલ બુદ્ધિપ્રતિભાની યે પ્રતીતિ થતાં વાર લાગી નહિ. તેમણે જોયું કે માત્ર ઉચ્ચ અભ્યાસ જ શ્રી મેનનની જ્ઞાનપિપાસાને તૃપ્ત કરવા પૂરતો નથી, તેમની તેજસ્વી પ્રતિભાને માટે જો સાથોસાથ વિકાસનું બહોળું ક્ષેત્ર ખૂલી શકે તો તેમના જીવનનું ઘડતર યથાર્થ રીતે થઈ શકે. તેમનો વિદેશમાંનો અભ્યાસ જ આ બંને હેતુઓ એકસાથે સારી શકશે તેમ ધારી તેમણે જાતે તેમને ઇંગ્લંડ મોકલવાનો બંદોબસ્ત કરી આપ્યો. ઈ. ૧૯૨૮માં તેઓ લંડનની 'લંડન સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સ'માં દાખલ થયા. અહીં પણ તેમની શિક્ષણ-કારકિર્દી પહેલાં જેવી જ ઉજ્જ્વલતાથી — બલકે અનુકૂળ વાતાવરણ મળતાં વધુ તેજસ્વિતાથી દીપી ઊઠી. એમ. એસસી.ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પસાર કરી તેમણે 'મિડલ ટેમ્પલ'માંથી બૅરિસ્ટરીની ડિગ્રી મેળવી અને લંડનમાં થોડો સમય બૅરિસ્ટર તરીકે કામ પણ કર્યું.

તેમની જાહેર કારકિર્દીનું વહાણું ઇંગ્લંડમાં વાયું. સાચા રાષ્ટ્રવાદીને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે ભેદભાવ હોતા નથી, તેમજ કોઇ પણ રાષ્ટ્રમાં રહીને તેણે કરેલું સ્તુત્ય કાર્ય વાસ્તવમાં તેના રાષ્ટ્રની જ શાન વધારે છે. તેમ શ્રી મેનનની ઇંગ્લંડની કારકિર્દીએ તેમને માત્ર રાષ્ટ્રીય જ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય કીર્તિ મેળવી આપી. તેમનું ઇંગ્લંડ-વાસનું મુખ્ય ધ્યેય ભારતનું સ્વાતંત્ર્ય હતું, છતાં તેઓ નર્યા રાષ્ટ્રવાદી જ નહોતા. વિશ્વના પ્રચલિત પ્રવાહોથી અળગા રહ્યા વિના, જેમાં તેમનું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી શકતું અને જેના દ્વારા પોતાના રાજકીય આદર્શો સિદ્ધ કરવાની તેમની નેમ હતી તે સમાજવાદી કાર્યપ્રણાલી અપનાવીને તેઓ ૧૯૩૦ના ગાળામાં ઇંગ્લંડના સેન્ટ પૅન્ક્રાસના મજૂર પક્ષમાં જોડાયા. ઈ. ૧૯૩૪માં તેઓ તેની કારોબારી સમિતિમાં ચૂંટાઈ આવ્યા અને ઈ. ૧૯૪૭ સુધી તેના સભ્ય રહ્યા. તે દરમ્યાન એકનિષ્ઠ અને અથાગ ખંતીલા કાર્યકર તરીકે તેમણે નામના કાઢી. વચ્ચે થોડા સમય માટે તેઓ આત્યંતિક ઉદ્દામવાદી મજૂર મંડળની કાઉન્સિલના સભ્ય બનેલા.

તેમનું જીવન ઘણું સાદું રહેતું. કૅમડેનમાં એક સાદા ઓરડામાં અત્યંત મર્યાદિત સાધન-સરંજામ સાથે એક અપરિગ્રહીની પેઠે તેઓ રહેતા. ૧૯૩૦ પછીના ગાળામાં તેઓ યુનાઇટેડ ફ્રન્ટ કૅમ્પેઇનની કારોબારીમાં, લઘુમતી ધરાવતા ઉદ્દામવાદી અને મધ્યમ વર્ગના બુદ્ધિજીવીઓના વર્ગના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ તે પછી એ ક્ષેત્રમાં તેમને રંગદ્વેષને કારણે સફળતા મળી નહિ. ઇ. ૧૯૩૮માં દેલ્હી તેઓ જ્યારે મજૂર પક્ષની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા ત્યારે તો મજૂર-પક્ષીય પત્ર 'ડેઈલી વર્કર'ના એક મેળાવડામાં હિંદુસ્તાન વિષે બોલવા બદલ તેમની ઉમેદવારી જ રદ કરાએલી!

પણ આ બધી અનેક ભરચક પ્રવૃત્તિઓ દરમ્યાન પણ તેઓ ભારત-સ્વાતંત્ર્યનું પોતાનું ધ્યેય ભૂલ્યા ન હતા, બલ્કે તે ધ્યેયને સિદ્ધ કરવા જ અવિશ્રાન્તપણે મથ્યા કરતા હતા. દેશ-સ્વાતંત્ર્યની તેમની સઘળી પ્રવૃત્તિઓનું કેન્દ્ર ઈ. ૧૯૨૯માં તેમણે લંડનમાં સ્થાપેલી 'ઇંડિયા લીગ' હતી. ઇંગ્લંડ અને અન્ય વિદેશોમાં ભારતનું માન અને મોભો અક્ષત તેમજ અખંડ જાળવી રાખવામાં એ સંસ્થાએ સૌથી મોટો ફાળો આપ્યો છે. ઈ. ૧૯૩૫-'૩૬ના પ્રવાસ દરમ્યાન પં. નેહરુને પણ તેમની શક્તિ અને કામગીરીનો પ્રથમ પરિચય લંડનમાં એ 'ઇંડિયા લીગ' પરથી જ મળેલો. અને પછી તો એમણે પંડિત નેહરુનો એટલો વિશ્વાસ સંપાદન કર્યો કે ઈ. ૧૯૪૭માં સ્વાતંત્ર્ય મળતાં તેઓ જ યુનાઇટેડ કિંગ્ડમ ખાતેના સ્વતંત્ર ભારતના પહેલા હાઈ કમિશ્નર નિમાયા. આ હોદ્દો તેમણે ૧૯૫૨ના જુલાઈ સુધી સંભાળેલો.

ઈ. ૧૯૪૬માં 'યુનાઇટેડ નેશન્સની જનરલ ઍસેમ્બ્લી' (સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભા) માટે ન્યૂ યૉર્ક ગએલા પ્રથમ ભારતીય પ્રતિનિધિ મંડળમાં પણ તેમને લેવામાં આવેલા, અને ત્યાં ધીમેધીમે એમની શક્તિ પ્રકાશી ઊઠી. અંતે જનરલ ઍસેમ્બ્લીની ઈ. ૧૯૫૨માં મળેલી બેઠક વખતે ભારતીય પ્રતિનિધિ તરીકે તેમણે કોરિયાના અતિ ગૂંચવાએલા અને પરેશાન કરનારા કોકડાના ઉકેલ અંગે જે યોજના રજૂ કરી તેથી દેશેદેશના મુત્સદ્દીઓનું લક્ષ ખેંચાયું, અને અંતે એમની એ યોજના જ કોરિયામાં યુદ્ધ-તહકૂબીના પાયાના સિદ્ધાન્ત તરીકે સાકાર બની. પછી ઈ. ૧૯૫૩માં તો જનરલ ઍસેમ્બ્લીની ૮મી બેઠકમાં હાજરી આપવા ગએલા ભારતીય પ્રતિનિધિમંડળના નેતા તેમને જ ચૂંટવામાં આવ્યા. ઈ. ૧૯૫૪ના જૂનમાં ભરાએલી જિનીવા પરિષદમાંની તેમની હાજરીએ તથા જુદાજુદા નેતાઓ સાથેના તેમના સંપર્કે હિંદી ચીનની આગ અટકાવવા માટેનું કબૂલાતનામું તૈયાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો. ભારતીય પ્રતિનિધિ તરીકેની તેમની એ પરિષદમાંની કામગીરી, ત્યાં હાજર રહેલા સહુ નેતાઓની પ્રશંસાને પાત્ર થઈ હતી.

જીવનના ઘડતર અને કારકિર્દીના કાળનો મોટો ભાગ પશ્ચિમમાં જ વિતાવ્યો હોવા છતાં તેઓ પશ્ચિમી જીવનપ્રણાલીઓથી તદ્દન

મેનન




અલિપ્ત અને ભારતીય જીવનપ્રણાલી મુજબના સાદા અને સંસ્કારી જીવનના આગ્રહી રહ્યા છે. તેઓ ચુસ્ત શાકાહારી તથા નિર્વ્યસની છે.

તેમની બહુમુખી પ્રતિભાના વિશાળ વર્તુલમાં સાહિત્ય અને પત્રકારત્વનાં ક્ષેત્રો પણ આવી જાય છે. અંગ્રેજી સામયિક 'ટ્વેન્ટીએથ સેન્ચરી'ના સંપાદક તરીકેની તેમની શક્તિને લીધે તથા સર્વદેશીય વિષયોના તેમના સમર્થ સંપર્કને લીધે ઈ. ૧૯૪૦–'૪૨માં ઇંગ્લંડની જાણીતી પ્રકાશનમાળા 'પેલિકન' પુસ્તકોના સંપાદક તરીકે તેઓ નિમાએલા. વિદ્યાર્થીઓની પ્રવૃત્તિમાં તેમને પહેલેથી જ અખૂટ રસ છે ને તેના પરિણામ રૂપે લંડનમાં તેમણે હિંદી વિદ્યાર્થીઓ માટે સંખ્યાબંધ હોસ્ટેલો બંધાવી છે. તેમની પ્રભાવશાળી વક્તૃતા અને સુતીક્ષ્ણ બુદ્ધિમત્તાએ તો તેમને માટે આંતરરાષ્ટ્રીય આકર્ષણ જમાવ્યું છે. પં. નેહરુની વિદેશનીતિને સંપૂર્ણપણે સમજી પચાવી શકનાર શ્રી મેનને દુનિયાના સીમાડાઓ સુધી તેના પડઘા પાડ્યા છે અને તેને સફળ બનાવવામાં તેમણે આજીવન સક્રિય ફાળો આપ્યો છે. આજે જ્યારે તેમની શક્તિ સ્વદેશમાં જ સર્જનકાર્ય તરફ વળી છે ત્યારે દેશને દિવસરાત મૂંઝવતા અનેક વિકટ પ્રશ્નો, મુસીબતો અને ગૂંચવણોના ઉકેલમાં તેમનો ફાળો મૂલ્યવાન બની રહેશે.

ઈડર પ્રદેશનાં રોડાનાં મંદિરો

(અનુસંધાન પૃ. ૨૧૩થી)



છતાં જે થોડી આબાદી રહી હશે તેનો અલાઉદ્દીન ખિલજી તથા પાછળની મુઘલ અને ગુજરાત સલ્તનતે ઈડર સામેનાં આક્રમણો વખતે આ તરફનાં બીજાં સ્થળોની માફક નાશ કર્યો હશે. અહીંથી નાસી છૂટેલા વતનીઓના વંશજો લાડ તથા દિગંબરો હજી પણ ઠેઠ દક્ષિણથી અહીંના પ્રાચીન કુંડમાં આવેલી લાડેશ્વરી માતાએ બાધા ઉતારવા આવે છે.

આ લેખની શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે આ મંદિરોનું સ્થાપત્ય ગુપ્ત કાળની શૈલીનું લાગે છે. મંદિરોની ભીંતો, બારણાં, સ્તંભો ને છતનું ઊંડું અને સુંદર વેલબુટ્ટીઓનું કામ તથા શાસ્ત્રશુદ્ધ મૂર્તિઓ ઉત્કૃષ્ટ છે.

શિલ્પ-સ્થાપત્યના અભ્યાસીઓ, કલારસિકો તથા પુરાતત્ત્વવિદોને આ સ્થળની મુલાકાતથી ઘણું જાણવા મળે તેમ છે. આશા છે કે આ સ્થળના સંરક્ષણ માટે ગતિમાન થએલાં ચક્રોનું સારું પરિણામ આવશે અને ગુજરાતના એક દૂરના અજાણ્યા ખૂણામાં આવેલા, તેની પ્રાચીન સંસ્કૃતિના આ મોંઘા અવશેષો ભારતનાં પ્રાચીન સંરક્ષિત સ્મારકોમાં પોતાનું યોગ્ય સ્થાન મેળવશે.



છેક મથાળે: રોડામાં કુંડની અંદરની દેરાના મથાળાનો પીપળ-પાન આકારનો ઘાટ તથા કોતરણી; અહીં ઉપર: મંદિરના સ્તંભની કુંભી ઉપરનાં કમાન આકારનાં શોભન તથા (નીચે) દીવાલ પરની કંદોરાની ભાતનો નમૂનો.

ઈડર પ્રદેશનાં રોડાનાં મંદિરો

લેખક અને છબિકાર : દેવશંકર મોતીરામ રાવળ
ભૂતપૂર્વ ઇડર રાજ્યના પુરાતત્ત્વ ખાતાના નિરીક્ષક



કુંડ ઉપરનું મંદિર


આ પણા ગુજરાતનાં પ્રાચીન મંદિરોમાં ચાલુકયોના સમયના શિલ્પસ્થાપત્યના ઉત્તમ નમૂના રૂપ દ્વારકાનું રણછોડજીનું મંદિર, વડનગરનું શ્રી હાટકેશ્વરનું મંદિર, આબુ પર દેલવાડાનાં જૈન દહેરાં, ઈડર પ્રદેશનું શામળાજીનું મંદિર અને એવાં બીજાં ઘણાં હશે, પરંતુ ગુપ્ત યુગના શિલ્પસ્થાપત્યના નમૂના જૂજ છે; અને તેથી જ ઇડર રાજ્યના—અને હાલ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય શહેર હિંમતનગરની પૂર્વે, ૧૧ માઈલ ઉપરના ગામ જાંબુડીની પૂર્વમાં, ભીલોડા મોટર સર્વિસ રોડ ઉપરના 'રોડા' નામના એક નાનકડા ગામ નજીક આવેલાં પાંચ પ્રાચીન ભગ્ન મંદિરો તથા કુંડ, એવા વિરલ અવશેષો તરીકે ગુજરાતની મોંઘી ને મહત્ત્વની મૂડી છે.

આ અને એવા બીજા આ પ્રદેશના અવશેષો પ્રત્યે વિદ્વાનોનું લક્ષ સૌ પ્રથમ જૂના ઇડર રાજ્યના કેળવણી તથા પુરાતત્ત્વખાતાના અધિકારી શ્રી પંઢરીનાથ ઈનામદારે 'ઈડર રાજ્યના પુરાતન અવશેષો' નામક સચિત્ર પુસ્તિ[illegible] દ્વારા ખેંચ્યું હતું અને તેનાં બારણાં, સ્તંભો તથા દીવાલો ઉ[illegible] અભિનયયુક્ત મૂર્તિઓ તથા કળામય વેલ-બુટ્ટીઓના પ્લાસ્ટર-કાસ્ટ (ઢાળાના નમૂના) કઢાવી હિંમતનગરના સંગ્રહસ્થાનમાં રાખ્યા હતા, જે હાલ વડોદરા મ્યૂઝિયમમાં લઇ જવામાં આવ્યા છે. એ વડોદરા સેન્ટ્રલ મ્યૂઝિયમના ક્યુરેટર જર્મન પુરાતત્ત્વવિદ્ ડૉ. ગઅટ્ઝ આ સ્થળો જોવા આવેલા ત્યારે મંદિરોને દૂરથી જોતાંવેંત જ મોટરમાંથી ઊતરી જાળાંઝાખરાં વચ્ચે દોડવા લાગ્યા હતા અને તેની કારીગીરી જોઈ મંત્રમુગ્ધ બની ગયા હતા. ભારત સરકારના પુરાતત્ત્વખાતાના એક વખતના ડાયરેક્ટર જનરલ સ્વ. કે. એન. દીક્ષિતે પણ આ મંદિરો જોઇ તેનું સંરક્ષણ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ બીજા વિશ્વયુદ્ધના કારણથી તે કામ તે વખતે થઇ શક્યું નહોતું પણ હવે એ વ્યવસ્થા થઇ ગઇ હોવાના સમાચાર મળ્યા છે.

આ મંદિરો કોઈ નાશ પામેલા અતિ પ્રાચીન નગરના અવશે[illegible] છે તે તો બીજાં નાશ પામેલાં મંદિરોના ટીંબા તથા આસપાસનાં ખેતરોમાં પડી રહેલા ગ્રેનાઈટના ખાંડણિયા, લગભગ એક હાથ લાંબી જૂ[illegible] વખતની ઈંટો તથા માટીનાં વાસણોના અવશેષો ઉપરથી સહેજે જણાઈ આવે છે. અહીં મળી આવતી એવી જૂની ઈંટો તથા પથ્થરોનાં રોડાંની વિપુલતાને કારણે જ પાસેના ગામડાનું નામ પણ 'રોડા' પડયું છે.

આ સ્થળનો ઇતિહાસ જાણવામાં મદદરૂપ થાય તેવું કોઈ તામ્રપત્ર કે શિલાલેખ હજી સુધી મળેલ નથી; માત્ર આ મંદિરોમાંથી પાસેના ગામ 'ખેડ'ના મંદિરના પીપળાના ઝાડ નીચે લાવી મૂકેલી પશુપતિની મૂર્તિ નીચે કોતરેલો એક નાનો લેખ મળી આવેલો છે, તેમાં એ મૂર્તિની સ્થાપના સં. ૧૧૬૦ના ફાગણ સુદી પના રોજ કરેલી હોવાનું જણાવ્યું છે. એટલે આ સ્થળની આબાદી તો તે પહેલાં પણ ઘણો કાળ હશે એટલું તો નક્કી થાય છે. ઇડરના એક સ્વર્ગસ્થ વૃદ્ધજન વર્ધમાન શાહ આ સ્થળનું નામ 'ક્ષેત્ર ચંદનાવતી' હતું એમ કહેતા, અને હાલનું નજીકનું ગામ 'ખેડ-ચાંદરણી' તેનું જ અપભ્રંશ હોય એમ ઘટાવી શકાય.

પ્રો. રામપ્રસાદ શુક્લે 'સંસ્કૃતિ'ના જુલાઈ '૪૯ના અંકમાંના લેખ 'વલભીકાળના ઉત્કીર્ણ લેખો'માં આ પ્રદેશનાં ઘણાં પ્રાચીન ગામોના નામોનું હાલ મોજૂદ ગામોનાં નામો સાથે મળતાપણું સાબિત કરીને આ સ્થળ મધ્ય યુગમાં 'ખેટકાહાર'–એટલે આ તરફના પ્રાંતીય વિભાગનું મુખ્ય નગર અને પ્રાચીન કાળનું 'ચંદનક્ષેત્ર' હોવાનો સંભવ બતાવે-





લો છે. એટલે આ સ્થળ ગુપ્તકાળમાં પણ આબાદ હોવું જોઇએ.

ઈડરનો ઇતિહાસ કહે છે કે સૌરાષ્ટ્રમાં આવેલા વલભીપુરનો ('કલેશકરી-કેશમાર્જની'ના કારણથી)છઠ્ઠા સૈકામાં યવનોને હાથે નાશ થતાં ત્યાંના રાજા શીલાદિત્યની રાણી, જે તે સમયે અંબાજી માતાની યાત્રાએ ગએલી તેને, ઈડરના ડુંગરોમાં રોકાઈ જવું પડેલું અને તે સગર્ભા હોવાથી તેને ત્યાં જ પહાડની ગુફામાં પુત્રનો જન્મ થએલો. ત્યાર પછી તુરત જ એ રાણી બાળ કુંવરને વડનગરની એક નાગર બાઇને સોંપી પોતાના સ્વામી પાછળ સતી થઈ. ગુફામાં જન્મ થવાથી ગુહા તરીકે ઓળખાતો એ કુંવર, મોટો થતાં ઈડરના આદિવાસી રાજા પાસેથી ઇડરનું રાજ્ય મેળવી ગુહાદિત્ય નામ ધારણ કરી ગાદીએ બેઠો.

આ વંશના રાજાઓએ વલભીપુર જેવા મહાન નગરમાં રાજ્ય કરેલું હોવાથી, 'ધાધાં જીણ પાબિસર પાન, ન ભાવે નેનકડે નડે' એ કહેવત અનુસાર, તેમને ઈડરનું સ્થળ મોટા નગર તરીકે વિકાસ માટે યોગ્ય ન જણાવાથી પોતાના જૂના સરદારો અને શ્રેષ્ઠીઓની સલાહથી 'હાથમતી' અને 'ઘઉંઆવ' નદીઓ ઉપરનું અને બાજુના ડુંગરોથી સુરક્ષિત આ વિશાળ મેદાનવાળું પ્રાચીન સ્થળ રાજ્યના બીજા નગર તરીકે પસંદ કર્યું, અને ત્યાં પોતાનાં પાલક માબાપની જાતના નાગરો તથા અન્ય શ્રીમંતો જેમાંના ઘણા વલભીપુરથી નાસી છૂટેલા હાટના વતનીઓ પણ હશે તેમને આ સ્થળે વસાવી મોટું નગર રચ્યું. પરંતુ આ વંશના આઠમા રાજા નાગાદિત્યનું પહેલાંનું ભિલ્લ વંશના ભાયાતોને હાથે મરણ થતાં કુટુંબીઓએ તેના બાળ કુંવર બાપા રાવળને રક્ષણ માટે મેવાડના ડુંગરોમાં ખસેડ્યો, જ્યાં તેણે મોટો થતાં મેવાડનું રાજ્ય કબજે કરવા ઉપરાંત ઉત્તર હિંદનો ગઝની સુધીનો મુલક જીતી લીધો અને એક મહાન રાજા તરીકે પ્રખ્યાત થયો.

અહીં ઈડરના ખાલી પડેલા રાજ્યનો તે સમયના બળવાન પ્રતિહારોએ નવમા સૈકામાં કબજો લીધો અને તેમણે પણ આ સ્થળને સારી રીતે વિકસાવ્યું અને ઘણાં સુંદર મંદિરો બંધાવ્યાં, જેમાં, લોકવાયકા પ્રમાણે, સૂર્યમંદિર ઘણું મોટું ને સુંદર હતું. એ વિનષ્ટ સૂર્યમંદિરના ભગ્ન સ્તંભો, સૂર્યની મૂર્તિઓ વગેરે અવશેષો હિંમતનગર મ્યૂઝિયમ માટે લાવવામાં આવેલા તે હમણાં જ વડોદરા લઈ જવામાં આવ્યા છે.

આમ, શીલાદિત્યના વંશજો અને પ્રતિહાર રાજાઓને હાથે આ સ્થળ પૂર્ણ વિકાસને પામ્યું. પરંતુ બારમા સૈકામાં તે વખતનો પ્રતિહાર રાજા અમરસિંહ, દિલ્હીના પૃથ્વીરાજ ચૌહાણના શાહબુદ્દીન ઘોરી સામેના યુદ્ધમાં પૃથ્વીરાજના બનેવી મેવાડના રાણા સમરસિંહની સાથે એક હજાર ઘોડેસવારો લઇને ગએલો, તે એ યુદ્ધમાં ખપી ગયો. તેની બહાદુરીનું વર્ણન પૃથ્વીરાજ રાસામાં ઘણી સુંદર રીતે વર્ણવાયું છે.

એના મરણ બાદ ઘોરીએ મેવાડના પેઠે ઈડર ઉપર પણ હુમલો કરતાં આ વિશાળ નગરનો નાશ થયો હશે એમ મનાય છે.(અનુ.પૃ.૨૧૧મે)



સામેના પાના તથા આ પાનાની નીચે : ઈડરની પાસે રોડા નામના ગામે(જુઓ ઉપરનો નકશો)આવેલાં ૧૦માથી ૧૫મા સૈકાનાં પ્રાચીન મંદિરોમાંની, દેવદેવીઓ, તથા નર્તિકાઓ આદિની, આવેગ અને લાલિત્યભરી સુંદર મૂર્તિઓ પરથી ઢાળેલી પ્લાસ્ટરની પ્રતિકૃતિઓ. આ પાનાને મથાળે : ખેડ ગામના મંદિર પાસે પડેલી પશુપતિની મૂર્તિ નીચેનો સં. ૧૧૬૦ની સાલનો શિલાલેખ



ડિટેક્ટિવ વાર્તા ઇન્દ્રજાળ

ગિરીશ વિ. દેસાઈ

સ્કૉટલૅંડ યાર્ડના ઇન્સ્પેક્ટર મૅકડોનલ્ડની ઑફિસનું બારણું ઉઘાડી ડૉ. સ્કૉટે પૂછ્યુ,'હું અંદર આવી શકું?'

'જરૂર જરૂર.' કહી ઈન્સ્પેક્ટરે ડૉ. સ્કૉટને આવકાર આપ્યો અને ખુરશી તરફ આંગળી ચીંધી. ડૉ. સ્કૉટે બેઠક લીધી એટલે ઇન્સ્પેક્ટરે પ્રશ્ન કર્યો. 'આપનો પરિચય?'

'મારું નામ ડૉ. જ્યૉર્જ સ્કૉટ. મારી પત્નીનો પત્તો મેળવવા માટે મારે આપની સહાયતા જોઈએ છે.'

'જરા એક મિનિટ.' કહી મૅકડોનલ્ડે ઘંટડી વગાડી પોતાના મદદનીશ સ્મિથને બોલાવ્યો. સ્મિથ ડાયરી તથા પેન્સિલ લઈ તૈયાર થઈ ગયો એટલે મૅકડોનલ્ડે ડૉ. સ્કૉટ તરફ ફરીને કહ્યું, 'આપ હવે અમને પૂરેપૂરી વિગત જણાવો.' ડૉ. સ્કૉટે ખોંખારો ખાઇને ગળું સાફ કર્યું અને વિગત કહેવા માંડી.

'આજથી બરોબર પંદર દિવસ પહેલાં, એટલે કે સાતમી તારીખે, મારી પત્ની ઇલિઝાબેથ બપોરના ૨-૩૦ વાગ્યે અમેરિકા જવા માટે બંદર પર જવા રવાના થઈ. દર વર્ષે તે અમેરિકા જતી હોવાથી હું તેને મૂકવા માટે જતો ન હતો. તે ટૅક્સીમાં બેસીને ગઇ તે ગઈ. સાત-આઠ દિવસ વીતી ગયા છતાં તેનો પત્ર ન આવ્યો, એટલે મેં તેની બહેન મેરીને સરનામે અમેરિકા એર મેઈલ પત્ર લખ્યો. મેરીએ જવાબ વાળ્યો કે ઇલિઝાબેથ અહીં આવી જ નથી! હું એકદમ ગભરાઈ ગયો. મેરીનો પત્ર મને લગભગ ત્રણેક દિવસ પછી મળ્યો, એટલે કુલ દસ-અગિયાર દિવસ એમ ને એમ જ પસાર થઇ ગયા. ચારપાંચ દિવસ સુધી તો મેં એનાં મિત્રો તથા સગાંસંબંધીઓને ત્યાં તપાસ કરી, પણ જ્યારે કશા જ સમાચાર ન મળ્યા ત્યારે આપની પાસે આવ્યો. ઇન્સ્પેક્ટર, જેમ બને તેમ જલ્દી મારી પત્નીને શોધી કાઢો.' કહેતાં ડૉ. સ્કૉટની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'ડૉ. સ્કૉટ, આપે અમને આટલે વખતે પણ ખબર આપી તે બહુ સારું કર્યું. હવે આપની પત્નીનું વર્ણન આપ અમને આપો. સાથે ફોટો આપશો તો બહુ જ ઉપયોગી નીવડશે.'

'આપને માટે ફોટો તો લઈને જ આવ્યો છું.' કહી ડૉ. સ્કૉટે ખિસ્સામાંથી ફોટો કાઢીને ઇન્સ્પેક્ટરના હાથમાં મૂક્યો. ઇન્સ્પેક્ટર ઘડીભર તેને નિરખી રહ્યો. 'હવે આપ આપનાં પત્નીના વર્ણનની વિગતો જણાવો.' મદદનીશે ડૉ. સ્કૉટને કહ્યું અને તેણે પ્રશ્નો પૂછવા માંડ્યા:

'ઊંચાઈ?' — '૫ ફૂટ ૩ ઇંચ.'
'વાળનો રંગ?' — 'સોનેરી'
'આંખનો રંગ?' — 'નીલો'
'કંઈ ખાસ નિશાની?' — 'ના જી'
'ખાસિયત?' — 'નહિ.'

'બંદર પર જવા નીકળ્યાં ત્યારે કેવો પોષાક પહેરેલો?' ડૉ. સ્કૉટે જરા વિચાર કર્યા બાદ જવાબ આપ્યો, 'લીલા રંગનું ફ્રૉક અને તેના પર કાળો પટ્ટો બાંધેલો, તથા લાલ સૅન્ડલ પહેરેલાં. કપડાં પર લૉન્ડ્રીનો માર્ક છે. E.G.S. મદદનીશે વિગતો ડાયરીમાં નોંધી લીધી.

થોડી વારની શાંતિ બાદ ઇન્સ્પેક્ટરે કહ્યું, 'આપ સ્ટીમર અંગેની વિગતો અમને જણાવો.' ડૉ. સ્કૉટે ગળું સાફ કરીને વાત કરવા માંડી: 'પી. ઍન્ડ ઓ.ની સ્ટીમર એસ.એસ. સ્ટૅફર્ડની સાતમી તારીખની સેકંડ ક્લાસની ટિકિટ લીધી હતી. સ્ટીમર સાંજના પાંચ વાગ્યે ડૉક નં.૬માંથી ઊપડવાની હતી. વીસા પંદર દિવસ પહેલાં કઢાવ્યો હતો.'

'તમે બંદર પર તપાસ કરી હતી?'

'હા; પરંતુ ત્યાંના રજિસ્ટરમાં એનું નામ જ નથી; તેમજ દાક્તરી તપાસ અંગેનું પ્રમાણપત્ર તેના નામ પર અપાયું નથી. સ્ટીમર ઊપડી તે વખતે સેકંડ ક્લાસની કૅબિન નં. ૮ ખાલી હતી એમ બંદર પરના અધિકારીઓએ જણાવ્યું. આ ઉપરથી એમ નક્કી થાય છે કે તે ઘર અને બંદર વચ્ચે ગુમ થઈ છે.' ડૉ. સ્કૉટે ઇન્સ્પેક્ટર સમક્ષ દૃષ્ટિ કરી. ઇન્સ્પેક્ટરે તેની વાતને અનુમોદન આપતાં કહ્યું 'આપનું અનુમાન સાચું છે. હ...પણ તેઓ જતાં પહેલાં કોઈને મળેલાં ખરાં?'

'ના, છેલ્લે તેની તબિયત બરોબર નહોતી રહેતી, તેથી તે ખાસ બહાર જતી જ નહોતી. મને યાદ છે ત્યાં સુધી ચોથી તારીખે સવારે દસ વાગ્યે એની બહેનપણી મિસિસ જોન્સનો ટેલીફોન આવેલો. ત્યાર પછી ન તો કોઈનો ટેલીફોન આવેલો કે ન કોઈ તેને મળેલું.'

'ટૅક્સીનો નંબર આપને યાદ છે?'

'આવો બનાવ બનશે એવો ખયાલ કંઇ મને ઓછો હતો? ટૅક્સીનો નંબર મેં જોયો જ નહોતો, ટૅક્સીડ્રાઈવરનો ચહેરો પણ યાદ નથી.'

'તેઓ જવા નીકળ્યાં ત્યારે સાથે કંઇ 'જોખમ' હતું ખરું કે?'

'ખયાલ નથી; પણ આગલે દિ' તે લૉઇડ્ઝ બૅંકમાંથી પૈસા લાવેલી.'

'એમનાં મિત્રો તથા સગાંસંબંધીઓનાં સરનામાં આપશો તો આભારી થઇશું.' કહી ઇન્સ્પેક્ટરે ડૉ. સ્કૉટની આંખોમાં આંખો પરોવી.

'એનાં મિત્રો ઉપર શંકા લાવવી નકામી છે. એ બિચારી એટલી ભલી હતી કે એને કોઇ દુશ્મન જ નહિ હોય.' વાક્ય પૂરું કરતાંની સાથે જ ડૉ. સ્કૉટ ચોધાર આંસુએ રડી પડ્યો.

'ડૉ. સ્કૉટ હું તમારી લાગણી સમજી શકું છું. આમાં કોઇના પર શંકા લાવવાનો સવાલ જ નથી. આ તો અમારી તપાસમાં અમને મદદકર્તા થઈ પડે માટે જ હું તમારી પાસે સરનામાં માગું છું.' ઇન્સ્પેક્ટરે એકદમ નરમાશથી ડૉ. સ્કૉટને કહ્યું. રૂમાલ વડે આંખો લૂછીને ડૉ. સ્કૉટે મિસિસ જોન્સ તથા ઇલિઝાબેથની બહેન મેરી વગેરેનાં સરનામાં લખાવ્યાં. પોતાનું સરનામું તથા ટેલીફોન નંબર પણ આપ્યાં. પછી ઇન્સ્પેક્ટર તરફ ફરી પૂછ્યું, 'હજી કંઈ વિગતો જાણવી બાકી છે?'

'ખાસ કંઈ છે નહિ; પણ...મેરીએ આપને લખેલો પત્ર અમને આપ આપી શકો તો...' ડૉ. સ્કૉટે ખિસ્સાં ફંફોળીને કાગળ શોધી કાઢ્યો અને ઈન્સ્પેક્ટરના હાથમાં મૂક્યો. પછી ઊભા થઈ ઇન્સ્પેક્ટર તરફ હાથ લંબાવતાં કહ્યું, 'થૅંક્યુ ઇન્સ્પેક્ટર, હવે હું રજા લઈશ.' ઇન્સ્પેક્ટર ડૉ. સ્કૉટને બારણાં સુધી વળાવવા ગયો. બહાર નીકળતાં ડૉ. સ્કૉટને તેણે કહ્યું. 'ડૉ. સ્કૉટ, આપ ધીરજ રાખશો. આપનાં પત્નીનો પત્તો જરૂર મળશે.'

'થૅંક્યુ ઇન્સ્પેક્ટર.' કહી ડૉ. સ્કૉટ રવાના થયો. તેની પીઠ પાછળ તાકી રહેલો ઇન્સ્પેક્ટર ઊંડા વિચારમાં પડી ગયો અને ખુરશી પર બેસીને સિગારેટના ધુમાડાના ગોટા કાઢવા લાગ્યો.

અરધો પોણો કલાક પછી તેની તંદ્રાનો ભંગ થયો. તેણે ઘંટડી વગાડી મદદનીશ સ્મિથને બોલાવ્યો અને તેના કાનમાં કંઈક સૂચના આપી.

(૨)

'મિસિસ જોન્સ ઘરમાં છે કે?' ઇન્સ્પેક્ટર મૅકડોનલ્ડે બારણું ઉઘાડવા આવેલી નોકરાણીને પૂછ્યું.

'હા જી; આપનું નામ?' ઇન્સ્પેક્ટરે પોતાનું કાર્ડ તેના હાથમાં મૂક્યું; અને નોકરાણી તેને બેસવાનું કહી મિસિસ જોન્સને ખબર

બાપવા અંદર ગઈ એટલે ઇન્સ્પેક્ટરે ચારે તરફ નજર ફેરવી. સર્વ વસ્તુઓ શ્રીમંતાઈની સાક્ષી પૂરતી હતી. થોડી વારે મિસિસ જોન્સ બહાર આવી. ઈન્સ્પેક્ટરે ઊભા થતાં કહ્યું, 'ગુડ મૉર્નિંગ, મિસિસ જોન્સ.'

'ગુડ મૉર્નિંગ ઇન્સ્પેક્ટર.'

'માફ કરજો, આપને મિસિસ સ્કૉટના કિસ્સા અંગે તકલીફ આપવી પડે છે.' ઈન્સ્પેક્ટરે કહ્યું. એ સાંભળતાં જ મિસિસ જોન્સે આશ્ચર્ય બતાવ્યું : 'મિસિસ સ્કૉટનો કિસ્સો...?' પછી જરા વિચાર કર્યા બાદ તે બોલી, 'પ...ણ તે તો અમેરિકા ગઈ છે ને?'

'તેઓ અમેરિકા જવા માટે નીકળ્યાં હતાં ખરાં, પરંતુ રસ્તામાં જ ક્યાંક ગુમ થયાં છે.' ઇન્સ્પેક્ટરે સ્પષ્ટતા કરી.

'શું કહો છો?' મિસિસ જોન્સ ચોંકી ઊઠી. ઈન્સ્પેક્ટરે જવાબ આપવાને બદલે સવારનું છાપું ઉઘાડીને ઇલિઝાબેથના વર્ણન સાથેનો ફોટો બતાવ્યો. મિસિસ જોન્સની આંખમાં આંસુ આવી ગયાં. તે એકદમ બોલી ઊઠી, 'ઇન્સ્પેક્ટર, ઇલિઝાબેથ એટલી ભલી હતી કે તેનો કોઈ દુશ્મન જ ન હોઈ શકે.'

'અમેરિકા ગયાં તે પહેલાં તમે તેમને મળેલાં ખરાં?' કહીને ઈન્સ્પેક્ટરે મિસિસ જોન્સના મોં પરના ભાવ વાંચવાનો પ્રયત્ન કર્યો.

'ના, હું મળી નહોતી, પણ ચોથી તારીખે તેને ટેલીફોન કર્યો હતો. તે વખતે તેણે મને જણાવ્યું હતું કે પોતાની તબિયત હમણાં સારી રહેતી ન હોવાથી પોતે પંદરવીસ દિવસ બાદ અમેરિકા જવાનો વિચાર રાખે છે. મારે મારી બહેનપણી માટે થોડીઘણી ભેટો એની સાથે મોકલવી હતી. ત્યાર બાદ સાતમી તારીખે હું અને મારા પતિ તેની તબિયતના ખબર કાઢવા ગયાં હતાં. ત્યારે ડૉ. સ્કૉટને એકલા ઘરમાં જોઈ મને જરા નવાઈ લાગી. તેમણે મને જણાવ્યું કે તે તો અમેરિકા ગઈ છે. પછી બહુ જ મોડું થઈ ગયું હોવાથી અમે તરત પાછાં ફર્યાં.'

'વારુ.' કહી ઇન્સ્પેક્ટર જરા વિચારમાં પડી ગયો : 'તમે ત્યાં પહોંચ્યાં ત્યારે કેટલા વાગ્યા હતા એનો તમને ખયાલ છે?'

'લગભગ સાડા આઠ થયા હશે.'

'મિસિસ જોન્સ, એ બંનેના સંસાર વિષે તમારું શું મંતવ્ય છે!

'બન્નેનો સંસાર અત્યંત સુખી હતો. ઇલિઝાબેથ બહુ જ માયાળુ હતી અને ડૉ. સ્કૉટ પણ તેના પર ખૂબ જ હેત રાખતા હતા.'

'તમને એમનાં મિત્રો વિષે કૈં માહિતી છે?'

'ખાસ નહિ; પરંતુ એટલું તો કહી શકું કે તેને કોઈની સાથે દુશ્મનાવટ નહિ હોય.'

'તેને ઓળખવા માટેની કોઇ ખાસ નિશાની તમે આપી શકશો?

'તેના પેટ પર ઑપરેશનનો ચોરો છે. બાકી તો કોઈ નિશાની નથી.'

'મિસિસ જોન્સ, તમે મને ઘણી મદદ કરી છે. આશા રાખું છું કે ભવિષ્યમાં પણ તમે કરશો. દરેક પોલીસ સ્ટેશન પર ઇલિઝાબેથનું વર્ણન મોકલી દીધું છે. આશા રાખું છું. કે બહુ જ જલ્દી પત્તો મળી જશે.' કહેતાં ઈન્સ્પેક્ટરે શાંતિભર્યા સ્વરે વાત પૂરી કરી.

(૩)

'મિ. સ્મિથ, ઇલિઝાબેથ અંગે કોઇ રીપોર્ટ મળ્યો છે ખરો?'

'ના, ઈન્સ્પેક્ટર; પણ અમારી તપાસમાં થોડી વિગતો મળી છે.'

'એ કહો તો.' કહી ઈન્સ્પેક્ટરે સિગારેટ કાઢીને સળગાવી.

'સ્ટીમરની ટિકિટ તથા કૅબિન અંગે ડૉ. સ્કૉટે આપેલી વિગતો તદ્દન સાચી છે. બંદર પરના મેડિકલ રજિસ્ટરમાં મિસિસ સ્કૉટનું નામ નથી, તેમજ કોઇએ તેમને એ વિસ્તારમાં જોયાં હોય એવી માહિતી પણ મળી નથી. લૉઈડ્ઝ બૅંકના મિસિસ સ્કૉટના ખાતામાંથી લગભગ બધી જ રકમ ઉપાડી લેવામાં આવી છે, અને તે તેમણે પોતે ઉપાડી છે એમ બૅંકના અધિકારીઓ કહે છે. આ ઉપરાંત તેમની બહેન મેરીને અમે કરેલા તારનો જવાબ જણાવે છે કે તેમને (મેરીને) ડૉ. સ્કૉટનો પત્ર મળ્યો હતો અને હજી સુધી ઇલિઝાબેથનો પત્તો નથી મળ્યો તેથી તેમને ખૂબ ચિંતા થયા કરે છે. વધુમાં તેઓ જણાવે છે કે તેમણે ત્રીજી તારીખે ઇલિઝાબેથના નામનો ૧૦૦૦ ડૉલરનો ડ્રાફ્ટ રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલ્યો હતો, જેની પહોંચ તેને ૧૧મી તારીખે મળી હતી. પોસ્ટ ઑફિસની છાપ પરથી તેઓ એમ જાણી શક્યાં છે કે એ કાગળ ૭મી તારીખે લંડન પહોંચી ગયો હતો.'

વાત સાંભળીને ઈન્સ્પેક્ટર વિચારમાં પડી ગયો. પછી બીજી સિગારેટ સળગાવી ધુમાડા કાઢતાં કાઢતાં તેણે સ્મિથ તરફ ફરીને કહ્યું, 'કિસ્સો ગૂંચવાડાભર્યો લાગે છે. ક્યાં યે કડી નજરે નથી પડતી. નવાઈની વાત તો એ છે કે આપણા એક પણ સ્ટેશને હજી સુધી કશી જ માહિતી નથી આપી! કહેતાં ઈન્સ્પેક્ટરે જલતી સિગારેટનાં ધુમાડા તરફ નજર નાખી. પછી અચાનક તેણે ધીમેથી સ્મિથને કંઈ કહ્યું.

'વારુ, સાહેબ.' કહી સ્મિથ ગયો.

(૪)

'ડૉ. સ્કૉટ, હું દિલગીર છું કે હજી સુધી કશી જ માહિતી મળી નથી. પણ અમારી તપાસ જારી છે.' ઈન્સ્પેકટરે સ્કૉટને આશ્વાસન આપ્યું.

'ઈન્સ્પેક્ટર, મને લાગતું નથી કે હવે તમને સફળતા મળે. પચ્ચીસ દિવસ તો થઈ ગયા! નશીબ મારાં...' કહી ડૉ. સ્કૉટ રડવા લાગ્યો.

'ડૉ. સ્કૉટ, રડવાથી કંઈ જ નહિ થઇ શકે. આપણે આપણી તપાસ ચાલુ રાખવી જ જોઇએ. મને તો વિશ્વાસ છે કે પત્તો જરૂર મળશે...'

'મળશે પણ...' ડૉ. સ્કૉટે વાક્ય અધૂરું જ રાખ્યું. ઈન્સ્પેક્ટરે તેના તરફ જોયું તો તેની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. ભીંત પરની ઘડિયાળે અગિયારના ડંકા વગાડ્યા. ડૉ. સ્કૉટ જવા માટે ઊઠ્યો.

ડૉ. સ્કૉટ બહાર નીકળ્યો તેવો જ બીજે દરવાજેથી સ્મિથ દાખલ થયો. ઈન્સ્પેક્ટરે ઉત્સુકતાથી તેને પૂછ્યું, 'કેમ, કંઇ માહિતી મળી?'

'ના; અમે ત્યાં પહોંચ્યા ત્યારે ઘરમાં એક યુવતી બેઠી હતી. એણે કહ્યું કે હું તેમની સેક્રેટરી છું. અમે એવું બહાનું બતાવ્યું કે મકાનમાલિકે અમને ઘરની તપાસ માટે મોકલ્યા છે. રંગરોગાન કે કંઈ દુરસ્ત કરાવવાનું હોય તો તમે બતાવો. તેણે કહ્યું કે તમે જ બધે ફરીને જોઈ લો. અમને થયું કે ચાલો તપાસ કરી શકાશે. પણ એ ચાલાક નીકળી. આખા ઘરમાં અમારી સાથેસાથે જ ફરી. અમે બારીકાઈથી જોઈ ન શક્યા.'

'એની ઉમર કેટલી હશે?' 'આશરે પચ્ચીસ'

'રૂપસુંદર હતી?' 'હા'

'એક કામ કરો, કાલથી એના પર નજર રાખવા એક માણસ રોકો.'

મૅકડોનલ્ડે સિગારેટ સળગાવી અને ધુમાડાના ગોટા સાથે વિચાર ગૂંથવા માંડ્યા. એક કલાક પસાર થયો, બે કલાક વીતી ગયા, ત્રણ કલાક વહી ગયા. ઍશ-ટ્રેમાં દસથી પંદર સિગારેટ અરધી બળેલી પડી હતી. અચાનક ટેલીફોનની ઘંટડી રણકી ઊઠી. ઈન્સ્પેક્ટરની વિચારમાળાનો ભંગ થયો અને તેણે રીસીવર ઉપાડ્યું : 'આ સ્કૉટલૅંડ યાર્ડ છે. તમે કોણ? મિ. જોન્સ?! શું કહ્યું? ખૂન થયું છે? ડૉ. સ્કૉટનું ખૂન થયું છે? હું હમણાં જ આવું છું. બધી વસ્તુઓ જેમ છે તેમ જ રહેવા દેજો; કશો ફેરફાર ન કરતા. ધીરજ રાખજો.' કહીને ઈન્સ્પેક્ટરે ફોન મૂકી દીધો અને જોરથી ઘંટડી વગાડી. મદદનીશ સ્મિથ દોડી આવ્યો. ઈન્સ્પેક્ટર બોલી ઊઠ્યો, 'મિ. સ્મિથ, નવો ફણગો ફૂટ્યો છે. ડૉ. સ્કૉટનું કોઇએ ખૂન કર્યું છે. ત્યાં જવા માટે બધી તૈયારી કરો.'

અરધા કલાકમાં તો ઈન્સ્પેક્ટર ડૉ. સ્કૉટને મકાને પહોંચી ગયો. મિ. જોન્સ હેબતાઈ ગયો હતો. મિસિસ જોન્સ ચોધાર આંસુએ

રડતી હતી. એક જ મહિનાની અંદર બે આઘાતજનક બનાવો બન્યા હતા. મૅકડોનલ્ડે બંનેને આશ્વાસન આપ્યું અને કહ્યું, 'મિ. જોન્સ. હું તમને પ્રશ્નો પૂછું એનો તમે શાંતિથી ઉત્તર આપજો. ગભરાશો નહિ. તમે અહીં કેટલા વાગે આવ્યા?'

'લગભગ બે વાગ્યે.'

'તમે આવ્યા ત્યારે બહારનું બારણું ખુલ્લું હતું કે બંધ?'

'અમે આવીને સૌથી પ્રથમ દરવાજા પરની બેલ દબાવી. પાંચેક મિનિટ સુધી કશો જ ઉત્તર ન મળ્યો, એટલે મેં દરવાજો ખટખટાવવા માટે હાથ લગાડચો, તો મારા આશ્ચર્ય વચ્ચે તે એકદમ ખુલી ગયો! ઘરમાં એકદમ શાંતિ હતી. અમે આગળ વધ્યાં અને રૂમમાં નજર કરી તો ડૉ. સ્કૉટને મેં અહીં પડેલા જોયા. હું જરા આગળ વધ્યો. ડૉ. સ્કૉટનું મોં છુંદાઈ ગયું હતું અને તેની આસપાસ લોહી જામી ગયું હતું. આસપાસનું ફર્નિચર જે સ્થિતિમાં અત્યારે છે તે જ પ્રમાણે હતું. ડૉ. સ્કૉટનું ખૂન થયું છે એમ સમજતાં મને વાર ન લાગી. એટલે મેં તરત જ આપને ટેલીફોન કર્યો અને અરધા કલાકમાં આપ આવી લાગ્યા.' મૅકડોનલ્ડે ઘડિયાળ તરફ નજર ફેંકી. કાંટો અઢી ને પાંચ પર હતો. ઈન્સ્પેક્ટરે ફોટોગ્રાફરને ફોટાઓ લેવા માટે સૂચના આપી. સર્જ્યને શરીરની તપાસ કરી. તેણે રીપોર્ટ આપ્યો કે ખૂન લગભગ અઢી કલાક પહેલાં થયું હોવું જોઇએ. મૅકડોનલ્ડે આજુબાજુ તપાસ કરી. ક્યાંયે કશી જ નિશાની ન મળી. તેને ખૂનીની બુદ્ધિ પર માન ઊપજ્યું. પછી તેણે શબ તરફ નજર કરી અને તે ચમકચો. તેણે એકદમ સ્મિથને કહ્યું, 'મિ. સ્મિથ, જરા ટેઈપ આપો તો!' તેણે ટેઈપ વડે બન્ને પગની લંબાઇ માપી જોઇ અને તરત મિ. જોન્સ તરફ ફરી તેમને પૂછ્યું, 'મિ. જોન્સ, ડૉક્ટરનો એક પગ ટૂંકો હતો?'

'ના, તેમને કશી જ ખોડ નહોતી.'

મૅકડોનલ્ડે ધીમો હુંકાર કર્યો. પછી ચારે તરફ તપાસ આદરી. ફર્નિચરનાં બધાં જ ખાનાં ફેંદી નાખવામાં આવ્યાં હતાં. ડૉ. સ્કૉટનાં ખિસ્સાં પણ ખાલી હતાં. એકાએક તેના મગજમાં કંઈક પ્રકાશ પડચો હોય તેમ તેણે ટેલીફોન પાસે જઇને રીસીવર ઊચક્યું: 'હલ્લો, હું સ્કૉટલૅંડ યાર્ડનો ઈન્સ્પેક્ટર મૅકડોનલ્ડ છું. બૅંક ઑવ ઇંગ્લંડ કે? આજે સવારે આ થોડા દિવસ પહેલાં તમારે ત્યાં મિસિસ ઇલિઝાબેથ સ્કૉટના નામ પર બૅંક ઑવ ન્યૂ યૉર્કે આપેલો એક હજાર ડૉલરનો ડ્રાફ્ટ વટાવવામાં આવ્યો છે? જરા તપાસ કરીને મને કહો ને! હું ટેલીફોન ચાલુ રાખું છું.' પછી મૅકડોનલ્ડે સ્મિથને કહ્યું, 'તમે અને મિ. હેન્રી આખા મકાનનો ખૂણેખૂણો બારીકાઈથી જોઈ વળો.'

તેઓ તપાસ કરવા માટે ગયા એટલે મૅકડોનલ્ડે મિ. જોન્સ તરફ ફરીને પૂછ્યું, 'મિ. જોન્સ, ડૉ. સ્કોટની સેક્રેટરીને તમે જોઈ છે?'

'ડૉ. સ્કૉટની સેક્રેટરી?!' મિ. જોન્સનો અવાજ જરા ફાટી ગયો. મૅકડોનલ્ડે વાત આગળ ચલાવી, 'કેમ? નવાઈ લાગે છે?'

'નવાઈ તો લાગે જ ને? ડૉક્ટરો વળી ક્યારે સેક્રેટરી રાખે છે? તેઓ તો મોટે ભાગે 'રીસેપ્શનિસ્ટ' રાખે છે. આમ છતાં મેં આટલાં વર્ષો દરમ્યાન મેં એમની સેક્રેટરીને જોઈ નથી.'

'હં...' એમ બોલી ધીમો હુંકાર કરી ફરી મૅકડોનલ્ડ વિચારમાં પડી ગયો. ટેલીફોનનું રીસીવર હજી તેના કાન પર જ હતું. ત્યાં સામેથી અવાજ આવ્યો. તેણે વાત શરૂ કરી: 'હં; તમે આજે સવારે જ પૈસા આપ્યા? શું કહ્યું? એના પર મિસિસ ઇલિઝાબેથ સ્કૉટની સહી હતી? તમને એમ ખુલાસો કર્યો કે મિસિસ ઇલિઝાબેથ સ્કૉટનો પત્તો મળી ગયો છે?... ઓ! થૅંક્યુ વેરી મચ.' કહી ઈન્સ્પેક્ટરે ફોન મૂકી દીધો અને સિગારેટ સળગાવીને વિચાર કરતાં કરતાં ઓરડામાં આંટા મારવા લાગ્યો. થોડી વારે સ્મિથ અને હેન્રી પાછા ફર્યા.

'કેમ કંઈ મળ્યું?'

'ખાસ કંઈ નહિ ઈન્સ્પેક્ટર; પણ રસોડામાં કીડીઓ બહુ થઈ છે.'

ઈન્સ્પેક્ટર તરત રસોડા તરફ ગયો. જોયું તો કીડીઓની લંગાર ને લંગાર ચાલી જતી હતી,–એક જ દિશામાં. અને નિશ્ચય પર આવ્યો હોય તેવા અવાજે તે બોલ્યો, 'મેળ બેસી ગયો લાગે છે: આ ઇલેક્ટ્રિક ભઠ્ઠી અને કીડીઓની હાર!' કહી તેણે રસોડામાં પડેલી નાની ઇલેક્ટ્રિક ફર્નેસ તરફ આંગળી ચીંધી.

મિ. જોન્સને કંઇ સમજાયું નહિ. ઈન્સ્પેક્ટરે સ્મિથને કહ્યું, 'આસપાસમાં કોઇને ત્યાંથી પથ્થર તોડવાનાં સાધનો મળી શકશે કે?'

'તપાસ કરી જોઉં' કહી સ્મિથ ગયો અને થોડીવારમાં તે એક મોટો દસ્તો તથા હથોડો લઇને પાછો ફર્યો. ઈન્સ્પેક્ટરે ઘડિયાળ તરફ દૃષ્ટિ કરી. પોણા પાંચ થયા હતા. તેણે હેન્રીને કહ્યું, 'મિ. હેન્રી, તમે તાબડતોબ હેડક્વાર્ટર્સ પર જાઓ ને પોલીસ પાર્ટી લઈ બંદર પર પહોંચી જાઓ; તેમજ મિ. સ્ટીવનસનને બીજી પાર્ટી લઈ ઍરોડ્રોમ પર મોકલો. તેમને ડૉ. સ્કૉટનું વર્ણન આપી કહો કે ખૂન કરવાનાં આરોપ માટે તેમને ગિરફતાર કરવાના છે. જલ્દી જાઓ.'

'કોને? ડૉ. સ્કૉટને ગિરફતાર કરવાના છે?' મિ. જોન્સે જાણે વીજળી પડી હોય એવા આશ્ચર્યથી પૂછ્યું. મિસિસ જોન્સ તો હેબતાઈ જ ગઈ.

'હા, એક નહિ પણ બે ખૂનના આરોપ સર.' મૅકડોનલ્ડે શાંતિથી કહ્યું, અને પછી હેન્રીને છેલ્લી સૂચના કરી: 'અને આ પથ્થર તોડવા માટે થોડા માણસો મોકલતા જજો.' હેન્રી સલામ કરીને રવાના થયો.

મૅકડોનલ્ડ અને સ્મિથ રસોડાના પથ્થરો ઉખેડવા લાગ્યા, ત્યાં તો બીજા માણસો આવી પહોંચ્યા અને અરધાએક કલાકની મહેનત બાદ અર્ધબળેલી ચામડીનો પત્તો લાગ્યો. ઊંડો ખાડો ખોદતાં હાથના હાડકાનો પત્તો લાગ્યો. મિ. જોન્સને કીડીઓની હારનું રહસ્ય હવે સમજાયું અને તેણે ઇલેક્ટ્રિક ફર્નેસ પર નજર કરી. તે સમજી ગયો કે ઇલિઝાબેથનું ખૂન કર્યા બાદ ડૉ. સ્કૉટે તેના શરીરના ભાગોને ઇલેક્ટ્રિક ફર્નેસ વડે છૂટા છૂટા બાળવાનો પ્રયત્ન કર્યો હતો. પૂરતા પુરાવા એકઠા કરીને મૅકડોનલ્ડ હેડક્વાર્ટર્સ પર પાછો ફર્યો. એ દરમ્યાન વાયરલેસ દ્વારા ડૉ. સ્કૉટનું વર્ણન બધે પહોંચાડી દેવામાં આવ્યું હતું. પરંતુ સ્મિથ અને હેન્રીની તપાસ નિષ્ફળ નીવડી હતી.

તો શું ખૂની છટકી ગયો હતો? ના. બે દિવસ બાદ ડૉ. સ્કૉટને તેની સેક્રેટરી સહિત અમેરિકા જતી હૉલૅંડની એક સ્ટીમર પરથી ગિરફતાર કરવામાં આવ્યો.

(૫)

'આ કડી તમે કેવી રીતે મેળવી?' મિ. જોન્સે ઈન્સ્પેક્ટરને પૂછ્યું.

'કડી મેળવી આપવા માટે મારે ડૉ. સ્કૉટનો જ આભાર માનવો જોઇએ. એ પ્રથમ અમારી પાસે આવ્યો ત્યારે એણે ઈન્દ્રજાળ એવી રચી હતી કે આપણે ઊંધે રસ્તે જ દોરવાઈ જઇએ. એણે જો ઇલિઝાબેથની તપાસ અંગે અમારી સહાયતા ન માગી હોત તો આ કિસ્સો બહાર જ ન આવત. પણ ભાવિએ એને ભુલાવ્યો. પહેલવહેલાં સાતમી તારીખે તમે અને મિસિસ જોન્સ એને મળ્યાં ત્યારે તમારી પાસે એણે બહાનું રજૂ કર્યું કે મિસિસ સ્કૉટ અમેરિકા ગયાં છે. એક વાર આ જુઠ્ઠું બોલ્યા પછી એને માટે પોલીસ સ્ટેશને ખબર આપવા સિવાય બીજો કોઈ રસ્તો જ ન રહ્યો; કારણકે મિસિસ જોન્સ ચોક્કસ મિસિસ સ્કૉટને અમેરિકા કાગળ લખત. એનું પરિણામ એ આવત કે મિસિસ જોન્સ જાણી જાત કે ઇલિઝાબેથ અમેરિકા ગઈ જ નથી. પરિણામે મિસિસ જોન્સને શંકા આવે અને તે પોલીસને ફરિયાદ (અનુ. પૃ. ૨૪૦)

કલાવાર્તા

કલાનાં સામયિકો

માત્ર ભારતમાં જ નહિ પણ જગતના વિદ્વાનોમાં લબ્ધપ્રતિષ્ઠ નીવડેલું અનન્ય પત્ર 'રૂપમ્' બંધ થયા પછી આપણે ત્યાં એ કક્ષાનું અને 'કલાપત્ર'ના નામને ઉજાળે એવું સામયિક જણાયું નથી. જોકે એ દિશામાં થોડા પ્રયત્નો થયા છે. 'રૂપમ્'ની જ પુરસ્કારક સંસ્થાએ પોતાના મુખપત્ર તરીકે એ જ ધાટી ઉપર 'જર્નલ ઑાવ ધ ઇન્ડિયન સોસાએટી ઑાવ ઓરીએન્ટલ આર્ટ'ની જરા નાના રૂપે પ્રશસ્ય શરૂઆત કરેલી, પરંતુ પછી તે ત્રૈમાસિકમાંથી છમાસિક ને વાર્ષિક રૂપને પહોંચી એટલું મોડું બહાર પડવા માંડ્યું કે તેનો છેલ્લો ૧૯૫૦ની સાલનો અંક હજી હમણાં ગયે મહીને જ બહાર પડ્યો છે! એવા જ સંસ્થાગત બીજા બે પ્રયત્નોમાં દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીના અંગ્રેજી મુખપત્ર 'રૂપલેખા'ને તથા કાશી (વારાણસી)ના ભારતકલા ભવનના હિંદી મુખપત્ર 'કલાનિધિ'ને ગણાવી શકાય; સાથે સાથે નિયમિતતામાં પણ એ બંનેને લગભગ એ જ કક્ષાએ મૂકી શકાય! કલકત્તામાં 'કારુકલા' (ઉદ્યોગ-કારીગરીને લગતી કલા)ના પુરસ્કાર માટે 'ઇન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑાવ આર્ટ ઈન ઇન્ડસ્ટ્રી'નામની સંસ્થા તરફથી નીકળતા ત્રૈમાસિક 'આર્ટ ઈન ઈન્ડસ્ટ્રી'નો પ્રયત્ન એ



સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટના કારુ-કલા વિભાગના વાર્ષિક 'શિલ્પાંજલિ'માં પ્રકટ થએલું શ્રી આર.એલ.ભાલેરાવનું પૂર્ણરંગી ચિત્ર



ગજલક્ષ્મી: દક્ષિણ હિંદનું આ અનન્ય ધાતુશિલ્પ ત્રાવણકોરના કલાસંગ્રહમાં છે, જેમાં હાથીના કુંભસ્થલ ઉપર એક વિકટ નૃત્ય કરતાં લક્ષ્મીનો, નૃત્યની ચરમઘડીનો ઉત્કૃષ્ટ અંગવિન્યાસ દર્શાવ્યો છે' ('રિધમ' ત્રૈમાસિકના સૌજન્યથી)


કલાવિભાગના વિશિષ્ટ ક્ષેત્ર પૂરતો નોંધપાત્ર ગણાય એવો છે. એ જ રીતે ચારુ કલા (ફાઈન આર્ટ)ની દિશામાં કલકત્તામાંથી જ હમણાં થોડા વખતથી Rhythm ('રિધમ'-'લય') નામનું નાનુંસરખું ત્રૈમાસિક શ્રીમતી આશા મુખર્જીના તંત્રીપણા નીચે નીકળે છે. વચ્ચે મુંબાઈમાંથી 'એસ્થેટિક્સ' નામનું એવું જ ચારુકલાનું પત્ર નીકળતું હતું, અને મરાઠીમાં 'રૂપશ્રી' નામના નાના ચોપાનિયાના બેએક અંક નીકળેલા, એ બંનેએ પણ વિદાય લીધી જણાય છે. આ સ્થિતિમાં શ્રીમતી મુખર્જીના 'રિધમ'નો નાનો ને નમ્ર પ્રયત્ન નોંધપાત્ર ઠરે છે. અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, માર્સેલા હાર્ડી, અપ્ટન સિંકલેર, રૉકવેલ કેન્ટ, સમતુલ રૉય, કે. પી. પદ્મનાભમ્ થંપી વગેરે પાસેથી મુઘલ ચિત્રકલાનો ઉદય, નૃત્ય ઉપર ધર્મની અસર, વૈદિક સાહિત્યમાં સામગાન, કેરળ પ્રદેશનું અજંટા, ધાતુમૂર્તિકલા, આદિ વિષયો પરના લેખો મેળવવા પાછળના તેમના પ્રયત્નો પ્રશસ્ય છે. આશા રાખીએ કે આ પ્રયત્ન પગભર થઇને કલાપત્રને ન્યાય આપે તેવા વધારે સુઘડ મુદ્રણમાં તે નીકળે. (વાર્ષિક રૂ. ૧૦; ૨૧-૨૮ હરીશ મુખર્જી રોડ, કલકત્તા-૨૫)

જાણવા પ્રમાણે ભારત સરકાર તરફથી પુરસ્કૃત, દેશની મધ્યસ્થ કલાસંસ્થા 'લલિતકલા અકાદમી' તરફથી 'લલિત કલા' નામનું અતિ ઉચ્ચ કક્ષાનું, મોટા કદનું અને પુષ્ટ કલાપત્ર નીકળવાનું છે, એટલે એ દિશામાંની આપણી એક મોટી ખોટ પુરાશે એવી આશા રહે છે.

સંસ્થાગત કલાપત્રોનો એક બીજો પ્રકાર છે, જેમાં કલાશિક્ષણ આપતી શાળાઓનાં મુખપત્રોનો સમાવેશ થાય છે. મુંબાઇની કલાશાળા સર જે.જે. સ્કૂલ ઑાવ આર્ટના કારુકલા-વિભાગ તરફથી છેલ્લાં થોડાં વર્ષ થયાં 'શિલ્પાંજલિ' નામનું એક વાર્ષિક નીકળે છે, જેમાં એ કલાવિભાગમાં કામ કરતા વિદ્યાર્થીઓનાં કામના ચુનંદા નમૂનાઓ (પોસ્ટરો, ગ્રંથવેષ્ટનો, ગૃહસુશોભન, જાહેરખબરનાં ચિત્રો, લેબલો વગેરે) આપવા ઉપરાંત કલા વિષયક મનનીય લેખો પણ આપવામાં આવે છે.



દિલ્હીની ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીના રજતજયંતી પ્રદર્શનમાં ભિત્તિચિત્ર વિભાગમાં બીજું ઈનામ પામેલું, શ્રી કે. રાજિયાનું ચિત્ર 'અન્નદાતા', જેમાં કૃષ્ણ અને બલરામનાં આલેખન છે. (કલકત્તા-ના કલાપત્ર 'રિધમ'ના સૌજન્યથી)



'મત્સ્ય-ઘર': આધુનિકા શૈલીનું શિલ્પ. સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના શિલ્પ વિભાગના વાર્ષિક 'સ્કલ્પ્ટર'માં પ્રકટ થએલી, શિલ્પી શ્રી વી. બડગેલવરની કૃતિ

આ વર્ષે એ જ સંસ્થાના ચારુકલા વિભાગ તરફથી 'રૂપભેદ' અને 'શિલ્પ વિભાગ' તરફથી 'સ્કલ્પ્ટર' નામનાં વાર્ષિક પણ નીકળ્યાં છે. લેખોની દૃષ્ટિએ ત્રણે પત્રો પ્રશસ્ય છે. છેલ્લાનું મુદ્રણ પ્રથમ બેને મુકાબલે ઘણું ઊતરતું ગણાય. એ પત્રોમાંની કૃતિઓની થોડી વાનગીઓ આ સાથે આપીએ છીએ.

જબલપુરના કલાનિકેતન ને પૉલીટેકનીક તરફથી નીકળતું 'શિલ્પક' પણ નોંધપાત્ર છે. બંને સંસ્થાની જ્ઞાનશાખાઓને લગતા લેખો ધરાવતા આ પત્રનો કલાવિભાગ ત્યાંના ગુજરાતી કલાકાર શ્રી અમૃતલાલ વેગડ રાંભાળે છે.

તાજેતરમાં બહાર પડેલી ચૌદ આનાવાળી બુદ્ધ-સ્મૃતિ-ટિકિટ પરની આ નીચે મોટી કરી બતાવેલી વર્તુલાકાર આકૃતિ મૂળ તો ઇસ્વી પહેલી-બીજી સદીમાં રાજા કનિષ્કના સમયમાં કંડારેલી સારનાથમાંની બુદ્ધપ્રતિમા ઉપરના છત્રનું પ્રતિરૂપ છે. દસ ફૂટ વ્યાસના એ મૂળ છત્રની મધ્યમાં ઉપસેલું કમળ છે. તેને ફરતા વર્તુલબંધમાં બાર પૌરાણિક આકૃતિઓ છે (જે આમાં ઉતારી નથી). તેની પછીના વર્તુલ-બંધમાં બાર પ્રતીક આકૃતિઓ છે, જેમાંની એક તૂટી ગઇ છે. એ પ્રતીકોમાં સ્વસ્તિક, શંખ, પુષ્પ, કળશ, મીન, ત્રણ રત્ન, ત્રણ મધુચૂષ (હનીસકલ) ફૂલ, મિષ્ટ વાની ભરેલું પાત્ર, પર્ણ ભરેલું પાત્ર વગેરે છે, જેમાંનાં આઠેક આમાં વર્તાય છે. સ્વસ્તિકની સંજ્ઞા સામાન્ય રીતે દક્ષિણાવર્તી (જમણી બાજુ પાંખડાંવાળી) હોય છે, તે આમાં ડાબી બાજુ છે; પણ પ્રાચીન શિલ્પોમાં આવી આકૃતિ પણ મળી આવે છે.

↓ નીચે ડાબી બાજુથી: સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના ચારુકલા વિભાગ તરફથી આ વર્ષે નવા પ્રકટેલા વાર્ષિક 'રૂપભેદ'નું પૂઠું; જમણી બાજુ: સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના કારુ-કલા વિભાગના વાર્ષિક 'શિલ્પાંજલિ'માં શ્રી ભાલેરાવનું કટાક્ષાત્મક રેખાંકન







કુલપતિ કઝિન્સ

ભારતીય સંસ્કૃતિના એ પુરસ્કર્તાના ઘડતરકાળનાં સંસ્મરણોનો ત્રીજો હપતો જેમાં જીવનસાથી જડે છે.

રવિશંકર રાવળ



પત્ની માર્ગરેટ કઝિન્સ સાથે: ઈ. ૧૯૧૩માં

બેલફાસ્ટમાં એક છોકરી સાથે મારા વિવાહ-ની વાત થઈ હતી એ કંઈક કારણોસર તૂટી ગઈ. મને તેનો જરા ય અફસોસ ન થયો. માનવજાત અને મારી જાતને હું વધુ ઓળખતો થયો હતો. જીવનમાંથી મને જાતીય કરતાં માનસિક અપેક્ષાઓ વધુ રહેતી, અને અંતરથી એવું માનતો કે જે જોઈએ છે તે જરૂર મળી રહેશે; એટલે સમાજ અને કુટુંબની હિલચાલો થાય તે પ્રમાણે ઉતાવળે સગવડિયું લગ્ન કરવાની મેં સંમતિ આપી નહિ. લગ્નના જૂના પાયાનું સંશોધન કર્યા વિના નવા વૈજ્ઞાનિકોએ લગ્નસંસાર ઉપર ધાર્મિક મરામત અને ટેકા ખડા કરી દીધા હતા. આસ્તિક કે નાસ્તિક વિચારકોએ ધર્મનાં તત્ત્વોને વિજ્ઞાનની પૂર્ણતાથી તપાસવા દરકાર કરી નહોતી. મારે જ મારી બુદ્ધિ અને જ્ઞાનનો આધાર લેવાનો હતો.

સ્ત્રી-પરિચયથી થતું પ્રથમ દર્શનનું કુતૂહલ તથા નાવીન્ય, અને ત્યાર પછી નિકટ પરિચયમાં રૂપ અને આકૃતિનાં કામણ કરતાં વધુ ચિરંજીવ તત્ત્વની હું અપેક્ષા રાખતો થયો હતો, અને મારા આ પ્રશ્નોનો પ્રતિશબ્દ પાડનાર ભેજું કે આંખો હજી મેં જોયાં નહોતાં. એવા અરસામાં એ નજરે પડી. 'અરસા'માં જ કહું, કેમકે, આ પ્રસંગ મારું જીવતર ઘડનારો છે અને આ જ એ પાત્ર છે તે હું ત્યારે જાણતો નહોતો, એટલે કોઈ ચોક્કસ તારીખનું મને સ્મરણ રહ્યું નથી. મારી ડાયરી પણ અમુક સૂચક અંદાજો સિવાય બહુ મદદરૂપ નથી થતી. ૧૮૯૯, જુલાઈ ૧૦ની મારી ડાયરીમાં લખ્યું છે: 'ર શિલિંગ ૭ પેન્સનાં ગુલાબ મિસ જિલેસ્પી માટે.' તે પછી ૭મી નવેમ્બરે લખ્યું છે: 'જી.જી.ની વર્ષગાંઠ.' ડાયરીના અંદાજ પરથી લાગે છે કે ગુલાબની વાત પહેલાં ભાવિની નૌકાએ એ સુંદરીને ખેંચી આણી હતી. અને ચાર માસમાં તો વિવેકનાં નામો છોડી ઘરગથ્થુ સંબોધનો સુધી પ્રગતિ થઈ ગઈ.

એ જ અરસામાં વેસ્લિયન મેથડિસ્ટ ચર્ચની એક પરિષદ પ્રસંગે કેટલાક પ્રસિદ્ધ વક્તાઓનાં ભાષણ સાંભળવા હું ગએલો, ત્યાં 'ગુલાબ'-વાળી આ સુંદરી ઉપરની ગૅલેરીમાં હતી અને હું નીચે હતો. સભા પૂરી થવાની હતી તે વખતે ભાવિનાં પ્રેર્યાં અમારી આંખો મળી અને માથું હલાવી મારાથી સૂચવાઈ ગયું કે 'આપણો રસ્તો એક જ છે, એટલે તું એકલી હો તો સાથે જઈશું.' નેલ્સન સ્તંભ આગળથી અમે ટ્રામમાં ચડયાં. ૨૦ વર્ષની જાજરમાન અને બુદ્ધિશાળી તરુણી અને ૨૫ વર્ષનો જુવાન (હું); એ સુંદર પિક્ચર-હૅટ અને ગ્રીષ્મ-ફ્રૉકમાં, હું ખીલતો કવિ. બસ, એ મુસાફરી સુંદર બની ગઇ. છતાં પ્રેમમાં પડી જવાની મેં ઉતાવળ કે ઇંતેજારી રાખી નહોતી. મારે ગિરિ-આરોહણ કરવા કરતાં પહેલાં બધી ખીણો અને ચઢાણનાં માપ લેવાં હતાં.

'મિસ જિલેસ્પી'થી 'જી.જી.' થતાં સુધીનો અભ્યાસ કરતાં કરતાં સાંજના સમયે સાથે જોએલાં શેક્સપીઅર અને વૅગનરનાં નાટયો તથા સંગીતથી મારો સંસ્કાર-વિકાસ પણ સાથોસાથ થતો જતો હતો. મારો પ્રેમપ્રવાસ ૧લી જુલાઇ ૧૯૦૦ને દિવસે ચોક્કસ તબક્કે પહોંચી ગયો. વખતોવખત તેને તેના મુકામ સુધી પહોંચાડવા જવાનો મારો અધિકાર હવે વધ્યો હતો, સાથોસાથ છૂટાં પડતી વખતે ઉમળકાભર્યું હસ્તધૂનન પણ થતું. જુલાઈ ૧લી પર ખાસ ભાર એટલા માટે મૂકયો કે એ તારીખનું ખાસ મહત્ત્વ હતું, કેમકે બીજે દિવસે તો તે રજાઓ ગુજારવા તેના વતન બૉઈલ તરફ જવાની હતી. વરસાદના ઝાપટાથી બચાવવા મારી છત્રી નીચે હું તેને તેના દરવાજે પહોંચાડવા ગયો. ત્યાં ઊભા રહી તેણે પૂછ્યું કે મારાં માબાપને આ બાબત શું કહું? મેં પણ કહેવા જેવું કહી દીધું. એના જવાબમાં તેણે કહ્યું 'તમે ચુંબનના અધિકારી છો.' એ પછી તે ગઈ, વાત પહોંચાડી, અને ફરી આવી ગઈ.

એ પછીની ૧લી સપ્ટેમ્બરની રોજનીશીમાં 'જી.જી. માટે વીંટી'ની નોંધ છે. શિખરની લગોલગ હવે હું પહોંચી ગયો હતો. તેનો એક પ્રથમાક્ષર હવે ઊડી ગયો, માત્ર 'ગ્રેટા' માટે 'G' રહ્યો; અને હીરાજડિત સોનાની વીંટી પર કોતરાએલા એ G અક્ષરે દુનિયાને જાહેર કર્યું કે તેણે જીવનસાથી શોધી લીધો હતો!

હવે એની બાહ્ય ક્રિયા ને વચનોમાંથી હું જે કાંઇ જાણવા મથતો તે તે બધાંમાંથી મારામાં વસેલી 'તે'નો જ પ્રતિધ્વનિ ઊઠતો. મારામાં એક પ્રકારની નારીસુલભ ગ્રહણશક્તિ અને સર્જકતા હતી; તેનામાં પુરુષયોગ્ય હિંમત અને આગળપડતાપણું હતું. અમારા ઘણા ગુણો સામસામા જમા-ઉધાર થતા હતા. મારી નોકરીની રોજિંદી કામગીરીમાં પૈસાની લેવડદેવડના કામકાજ દરમ્યાન વ્યાપારમાં ચાલતા અપ્રામાણિકપણાથી મારો જીવ અકળાઈ ઊઠયો અને તક મળે ત્યારે આ ધંધો છોડી શિક્ષણના ક્ષેત્રમાં પડવાનો નિરધાર કર્યો. આ દરમ્યાન તે સંગીતના અભ્યાસ તથા શિક્ષણમાં વ્યસ્ત હતી ને સંગીતની છેલ્લી ડિગ્રી મેળવવા પર તેનું નિશાન હતું. એ સંગીતજ્ઞ હતી ને હું જે કવિ (તથા બીજે નંબરે નાટયલેખક) હતો તેની કવિતાનો રસ પીવા લાગી; જ્યારે તેના શ્વાસ-પ્રાણ સમું સંગીત મને સ્પર્શી ગયું. પ્રકૃતિના વિસ્તાર અને મર્યાદામાં ખેલતાં સાદાં બળો અને અગણિત પ્રકારોમાં પ્રકટી રહેલાં અનેક રહસ્યો તેમજ સૌંદર્યદર્શનોમાં અમને અખૂટ આનંદ પ્રાપ્ત થતો.

૧૯૦૩ની ૮મી એપ્રિલને મળસકે ત્રીસેક વર્ષનો ગંભીર વદનનો એક આદમી ડબ્લિનના રસ્તા પર ઘોડાગાડીમાં પોતાના ખોળામાં એક મોટું ઘડિયાળ કાળજીપૂર્વક ડેરવતો, વળાંક વખતે ઝટકા ખાતો, પસાર

થયો. એક મિત્રે છેલ્લી ઘડીએ હાથમાં ઠસાવેલી એ ભેટ બતાવવા લઈ જનારો તે હું પોતે જ, મિસ જિલેસ્પી અને તેની માતા અરધો ડઝન કુટુંબીઓ સાથે જે હોટેલમાં ઊતર્યાં હતાં ત્યાં જઈ રહ્યો હતો. કન્યારાણી ચર્ચના મંડપમાં આવી પહોંચી. તેના બેનો-ભાઇઓ પણ હાજર થઇ ગયાં. રેવરંડ બૅલાડ જરા કવિ પણ ખરા. તેમણે લગ્નક્રિયા કરાવી.

લગ્નની મિજબાનીની વાનીઓમાં રહેંસી નાખેલાં જાનવરોના મસાલાથી બનાવેલા મિઠાઇઓ પીરસાવા માંડી ત્યારે નવાં બનેલાં મિસિસ કઝિન્સે ધીમેથી પણ અંતિમ નિશ્ચયથી માબાપ, સગાંઓ ને મહેમાનોની સમક્ષ પ્રતિજ્ઞા જાહેર કરી કે પોતે પોતાના પતિની જેમ તે વખતથી જ શાકાહારી થયાં છે. એમ કરવાનું મેં તેને કહ્યું તો નહોતું જ, પણ સૂચન સુદ્ધાં કર્યું નહોતું. અમારા પરસ્પરના સંબંધમાં મેં તેને પૂરેપૂરી સ્વતંત્ર રહેવા દેવાની ખાતરી આપી હતી અને તેની તરફથી કોઈ પણ પ્રકારનું અનુકૂળ વલણ જોવાની મેં આશા રાખી નહોતી.

મારી તો દઢ શ્રદ્ધા હતી કે એવા નિર્બંધ વ્યવહારમાં જ ચારિત્ર્યની સંવૃદ્ધિ, કાર્યમાં ઔદાર્ય, તત્ત્વતઃ પૂર્ણતા અને સુખશાંતિનો સહજ ફળ-પરિપાક આપતી આત્મા અને હૃદયની એકતા સંભવી શકે. એના સ્વચ્છ માનસમાં અને રસિક સ્વભાવમાં આત્માની ભવ્યતા, આદર્શપરાયણતા તથા નિઃસ્વાર્થ સેવાવૃત્તિ હું જોઈ શક્યો હતો. અને મેં નિશ્ચય કર્યો હતો કે મારું લગ્ન મારા પક્ષેથી એક જાતીય અનિવાર્યતા કે આત્મપરિતૃપ્તિનું કારણ ન બનો, પણ એક ઉચ્ચ પ્રકારનો અધિકાર અને દૈવી જવાબદારી નીવડો. અમારા ભૌતિક જીવનને પરિશુદ્ધ રાખવા માટેના મારા કાર્યમાં તેણે જે સ્વેચ્છાનિશ્ચય બતાવ્યો તે જ મારા મનથી તો, અમારા દુનિયાદારી રૂઢિથી થએલા લગ્ન કરતાં વધુ પ્રગાઢ અને દૃઢબંધ હતો.

આ લગ્ન વિષે મિસિસ કઝિન્સે પણ બહુ સૂચક અને સુંદર સ્મૃતિઓ લખી છે : 'ડબ્લિનમાં ચાર વર્ષ સુધી હું બોર્ડિંગ-સ્કૂલમાં હતી ત્યારે ઓગણીસ વર્ષની ઊછળતી યુવાનીવાળી કોઇ પણ કન્યાની જેમ મને પણ તરુણો ગમતા. મોટી આધેડ અપરિણીતાનું કેવું કરુણ સ્મિત હોય છે તે હું સમજતી, અને હું સંમાનું તથા પ્રેમ કરું એવા નરની સાથે લગ્ન કરી જીવનમૈત્રીનો આનંદ લેવા ઇચ્છા રાખતી હતી. અને એવા પુરુષનો મેં ખયાલ પણ કરી રાખ્યો હતો. તે ઊંચો, શામળો અને સુંદર રણકતા અવાજવાળો કોઇ પ્રોફેસર હોય એમ ઇચ્છતી. પણ એનો સાક્ષાત્ મેળાપ થયો ત્યારે તો મધ્યમ બાંધાનો, ગોરો અને વેપારી પેઢીનો ગુમાસ્તો નીકળ્યો! વળી તે તો આયર્લૅન્ડના ઉત્તરી ઉચ્ચારો કરતો, જેની અમને દક્ષિણના પ્રાંતના લોકોને નફરત હતી.

પ્રેમમાં હું પડી ન હતી, મારે ઘસડાવું પડ્યું હતું. ઘણી વાર મને મનમાં થતું કે પરિચયના પહેલા જ વર્ષ દરમ્યાન મને એના માટે આટલો અણગમો શાથી હતો? એણે મારી આગળ લગ્નની દરખાસ્ત મૂકી ને આખી રાત નિરાશાની મારી હું રડી હતી. પણ સાથેસાથે હું જાણતી હતી કે તે ભલો, ચતુર અને ઉચ્ચ આદર્શોથી ભર્યોભર્યો હતો. વળી હું નમ્ર અને દુનિયાદારી શાણપણવાળી પણ હતી. મારે હજી બીજી ત્રણ નાની સુંદર બહેનો હોઈ ને આ મારે માટે પરણવાની એક જ તક હતી, જે વગર વિચારે હડસેલી દેવી ન જોઇએ. તે કવિ હતો ને કવિતાનો રસિયો હતો, એટલે ભવિષ્યમાં પ્રોફેસર થાય પણ ખરો. મેં અજમાયશ આપવાનો નિશ્ચય કર્યો. અમે એક મિત્રને ઘેર મળતાં. તેનાં કાવ્યોથી, પછી તેનાં નાટકોથી તથા સુંદર ચીજો માટેના પ્રેમથી મને તેનામાં રસ જાગ્રત થયો. છ મહિના મેં તેની સોબતમાં પરાણે કાઢ્યા, એમ ગણીને કે તે દરમ્યાન હું તેને સાચો પીછી શકું. પણ ત્યાં તો ગામમાં અમારી વાતો થવા લાગી, એટલે તત્કાલ પૂરતી મેં વેવિશાળની હા પાડી; તે સાથે ગમે ત્યારે તોડી નાખવાની શરત પણ કરી. સદ્ભાગ્યે અમારી પાસે કોઇ સંપત નહોતી અને મારે સંગીતની સ્નાતિકા થવું આવશ્યક હતું, એટલે લગ્નની લાલચ કે ઉતાવળ અમારે નહોતી. અંતે ઇ. ૧૯૦૦ પછીનાં ત્રણે વર્ષે હું પૂર્ણપણે અર્પિત થઈ.

એ દિવસો યાદ આવે છે. અમારી દુનિયા કેટલી સાદી અને ગામઠી હતી અને અમે જુવાની પણ કેવી માણતાં હતાં! મોટર, વીજળિક ટ્રામ, એરોપ્લેન વગેરે તો માત્ર સાંભળવાની કે નવીન વાતો હતી. સિનેમા, રેડિયો, વીજળીબત્તી હતાં જ નહિ. ગૅસથી બધું કામ ચાલતું. નારી-સ્વાતંત્ર્ય, કામદારોની ગરીબી કે બાળ-સંરક્ષણની કોઇ યોજનાઓ નહોતી. ઉનાળામાં દર રવિવારે ડબ્લિનની ઉત્તર કે દક્ષિણ બાજુના સમુદ્રકિનારે સાંજના ચક્કર મારી આવતાં. શિયાળામાં વનસ્પતિ-ઉદ્યાનો, મ્યૂઝિયમ કે રાષ્ટ્રીય ચિત્રાલયમાં ને કદી વ્યાખ્યાનો કે સંગીત-સમારંભોમાં જતાં. દર શુક્રવારે સાંજે મારા સંગીતના ટ્યૂશનમાંથી પાછા વળવાના સમયે મારો કવિ હાથમાં ચુનંદાં ફૂલોનું ઝૂમખું લઇને મારી રાહ જોતો ઊભો રહેતો. આમ અમે સફરનું સખ્ય આરંભ્યું, અને સાથે પ્રગતિ કરવા માંડી : એણે સાહિત્યમાં, મેં સંગીતમાં, અને અમે બંનેએ સહકારકલામાં. મારા સાથી મને એક વાર શ્રીમતી ઍની બેસન્ટના ભાષણમાં લઇ ગયા હતા, પણ મારા મન પર તેમના વિચારોની કે આકૃતિની છાપ પડી નહોતી.

પેડ્રેવસ્કીનું પહેલું સંગીતગાન મેં ડબ્લિનમાં સાભળ્યું ત્યારે હું સાતમે સ્વર્ગે પહોંચી ગઈ એમ લાગ્યું હતું. એમાંથી મને સ્વરાભાસની નવી દુનિયા જડી. ૧૯૦૨માં મને આયર્લૅંડની રૉયલ યુનિવર્સિટી ઑવ મ્યૂઝિકની સ્નાતિકાની પદવી મળી તેના સમારંભમાં વતનમાંથી મારાં માબાપ પણ આવેલાં. લગ્ન પહેલાંના મારા છ માસ કસોટીના હતા. ડબ્લિન છોડી હું ઘેર ગઈ અને હવે મારે કુટુંબની હૂંફમાં રાંધવાનું, ઘરકામ તથા વહીવટ શીખવાનાં હતાં. ત્યાંના ગૃહસંસારમાં તો બાળકોના ઉપરાઉપરી જન્મ, માબાપની એકબીજા ઉપર સરસાઈ અને હેત, સંગીત અને કલાની અભિરુચિ, અને અંધધર્મશ્રદ્ધા, એ બધાંનો શંભુમેળો હતો. લગ્ન બધે લૉટરીની ટિકિટ જેવાં લાગતાં; કેટલાંય ફોગટ નીકળતાં. મારા વેવિશાળનાં ત્રણ વર્ષોનો અરધો વખત તો નસીબે મને ચૂંટી આપેલા આદમીમાં સંતોષ લેવાનું શીખતાં લાગ્યાં, અને બાકીનો અરધો સમય, મને મળેલા ખરા યોગ્ય નર વિષે જ્ઞાન, સંમાન અને અનુરાગ તેમજ પ્યાર કેળવતાં થયાં.

છતાં મારામાં લગ્નેચ્છુ તરુણીઓની પ્રેમઘેલછા આવી ન હતી. એવામાં મારી માની એક સખીએ મને પૂછ્યું કે 'બેટા, તારા ઘરમાં આટલાં બધાં બાળકો જોઇને તને આગામી લગ્નનો ડર નથી લાગતો?' અને ખરેખર, મને ડર ન હતો. જોકે ભાવિની અનિશ્ચિતતાનું મને પૂરું ભાન હતું, ને વેવિશાળના દિવસો દરમ્યાન એ ભાવિ પરના નિયમન વિષે મેં અણસારો પણ કરેલો. ત્યારે જિમે મને સ્પષ્ટ વચન આપેલું કે સંતતિની બાબત તારી સંપૂર્ણ સ્વેચ્છા પર છોડી દેવામાં આવશે. અને મેં તે માની લીધેલું, કેમકે મને તેનાં જ્ઞાન, સંકલ્પબળ ને પ્રામાણિકતામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. આથી ઉપર્યુક્ત પ્રશ્નથી હું લેશમાત્ર સંક્ષુબ્ધ થઈ ન હતી.

ઉપર કહ્યું તેમ વેવિશાળના લાંબા ગાળાએ અમને પરસ્પરને સમજવાની પૂરી તક આપી. મિ. કઝિન્સ વિષે પહેલી અણગમતી બાબત તો એ હતી કે તે શાકાહારનું ભૂત પકડી બેઠા હતા. પણ તેમણે કદી તે વિષે ઇશારો કે ઉપદેશ કર્યો નહોતો. તે મચ્છી, માંસ કે પક્ષીનાં ખાદ્યોને અડતા જ નહિ. શાકો, ફળો, મેવા એવી ચીજોથી ચલાવી લેતા. શાકાહારી રેસ્ટોરાં શરૂ થયાં હતાં, પણ મને તે વિષે વિચાર આવતો નહિ. એવામાં મારી સંગીતની પરીક્ષા આડે છ માસ બાકી

હતા ત્યારે સ્ફુરણા થઇ કે શરીર ટકાવવાને નાનાં કે મોટાં પ્રાણીઓની મારે માટે કતલ થાય, તેનું માંસ મારા ખોરાક માટે રંધાય, એ અવશ્યક છે જ નહિ. તો પછી આવી ક્રૂરતા અને દુષ્ટતાના ભાગીદાર બનવું તે ખૂન કર્યા બરાબર છે. હવે પછી હું જ્યારે મારા ખાનપાનમાં સ્વાધીન બનીશ ત્યારે હું શાકાહારી જ થઇશ. આ સંકલ્પ મારી આંતરિક ઉચ્ચ ભૂમિકામાંથી, આધ્યાત્મિક શક્તિમાંથી જન્મ્યો હતો અને તેમાંથી હું કદી ચલિત થઈ ન હતી. આ વાત મેં 'જિમ'ને કહી. તેની પાછળની નિષ્ઠા અને કારણ જાણી તેને બહુ જ આનંદ થયો. જેમ અમારા જાતીય સંબંધો વિષે તેનાં વચનોમાં મને શ્રદ્ધા હતી તે જ રીતે તેણે મારા આ ખાનપાન વિષયક વિચારોમાં શ્રદ્ધા બતાવી, ને સમજુ બાળકોની જેમ અમેઅરસપરસ અંદરથી ખૂબ જ સુખ અનુભવ્યું."

આમ, ડૉ. કઝિન્સ લખે છે, નાટક અને સંગીતથી અમારા સહજીવનનો પ્રારંભ થયો. અમારે ત્યાં હજી તાળપદું એકે નાટક ભજવાયું નહોતું, તેથી નૅશનલ લિટરરી સોસાએટીએ મારું 'Sword of Dermot' ભજવવાનું ઠરાવ્યું અને તેની ભજવણી સંભાળવાનું મને સોંપાયું. ઘણાં તરુણો એ કામમાં આકર્ષાયાં હતાં. એ બધાંને વખતસર હાજર રાખવાં, મનાવવાં, સંભાળવાંનું કઠણ કામ પાર પાડી નાટક પહેલી વાર ભરચક પ્રેક્ષકાગારમાં પાર ઉતાર્યું. પણ ધીરેધીરે મતભેદો અને ફાંટાઓ થવા માંડયા. અને ખટરાગોને કારણે આયર્લેંડના નાટકકાર તરીકેની મારી કારકિર્દી પર પડદો પડ્યો.

એક દિવસ અંદરની અજ્ઞાત લાગણીને વશ થઇ આ મનોમૂંઝવણ-કલ્પના અને સર્જનકાર્યને રૂંધતી નિરાશા-થી મુક્ત થવા મેં જુદેજુદે ૧૮ ઠેકાણે નોકરીની તપાસ કરી. તેમાં બે જ તરફથી જવાબ મળ્યા. એકમાં સાફ ના હતી; બીજામાં શહેરની એકમેવ હાઈસ્કૂલના હેડમાસ્તર તરફથી મળી જવા માટે નિમંત્રણ હતું. કોઈ નવલકથામાં વર્ણવ્યું હોય એવું એ પાત્ર હતું. તે ઊંચો, પડછંદ, ટાલિયો, દાઢીવાળો તથા ચીડિયા સ્વભાવનો અને ઠંડી નજર, લાંબા ઝભ્ભા તથા ચશ્માંવાળો અને અડગ તેમજ સર્વશક્તિમાન લાગ્યો. ટેબલ પર ટપાલ રાખવા માટે તેણે પોતાની આગળ યુનિવર્સિટીની ટોપી જ મૂકી હતી અને સત્તાની નિશાની રૂપ સોટી પાસે રાખી હતી! કેળવણીના તંત્ર માટે મેં ધારેલા પાત્ર કરતાં સાવ ઊલટું જ પાત્ર નીરખવાનો પ્રસંગ મને મળ્યો. છતાં દસ જ મિનિટમાં મેં ત્યાં આસિસ્ટંટ માસ્તરની નોકરી નક્કી કરી, અને ૧૯૦૫ની ૨૧મી ઑગસ્ટે તાળાકૂંચીવાળા ટેબલ આગળ હું ઊભો રહ્યો ત્યારે બસ્સો જોડી આંખો પ્રાર્થના કરતાંકરતાં દેવને બદલે આ નવા શિક્ષકને નિહાળી રહી.

સુભાષિત

· માલિની ·

दददु दददु गालीर्गालिमन्तो भवन्तः
वयमपि तदभावाद्गालिदानेऽसमर्थाः।
जगति विदितमेतद्दीयते विद्यमानं
न हि शशकविषाणं कोऽपि कस्मै ददाति॥

(અનુવાદ)

ધણી ય તમ ખજાને ગાળ, દોને યથેચ્છ,
વિવશ પણ અમે, ના ગાળ એકે ય પાસ;
જગતમહિં જનો સૌ હોય તે ચીજ દેતા,
કદી પણ સસલાનું શીંગ દેતાં સુણ્યા ના.

[વિવરણ: ક્રોધનાં અનિષ્ટ પરિણામો વિચાર્યા વિના નિરંતર ગાળોનો વરસાદ વરસાવ્યે જતા મનુષ્યો પ્રતિ નર્મ કટાક્ષથી ઓપતો અને શાંત છતાં સચોટ પ્રત્યુત્તર આપતાં આ સુભાષિત કહે છે કે, મનુષ્યો (પોતાની પાસે) જે ચીજ હોય છે તે જ બીજાને આપી શકે છે, અન્ય નહિ. જેમકે સસલાનું શીંગડું કોઈ માણસ બીજાને આપી શકતો નથી, કારણ કે, સસલાને શીંગડાં જ હોતાં નથી. તેવી જ રીતે અમારી પાસે પણ ગાળો નથી એટલે અમે તમને ગાળોથી શી રીતે બિરદાવી શકવાના? માટે થાકો નહિ ત્યાં સુધી લેશ પણ ચિંતા રાખ્યા વિના ગાળોનો વરસાદ વરસાવ્યે જ જજો! ચંડ ક્રોધાગ્નિ ઉપર શીતળ શાંતિજળનું સિંચન કરી ઉચ્ચ જીવન-સપાટી તરફ વધવાનો કેવો સુંદર અને સફળ પ્રયત્ન!

—ચંદ્રશંકર પંડ્યા]

મારી કવિતાઓની પ્રસિદ્ધિએ જે નામના મને અપાવી હતી તેના બળે જ, કોઈ ઉચ્ચ સંસ્થાનાં પ્રમાણપત્રો કે લાંબા અનુભવ વિના મને આ હાઇસ્કૂલમાં જગ્યા મળી ગઈ હતી. કેટકેટલા સારા ઘરના વિદ્યાર્થીઓ મારી પાસે ભણતા હતા! શાળાના ખુદ હેડમાસ્તરના બે છોકરા પણ તેમાં હતા. એમને ખબર પડી કે હું અવનવા વિચારો ધરાવતો આદમી છું અને અજબ વાતોમાં રસ લઈ શકું છું. એટલે એક વાર અમારા વિચિત્ર ખાણાનો લાભ લેવા જાતે નોતરું માગીને આવ્યા અને આહાર ઉપર પુષ્કળ ચર્ચા કરી. પરિણામે આફત એ થઇ કે મા, દીકરી અને દીકરાઓ (પિતા માત્ર બાદ) શાકાહારી બની ગયાં!

એક વાર એક શાળાનિરીક્ષક—ઇન્સ્પેકટર આવી ચડ્યો. તે વખતે વિદ્યાર્થીઓ ઉત્તર આયર્લૅન્ડનો ભૂસ્વરૂપ નકશો બનાવી રહ્યા હતા. એ જોતાંવેંત ભૂગોળનું શિક્ષણ તો આ રીતે જ અપાવું જોઇએ એવો તેનો મત થઈ ગયો. અમે ઘરનો એક નમૂનો બનાવ્યો, તેમાં છોકરાઓને કૂતરાનું ઘર બનાવવામાં ખૂબ રસ પડ્યો. હવાના પ્રવાહો જોવાનાં હાથબનાવટનાં ચકરડાં સ્કૂલને છાપરે મુકાયાં. છોકરાઓને બૅરોમીટર અને થર્મોમીટર બનાવતાં આવડી ગયું. રોજ ચંદ્ર પંદર મિનિટ મોડો ઊગે છે તે સમજાવતી આકૃતિઓ હવે તેઓ દોરી શકતા. પૃથ્વીની ધરી કેમ ફરે છે તે સમજાવવા પૂઠા પર દોરીથી ફરતાં સાધનો બનાવ્યાં ને ફાનસના પ્રકાશથી છતો ઉપર ઉપગ્રહોનાં ચિત્રો દ્વારા કોઇએ જોઈ ન હોય તેવી રાત્રિ બતાવી. એક વર્ષમાં આ વિષયમાં મેં એટલું સાહિત્ય તૈયાર કર્યું કે કવિકીર્તિ પામેલાને મૅાનસેલ કંપનીએ આઇરિશ માધ્યમિક શાળાઓ માટે 'આધુનિક ભૂગોળ' નામની ચોપડીના પ્રથમ કર્તા તરીકે જાહેર કર્યો.

એક વાર બહુ ઊંચા દરજ્જાના કેળવણી-અધિકારી છાનામાના મારા વર્ગમાં આવીને પાછળને બાંકડે બેસી ગયા. એમણે ભીંતો અવલોકી. ત્યાં અમે તે દિવસના હવામાનના આંકડા લખ્યા હતા. પછી જ્યારે સૌ છોકરા વિખેરાઈ ગયા તે પછી તેમણે મને વાત કરી કે ઑક્સફર્ડથી મિ. હર્બર્ટસન રજાના પંદર દિવસ દરમ્યાન ભૂગોળ-શિક્ષકોને અભ્યાસ કરાવવા રૉયલ કૉલેજ ઑવ સાયન્સમાં આવનાર છે તેના ડેમૅાન્સ્ટ્રેટર તરીકે મારી નિમણૂક કરવા તે આવ્યા હતા. મારાં જેવાંતેવાં સાધનો લઈ હું ત્યાં હાજર થઈ ગયો. મેં જોયું કે તે ભૂગોળના પાઠ નહોતા આપતા પણ તેનું સંશોધન કરતા હતા. એમની આંખમાં અજબ આશ્ચર્યો ચમકતાં. અરધો અભ્યાસ પૂરો થયા પછી તેમણે મને ઑક્સફર્ડ યુનિવર્સિટી માટે આયર્લૅંડની ભૂગોળ લખવા કહ્યું; પણ તે કામ શરૂ કરું તે પહેલાં ભવિષ્ય મારી જ ભૂગોળ ફેરવી નાખવાનું હતું! (ચાલુ)

માનવીને મારી નાખતો ત્રીજા નંબરનો રોગ ઍપોપ્લેક્સી

અને એક ભયંકર સામાજિક અનિષ્ટ પરમિયો

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

'માંદગીનાં મૂળ' લેખમાળાનો હપતો ૧૮

અંગ્રેજી વૈદકમાં એક કહેવત છે કે 'માનવીની ધમનીઓ (લોહીની નળીઓ) જેટલી તંદુરસ્ત એટલો એ તંદુરસ્ત છે' (A Man is as healthy as his arteries). લોકોક્તિની જેમ આમાં ઘણું સત્ય સમાએલું છે, અને એ સત્ય સેંકડો વર્ષ અગાઉ જેટલું સંગીન હતું તેટલું જ આજે પણ છે, પણ ફરક એટલો છે કે હાલમાં ધમનીઓના બગાડાનો કાંઈક આશાભર્યો ઉપચાર થઈ શકે એમ છે.

મગજની ધમનીઓના બગાડાને લીધે જે પીડા આવી પડે છે એને ઍપોપ્લેક્સી (Appolpexy) કે સ્ટ્રોક્સ (Strokes) કહે છે. આ જમાનામાં આ રોગ એટલો બધો વધ્યો છે કે માનવીને મારી નાખતા રોગોની વર્ગણીમાં સાતમાંથી એનું સ્થાન ત્રીજું છે. આની આગળના બે રોગો હૃદયરોગ અને કૅન્સર છે. દર વરસે હજારો લોકો (ગ્રેટ બ્રિટનમાં સિત્તેર હજાર ને અમેરિકામાં એક લાખ) ઍપોપ્લેક્સીથી મરે છે, ને બીજા ઘણા આ ઘાતક ઍપોપ્લેક્સીના ભોગ બને છે.

ઍપોપ્લેક્સીના ત્રણ પ્રકારો છે: સેરિબ્રલ (મગજનું) એમ્બોલિઝમ, સેરિબ્રલ થ્રૉમ્બૉસિસ અને સેરિબ્રલ હેમરેજ. ઍપોપ્લેક્સીના કેસોમાં ૫ ટકા એમ્બોલિઝમના, ૪૦ થી ૬૦ ટકા થ્રૉમ્બૉસિસના અને બાકીના ટકા હેમરેજના હોય છે.

સેરિબ્રલ એમ્બોલિઝમ: સિફિલિસ, ઑપરેશન કે બીજે કારણોસર પેદા થએલો લોહીનો ગઠ્ઠો (clot કે embolus) લોહીમાં ફરતો મગજમાં જઈ પહોંચે અને ત્યાં લોહીની નળીમાં દાટો વાગે એમ રોકાઈ જાય ત્યારે સેરિબ્રલ એમ્બોલિઝમની સ્થિતિ આવી પડે છે. આ સ્થિતિના ભોગ બનનાર માત્ર જુવાનો જ હોય છે.

સેરિબ્રલ થ્રૉમ્બૉસિસ થવાનાં કારણો અટપટાં છે. મગજની કે શરીરની લોહીની નળીમાં કોઈ કારણસર લોહીનો ગઠ્ઠો પેદા થાય છે. મોટા ભાગે તો આ કારણ રૂપે ધમનીઓનાં ચરબીદ્રવ્યોના અસ્તરમાંથી છૂટો પડેલો ગઠ્ઠો (Thrombus) હોય છે. મગજની લોહીની નળીઓમાં આ ગઠ્ઠાનો દાટો વાગવાથી થ્રૉમ્બૉસિસ થઈ આવે છે. કોઈક વાર જ્ઞાનતંતુઓની ખેંચને લીધે મગજની લોહીની નળી સંકોચાવાથી થ્રૉમ્બૉસિસ થઈ આવે છે.

લોહીના ઊંચા દબાણથી, કે લોહીની નળીની દીવાલોની નબળાઇના કારણે, કે એ બંને કારણો ભેગાં મળી, મગજમાં ધમની કે લોહીની નળી ફાટે ને મગજમાં લોહી નીકળી પડે ત્યારે સેરિબ્રલ હેમરેજનો અકસ્માત થઈ આવે છે. એમ્બોલિઝમ ને હેમરેજ બંને પ્રૌઢો ને વૃદ્ધોમાં થાય છે.


હવે આ ત્રણે સ્થિતિઓ વખતે શું બને છે તે જોઇએ. હૃદયમાંથી નીકળેલી લોહીની નળીઓના ફાંટાઓ આખા શરીરની જેમ મગજમાં પણ પથરાએલા છે. શરીરમાં ફરતું લોહી શરીરના કોષોને પ્રાણવાયુ ને બીજાં જરૂરી દ્રવ્યો પૂરાં પાડે છે. પણ ઉપર જણાવેલી ત્રણ સ્થિતિઓ વખતે, જે સ્થળે આવું બન્યું હોય ત્યાંથી આગળના ભાગમાં લોહીનું ભ્રમણ અટકે છે; મગજના કોષોને પ્રાણવાયુ અને પોષણ મળતાં બંધ થાય છે અને પરિણામે તે પ્રાણવાયુ વિના મરણ પામે છે. એક વાર મરણ પામ્યા પછી તે ફરી સજીવન થઈ શકતા નથી. શરીરની ક્રિયાઓનું નિયંત્રણ કરનારાં જે કેન્દ્રોના કોષો આમ મરણ પામ્યા હોય એના દ્વારા થતી ક્રિયાઓ અટકી પડે છે. આને આપણે લકવો કે પક્ષાઘાત (paralysis) થયો હોવાનું કહીએ છીએ.

લોહીની નળી ફાટે ત્યારે બેવડું નુકસાન થાય છે. મગજમાં લોહી ઢોળાવાથી આગળ જતો પ્રાણવાયુ અટકે તો છે જ, પણ જ્યાં લોહીની નળી ફાટી હોય ત્યાંના મગજના કોષોને ઈજા થવા સાથે ઢળેલા લોહીના દબાણથી બીજા ભાગોને પણ નુકસાન પહોંચે છે. જો લોહીની નળી ફાટવાથી વધારે લોહી નીકળી પડે તો તુર્તાતુર્ત મરણ આવી પડે છે, પણ મોટે ભાગે નાની ધમનીઓ અને કેશવાહિનીઓ તૂટવાથી થોડું લોહી નીકળી પડે છે. જો આમ હોય તો રોગી બેભાન બનતો નથી, પણ જરા વધારે લોહી નીકળી પડ્યું હોય તો બેભાનાવસ્થા પણ હોય છે.

મગજનાં ઊભાં બે અડધિયાં છે અને એમાંથી નીકળતા જ્ઞાનતંતુઓ સામસામાં અડધિયાંમાં ફંટાઇને ગોઠવાયા છે: ડાબા અડધિયાના જ્ઞાનતંતુઓ જમણા ભાગમાં અને જમણા મગજના ડાબામાં. આથી બને છે એવું કે જો મગજના ડાબા ભાગમાં ઈજા થાય તો શરીરના જમણા ભાગમાં લકવો થાય છે અને જમણા મગજમાં ઈજા થાય તો ડાબું શરીર પક્ષાઘાતી બને છે. મગજના કોષોની ઈજાના પ્રમાણમાં લકવાની ઉગ્રતા રહે છે. લકવા એક અંગનો કે અરધા શરીરનો હોય છે. મગજના ડાબા ભાગમાં વાણીનું કેન્દ્ર હોઈ એ ભાગમાં ઈજા થતાં શરીરના જમણા ભાગના લકવા સાથે બોલવાનું પણ બંધ થાય છે.

ઍપોપ્લેક્સી એકદમ નથી થઈ આવતી. એ થતાં અગાઉ ચેતવણીની નિશાનીઓ થાય છે. જેવી કે માથાના પાછલા ભાગમાં ને બરડામાં સખત દુખાવો, ઓચિંતા ચક્કર કે ભમાટ, બોલવામાં મુશ્કેલી, હાથપગ જૂઠા પડવા, ઝંઝણી ચડવી, નસકોરી ફૂટવી વગેરે. આવાં કોઈ ચિહ્નો જણાય કે તરત પથારીમાં આરામ સાથે વૈદકીય સારવાર લેવાય તો ઍપોપ્લેક્સી અટકી પડે છે કે એની અસરો ઓછી થાય છે.

બસ્સો જેટલું ઊંચું લોહીનું દબાણ રહેતું હોય તો છેવટે સેરિબ્રલ હેમરેજમાં પરિણમે છે. આ અંગે સાવચેતી રૂપે દર વરસે લોહીના



મગજનાં ઊભાં બે અડધિયાં છે, અને એમાંથી નીકળતા જ્ઞાનતંતુઓ સામસામાં અડધિયામાં ફંટાઈને ગોઠવાયા છે. ડાબા અડધિયાના જ્ઞાનતંતુઓ જમણા અડધિયામાં ને જમણાના ડાબામાં આવી બને છે એવું કે, જો મગજના ડાબા ભાગમાં ઈજા થાય તો શરીરના જમણા ભાગમાં લકવો થાય છે, અને જમણા ભાગમાં ઈજા થાય તો ડાબું શરીર પક્ષાઘાતી બને છે.

દબાણની તપાસણી થતી રહેવી જોઇએ. આમાં થએલો વધારો દવાથી અંકુશમાં રાખવામાં આવે તો હૃદયશૂળ અને ઍપોપ્લેક્સી જેવા પ્રાણઘાતક કે ભયાનક હુમલામાંથી અવશ્ય રક્ષણ મળે છે.

લોહીનું દબાણ ઊંચું ન હોય તો ગ્રૉમ્બૉસિસના કારણે ઍપોપ્લેક્સી થાય છે. વૃદ્ધોમાં કસરતના અભાવના કારણે ધરડી થએલી લોહીની નળીઓમાં ધીમે વહેતું લોહી થંભી જતાં ગઠ્ઠો બનવાથી ગ્રૉમ્બૉસિસનું જોખમ આવી પડે છે. વૃદ્ધો માટે વધારેપડતું ખાવું અને બીડી પીવી નુકસાનકારક છે. થોડો થોડો ખોરાક અનેક વાર લેવો સારો છે. બસ કે ટ્રેન પકડવા માટે દોડવાનો ઓચિંતો શ્રમ અને વારંવાર મેડાની ચડઊતર જોખમી છે. ચિંતા અને ઉશ્કેરાટને વેગળાં રાખવાં જોઇએ. રસ પડે એવા કોઇ કામમાં ગૂંથાએલા રહેવા સાથે આનંદી રહેવું જોઇએ.

ઍપોપ્લેક્સી થાય તો રોગી જ્યાં હોય ત્યાં જ એને આરામથી સુવાડી દેવો જોઇએ. છાતી અને ગળા ઉપરનાં સખત કપડાં ઢીલાં કરી નાખવાં જોઇએ કે જેથી શ્વાસોચ્છ્વાસની મુશ્કેલી ઊભી ન થાય. બેભાનાવસ્થા હોય તો મોઢું એક બાજુ ઢળતું રહે એવી રીતે રોગીને સુવાડવો જોઇએ કે જેથી ઊલટી થાય તો ગળામાં પાછી જવાની ધાસ્તી ન રહે. રોગીને બહુ અથડાવવો ન જોઇએ. જો રસ્તામાં હોય તો એને સ્ટ્રેચરમાં સુવાડી ઘેર લઈ જવો જોઇએ. બેભાન રોગીને મેડે ચડાવવાની મૂર્ખાઈ કદી ન કરવી જોઇએ. રોગી પાસે ઘોંઘાટ, ધમાલ કે ચિંતાનું વાતાવરણ ઊભું ન કરવું જોઇએ. જાગ્રત બનેલો રોગી આ બધાથી પાછો પટકાવાની દહેશત છે. ખોટી દોડધામ, ધાંધલ, દુઃખ અને ભય વિનાના શાંત વાતાવરણમાં દાક્તરને પણ સારવાર કરવાનું સરળ પડે છે.

ઍપોપ્લેક્સીની કરુણતા લકવો થવામાં છે. હાથ કે હાથપગ બંને કામ કરતા અટકી પડે એટલે જાણે કે અરધા શરીરે જીવવામાં ઘણી આપદા અને નિરાધારી ઉઠાવવાં પડે છે. જીવતર કવરધું થઈ પડે છે. પણ હવે લકવો થએલાં અંગોને કામ કરતાં કરવા માટે ખાસ કસરતો, ને પાણી તથા વીજળીનાં સાધનો અસ્તિત્વમાં આવ્યાં છે.

વળી મગજનાં સાજાં કેન્દ્રોને ઈજા પામેલાં કેન્દ્રોનું કામ સ્વીકારી લેતાં શીખવવાનું છે. આ કામ કાંઈ સહેલું નથી, પણ પ્રયત્ન કરવામાં આવે તો સફળતા મળે એમ છે. અબોલ બનેલા રોગીના મગજના સાજા પાયાકેન્દ્રને કેળવણી આપવાની છે. આપણે અંગ્રેજી જાણતા ન હોઇએ છતાં એક અંગ્રેજને ગુજરાતી શિખવાડવામાં જેટલી મુશ્કેલી ને મહેનત ઉઠાવવાં પડે એવું આ અઘરું કામ છે. ચિત્રો, ઇશારત, શુદ્ધ ને ચોખ્ખા ઉચ્ચાર ઉપરાંત અખૂટ ધીરજની આમાં જરૂર છે. પશ્ચિમના દેશોમાં એફેઝિયા ક્લિનિકમાં બાર પંદર મહિનાની મહેનત બાદ અબોલ રોગીઓમાં ૨૫ ટકા ધંધે વળગી શકે એવા અને ૫૦ ટકા કામગરું જીવન ગુજારી શકે એવા સાજા થયા હોવાની નોંધ છે.

જાણવા જેવું છે કે લકવો થવાથી કારકિર્દીનો કંઈ અંત આવતો નથી. નિરાશ અને નિરુત્સાહ થવાની જરૂર નથી. ખ્યાતનામ ફ્રેન્ચ વિજ્ઞાની લૂઈ પાસ્તરને ૪૬મા વર્ષે સેરિબ્રલ ગ્રૉમ્બૉસિસના કારણે લકવો થઇ આવ્યો હતો. એની સ્થિતિ અસાધ્ય સમજી રાજ્યે નિરધારેલું પ્રયોગશાળાનું બાંધકામ બંધ રાખ્યું. આ જાણી પાસ્તરની સ્થિતિમાં વધારે બગાડો થયો. મિત્રોએ ફ્રાન્સના રાજા ત્રીજા નેપોલિયનને વિનવણી કરવાથી બાંધકામ જારી રહ્યું. આથી પાસ્તરને આરામ થવા માંડ્યો અને પછી એણે નવી પ્રયોગશાળામાં સત્તાવીસ વર્ષો પર્યંત સંશોધનકામ કરી હડકવા અને બીજા છ રોગો ઉપર વિજય મેળવ્યો! સર જોશુઆ રેનૉલ્ડ્ઝે ૫૯ વર્ષની ઉંમરે લકવાની બીમારી ભોગવ્યા બાદ નવા સો ચિત્રો દોર્યા હતાં! લકવો થઈ ગયા બાદ જ્યૉર્જ ફ્રેડરિક હેન્ડલે ચિરંજીવ કાવ્યોની રચના કરી ઘણાં વર્ષોનું આયુષ્ય ભોગવ્યું હતું.

પરમિયો

વ્યભિચારને પાપ લેખવામાં આવ્યો છે. અને એ પાપ કરનારને જાણે કે શાપ ના મળતો હોય એમ એને ચાંદી (સિફિલિસ) અને પરમિયાના જાતિનેય રોગોની પ્રાપ્તિ થાય છે. ચાંદી વિષે આપણે અગાઉ જોઈ ગયા. હવે પરમિયા (ગૉનૉરિયા) વિષે.

પરમિયો (Gonorhœa) એ માનવીને પીડતો જૂનામાં જૂનો વ્યાધિ છે. પુરાણા ચીનના વૈદકમાં એનો ઉલ્લેખ છે. બાઈબલના લેવિટિકસના પંદરમા પ્રકરણમાં એના વિષે ઉલ્લેખ છે: 'યહોવાહે મુસાને તથા હારૂનને કહ્યું કે કોઈ પુરુષના અંગમાં સ્રાવનો રોગ હોય તો તેના સ્રાવના કારણે તે અશુદ્ધ છે.' આયુર્વેદાચાર્યોએ પ્રમેહનું વર્ણન કર્યું છે, પણ તે 'પરમિયો' નથી એ જાણવા જેવું છે. પંદરમી સદીમાં યુરોપભરમાં સિફિલિસનો રોગચાળો ફાટી નીકળ્યો તે વખતે સિફિલિસ અને પરમિયાના રોગો વચ્ચે ગૂંચવાડો ઊભો થયો. સોળ વર્ષની ચર્ચાઓ બાદ ૧૮૨૪માં પણ આ બંને રોગો એક હોવાનું કોર્ટ રૂલિંગ (ચુકાદો) આવ્યું હતું. પછી થોડાં વર્ષો બાદ ફિલિપી રીકોર્ડના સાંગોપાંગ અભ્યાસના પરિણામે સાબિત થયું કે આ બંને રોગો જુદા છે. ૧૮૭૯માં જર્મનીના આલ્બર્ટ નીસેરે પરમિયાના કૉફીના દાણા આકારનાં જોડકાંમાં રહેતા જીવાણુઓ શોધી કાઢ્યા. આથી આ રોગના આધુનિક નિદાન અને ઉપચારનો પાયો નંખાયો.

ચેપ લાગ્યા પછી ત્રણ કે આઠ દિવસની અંદર રોગીને અસુખ લાગવા માંડે છે. પેશાબમાં લાહ્ય કે બળતરા બળે છે. થોડા વખત પછી પેશાબની ઇંદ્રિયમાંથી જાડું પરુ આવે છે. એમાં નરી આંખે ન દેખાય એવા સૂક્ષ્માતિસૂક્ષ્મ લાખો જીવાણુઓ હોય છે. આથી આ પરુનું સૂક્ષ્મ પ્રમાણ પણ અતિગણું ચેપી (infective) છે. પેશાબની ઇંદ્રિય દાહવાળી, લાલરંગી અને સૂઝેલી હોય છે. પુરુષમાં આ બધાં લક્ષણો ચોખ્ખાં હોય છે, પણ સ્ત્રીમાં તે ઓછાં હોવાથી તે તેના તરફ બેધ્યાન રહે છે કે એને ગણનામાં નથી લેતી. આ કારણથી આ રોગવાળી ઘણી સ્ત્રીઓને ચિરકાળી કે સુષુપ્ત પરમિયાની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

દાકતર રોગીને ચેપ લાગવાના કારણની તપાસ કર્યા વગર રહેતો નથી. રોગી મૂતરડીમાંથી કે બીજાના વાપરેલા ટુવાલમાંથી ચેપ લાગ્યાના જૂઠાણા સિવાય બીજું કહેતો નથી. વિજ્ઞાને તો સાબિત કર્યું છે કે પરમિયો આ રીતે લાગુ પડતો જ નથી. તે ફક્ત સંભોગ દ્વારા જ લાગુ પડે છે. એ વખતે રોગવાળી વ્યક્તિનો ચેપ સામાને લાગુ પડે છે. રોગીનો ઇતિહાસ અને રોગનાં લક્ષણો જાણ્યા-જોયા બાદ દાક્તર ઇંદ્રિયમાંથી આવતા પરુનું ટપકું કાચની સ્લાઈડ પર લઈ, તેને સૂક્ષ્મદર્શક યંત્ર નીચે મૂકી, પરમિયાના જીવાણુઓ તપાસી લઈ, રોગની ચોકસાઇ કરે છે.

પરમિયાનો ચેપ જો પુરુષની મૂત્રનળીમાં જ હોય તો તે સહેલાઈથી મટી જાય છે. પણ જો તે અંદરના અવયવોમાં પહોંચી વળે તો એની સારવાર અને સફળતા બંને અસંતોષકારક નીવડે છે. કોઈક દાખલામાં ચેપ આગળ વીર્યવાહક નળીઓમાં અને શુક્રગ્રંથિઓમાં પહોંચી જાય છે. અહીં શુક્રગ્રંથિના ભાગ એપિડીડીમિસમાં સોજો આવતાં એપિડીડીમાઇટિસ થઈ આવે છે. આથી શુક્રગ્રંથિમાં સોજો, વેદના, તાવ વગેરે ચિહ્નો હોય છે. એપિડીડીમિસમાં સોજો આવતાં વીર્યવાહક નળી બંધ થાય છે. જો બંને એપિડીડીમિસમાં આવું થાય તો શુક્રગ્રંથિઓમાંથી શુક્રજંતુઓ બહાર નીકળી ના શકવાથી પુરુષ વંધ્ય બને છે.

સ્ત્રીઓમાં જીવાણુઓ મૂત્રનળી, યોનિ ને ગર્ભગ્રીવા(cervix)માં વાસ કરે છે. કોક દાખલામાં ચેપ આગળ વધી ગર્ભાશયના આવરણ, બીજવાહક નલિકાઓ કે બીજગ્રંથિઓ સુધી પ્રસરી વળે છે. બીજગ્રંથિઓ અને બીજવાહક નલિકાઓમાં ઉગ્ર ચેપ લાગવાથી સ્ત્રી વંધ્ય બને છે.

પરમિયાના જીવાણુઓ સાંધાઓમાં જઇ પહોંચે ત્યારે સાંધાઓના સોજા(arthritis)નું દુષ્ટ પરિણામ આવી પડે છે. તીવ્ર સોજાને લીધે સાંધો કાયમને માટે અક્કડ બની જાય છે. ઘૂંટણ-ઘૂંટી, કે કરોડના ઘણા સાંધાઓમાં આ સોજો આવતો હોવાથી પરમિયાને યથાર્થરીતે 'મહાન અપંગ બનાવનાર'(great crippler) તરીકે ઓળખાવાય છે.

પરમિયામાં સિફિલિસની જેમ ગર્ભસ્થ બાળકને ચેપ તો નથી લાગતો, પણ રોગિષ્ઠ માતાના યોનિમાર્ગમાંથી પ્રસવ વખતે બહાર નીકળતા બાળકની આંખોને ચેપ લાગુ પડે છે. આનો જો તાત્કાલિક ઉપાય ન થાય તો બાળક આંધળું બને છે. પ્રસૂતિગૃહમાં જન્મતા દરેક બાળકની આંખોમાં જંતુનાશક દવાનાં ટીપાં મૂકવામાં આવતાં હોવાથી પરમિયાને લીધે આવતા અંધાપાનું પ્રમાણ હવે ઘણું ઘટ્યું છે.

ક્વચિત નાની બાળાઓ પરમિયાનો ભોગ બને છે. ચેપવાળા પુરુષની સાથે સૂવાથી કે તાજા લાગેલા ચેપવાળા ટુવાલના સ્પર્શથી બાળાઓને ચેપ લાગવાથી 'વલ્વો-વેજીનાઇટિસ' (યોનિનો દાહ) થઈ આવે છે. અપરિણીતા બાળા સાથે સંભોગ કરવાથી રોગ મટી જવાની પ્રચલિત માન્યતાવાળા અણઘડ નોકર હોય તો માલિકની કે પછી પરાયી બાલિકા સાથે સંભોગની ચેષ્ટા કરી બેસી તે નિર્દોષને રોગી બનાવે છે.

ઈ. સ ૧૯૩૦ની સાલમાં સલ્ફા ઔષધિઓ શોધાયા અગાઉ પરમિયાનો કોઇ સચોટ ઉપચાર ન હતો. સિલ્વર નાઇટ્રેટ કે બીજી જંતુઘ્ન દવાઓના વપરાશથી રોગીને મટતું, કે જિંદગી પર્યંત એની માઠી અસરો (complication) ભોગવવી પડતી હતી. એક માઠી અસર સ્ટ્રિક્ચર ઑવ યુરેથ્રા નામની છે. ચેપને લીધે મૂત્રનળીમાં સોજો ને ચાંદાં પડે છે. ચાંદાં રુઝાતાં જાય ને નવાં થતાં જાય છે. આ બધું મૂત્રનળીની ભીતરમાં થતું હોવાથી આની રોગીને કશી જાણ તો પડતી નથી, પણ ચાંદાંને લીધે પેશાબમાં બળતરા બળે છે. મૂત્રનળીની સામસામી દીવાલોનાં ચાંદાંઓ એકઠાં મળી ગંઠાઈ જતાં મૂત્રનળી બંધ થવાથી સ્ટ્રિક્ચર ઑવ યુરેથ્રાની સ્થિતિ ઊભી થાય છે. આ માટે ઑપરેશન કરાવવું પડે છે.

સલ્ફા ઔષધિઓથી પરમિયા ઉપર વિજય પ્રાપ્ત થયો ખરો, પણ થોડા વખતમાં માલૂમ પડ્યું કે પરમિયાના અમુક પ્રકારના જીવાણુઓ આ દવાને ગાંઠતા ન હતા. પણ આ અરસામાં પેનિસિલિન શોધાયું અને પરમિયા ઉપર પૂર્ણ વિજય મેળવાયો છે. આ દવાના એક ઇન્જેક્શનથી નેવું ટકા રોગીઓને આરામ થાય છે. બાકીનાને બીજા કે ત્રીજા ઇન્જેક્શનથી રોગ જડમૂળમાંથી મટી જાય છે.

પરમિયો ને સિફિલિસ સામાજિક અનિષ્ટો છે. દવાથી આ રોગો મટે છે તો ખરા, પણ સામાજિક આરોગ્યની દૃષ્ટિએ એમની નાબૂદી મુશ્કેલીભરેલી છે. બીજા કેટલાક ચેપી રોગોની જેમ આ રોગો માટે રોગનિવારક રસી શોધાઈ નથી. આ રોગના રોગીઓને વ્યભિચારનું દૂષણ વળગેલું હોઇ તે વારંવાર રોગનો ભોગ બન્યા વિના રહેતા નથી, અને રોગી બન્યા પછી બીજાઓને પણ ચેપ લગાડવાનું ચૂકતા નથી.

આ બદીનો ઉપાય એકલી દવા નથી, પણ જનતામાં રોગ અંગેના જ્ઞાનના ફેલાવાની, રોગનાં લક્ષણો ને ચિહ્નો, એના ફેલાવાનાં કારણો, એની આરોગ્ય તથા કુટુંબ પરની માઠી અસરો વગેરે જ્ઞાનના ફેલાવાની અત્યંત આવશ્યકતા છે. જ્ઞાનની સાથે ચારિત્ર્ય કેળવવાની પણ જરૂર છે. ઘરમાં, શાળામાં, છાત્રાલયોમાં, રમતનાં મેદાનોમાં અને મંદિરોમાં મનની પવિત્રતા અને આત્મનિગ્રહ કેળવવાનો બોધ આપવાની જરૂર છે. રોગને અંકુશમાં આણવાના દાક્તરોના પ્રયાસો સાથે રોગનો ફેલાવો થવાનું અને ફરી વાર રોગ બનવાનું અટકે તો આ જાતિનેય રોગોની નાબૂદી હાથવેંતમાં આવી આપણું સામાજિક આરોગ્ય ચોક્કસ સુધરે.

જાતિનેય રોગોની નાબૂદીની જેહાદમાં મદદ કરવાની દરેક નાગરિકની ફરજ છે. આ રોગો ફેલાવનાર વેશ્યાગૃહોની નાબૂદીના ધારા ઘડવાની ચળવળ ઉપાડવી જોઇએ. અવળા રસ્તે વળેલી પતિતાઓના ઉદ્ધાર કાજે સક્રિય બનવું જોઇએ ને જાતિનેય રોગો અંગે જ્ઞાન-પ્રચાર કરવો જોઇએ.

પોર્ટુગાલની સરકારે, હિંદમાંનાં પોતાનાં સંસ્થાનોને સાડા ચારસો વર્ષ થયાં તે નિમિત્તે બહાર પાડેલી છ ટિકિટોનો સેટ દીવથી શ્રી યશવંત શાહે મોકલ્યો છે. તે પૈકી પાંચ સામે (જરા મોટી કરીને) આપી છે. મથાળે પ્રથમ ફ્રાન્સિસ્કો ડ આલ્મેઈડા, પછી વાસ્કો દ ગામા, ને છેલ્લે ફિલિપ નેરી ઝેવીઅરની તસવીરો છે. નીચેની ટિકિટો પર અનુક્રમે વસઇ ને દમણના કિલ્લાનાં પ્રાચીન ચિત્રો જણાય છે.











↑ઇન્ડોનેશિયાએ અંધજનોના સહાયક ફંડ માટે કાઢેલી આ ચાર ટિકિટોમાં ઉદ્યોગો તથા અભ્યાસ કરતા અંધજનોનાં ચિત્રો છે. ટિકિટની કિંમત ઉપરાંત +૧૦ વગેરેથી દર્શાવેલા નાણાં ફંડમાં જશે. (કાંતિકુમાર દોશી)



પચ્ચીસ વર્ષ પહેલાં



જેઠ ૧૯૮૭
અંક ૯૦

દરેક અંકનું પૂઠું તૈયાર સામગ્રીની અવનવી રચનામાત્રથી જ અભિનવ કરવાની પહેલ પણ ગુજરાતી સામયિકોમાં 'કુમારે' જ કદાચ કરી, અને મુદ્રણની એ રચનાકલામાં 'કુમાર'ની આજે પ્રતિષ્ઠા છે એ હકીકત વાચકોથી અજાણી નહિ હોય; પણ 'કુમાર'ની એ સયોજન-કલાની પહેલી જાહેર કદર, આજથી બરોબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકનું પૂઠું (જુઓ ઉપર) નાના સ્વરૂપમાં છાપીને 'બૉમ્બે ક્રૉનિકલ'માં તેના કલાવિભાગના તંત્રી સ્વ. કનૈયાલાલ હરદેવરામ વકીલે ઉચિત પ્રશંસા-નોંધ સાથે કરેલી એ વાતનું સ્મરણ આ તકે સંતોષ સાથે લઈએ છીએ.

ઈ. ૧૯૩૧ના માર્ચની કાનપુરની હિંદુ-મુસ્લિમ ખૂનામરકી વખતે એ બંને કોમના સેવાયજ્ઞની વેદી પર અપૂર્વ પ્રેમ, શ્રદ્ધા અને દ્રઢતાથી આત્મસમર્પણ કરનાર પંડિત ગણેશશંકરજી વિદ્યાર્થીનું નામ, ભારતની વીરકથાઓમાં આદર્શ બલિદાનનો મહિમા ગાતું સદાને માટે ઝળહળી રહેશે. પચ્ચીસ વર્ષ પરના 'કુમાર'માં એમનું પ્રેરક ચરિત્ર આવેલું; જોકે અહીં તો તેનો પરિચયાત્મક ભાગ જ ઉતારી શકાશે.

"એક નાના સરખા ઘરમાં એક સાધારણ મહેતાજીને ત્યાં મામૂલી હાલતમાં એમણે જન્મ લીધો; કેવળ આપબળથી ઉર્દૂ, હિંદી અને અંગ્રેજીનું જ્ઞાન સંપાદન કરી પોતાનાં બાવડાંના બળ વડે 'પ્રતાપ' પત્ર જેવી મહાન લોકહિતૈષી સંસ્થા ઊભી કરી; હિંદી સાહિત્ય અને જનતાની અંગ તોડીને એમણે સેવા કરી; રાજનૈતિક પ્રગતિની કૂચમાં કાનપુરને એમણે સંયુક્ત પ્રાંતોનું એક મજબૂત કેન્દ્ર બનાવી દીધું; અને અંતે, હિંદુમુસ્લિમ એકતાના ભીષણ સેવાકાર્યમાં ઝંપલાવી, શહીદના મૃત્યુને વરી પોતાની જાતને અમર બનાવી દીધી. એક અદના પતુજીનો એ છોકરો વીસ વર્ષના પુરુષાર્થી જીવનમાં એક પ્રાંતનો નેતા અને હજારોના હૃદયની જ્યોતિ બનીને મર્યો.

ધંધે એ પત્રકાર હતા; પણ ખરા તો સેવક હતા. એ એકલા અખબારનવીશ નહોતા; એ એક પ્રેરક શક્તિ હતા; મહાન કર્મવીર હતા. એકલા યુક્ત પ્રાંતના જ નહિ, પણ ઉત્તર અને મધ્ય હિંદનાં બીજાં અનેક સ્થળોના નવયુવકો, આશાભર્યાં વિદ્યાર્થીઓ, લેખકો, કવિઓ, દેશસેવકો—સૌને એમણે વર્ષોથી અનુ-પ્રાણિત અને ઉત્સાહિત કર્યાં. ગણેશશંકરજી એક કેન્દ્ર રૂપ હતા જ્યાંથી અનેક કાર્યોના જન્મ અને સંચાર થયા કરતા. એ સહસ્રબાહુ હતા. ખેડૂતો પર ગોળીબાર થયો, ગણેશજી દોડયા જ છે; મજૂરોની હડતાલ પડી કે ગણેશજી ત્યાં પહોંચ્યા જ હોય; કોઈ દેશી રાજ્યમાં આંદોલન ચાલ્યું કે ગણેશજી ને એમનું 'પ્રતાપ' પત્ર એની સહાય માટે ખડે પગે તૈયાર. અને માત્ર કલમ ચલાવીને જ એ નહોતા બેસી રહેતા; જે કામ હાથમાં લેતા તેને પાર પાડવાને માટે જાન પણ હોડમાં મૂકવાને એ તૈયાર રહેતા.


વીરતા એમની રગેરગમાં વહી રહી હતી. સત્ય ને ન્યાયને ખાતર નીડરતાથી ઝૂઝવામાં એમણે જિંદગી ગાળી. ધમકી, હુમલા, આક્રમણ—કશાની સામે એમણે લેશમાત્ર મચક આપી નથી. માનહાનિના કેટલા યે મુકદ્દમા એમણે વીરતાથી ખેડયા; કેટલી યે જેલયાત્રાઓનાં સંકટ શૌર્યથી ખમ્યાં; ને એમના જીવનનો અંત પણ એક અદ્ભુત બલિદાન રૂપે એમની વીરતાનું અમર સ્મારક રાખનારો બન્યો.

પૂ. મહાત્માજી, પં. જવાહરલાલજી, સરદાર પટેલ, શ્રી મહાદેવ દેસાઈ તથા ભારતભરના અનેક નેતાઓ અને માન્ય વ્યક્તિઓએ વિદ્યાર્થીજીને અતિ હૃદયદ્રાવક શબ્દોમાં પોતાની ભાવાંજલિ અર્પી. હિંદી રાષ્ટ્રીય સાપ્તાહિક 'કર્મવીર'ના તંત્રી શ્રી માખનલાલજી ચતુર્વેદીએ એમને અંજલિ આપતાં લખ્યું કે 'હિંદી સંસારનું તેજ, યુક્ત પ્રાંતના યુદ્ધનો આત્મા, યુવકોનો માર્ગદર્શક, રાષ્ટ્રનો પ્રધાન સ્તંભ, મહાત્માજીનો વીર સેનાપતિ અને હિંદ માતાના મુકુટનો અમૂલ્ય મણિ અમારી પાસેથી ઝૂંટવાઈ ગયો છે. અનેક મિત્રોની ઉજ્જ્વલ આશા અને ભારતીય યુવકોના નવીન જીવનના પ્રણેતા સમા વિદ્યાર્થીજી વિના હિંદી સાહિત્ય અને સંપાદનકળા જાણે વિધવા જેવાં લાગે છે. ખેડૂતોના સહાયક, મજૂરોના હૃદય સમા અને હિંદુ-મુસ્લિમ એકતાના આદર્શ ગણેશશંકરના ગયા પછી હવે બાકી રહ્યું શું?'

'હંસે' લખ્યું. 'એ કાંઈ બહુ ભારે વિદ્વાન ન



ીજની કલા જુદાજુદા દેશોમાં, ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, જુદીજુદી સ્થિતિમાં દેખાય છે. દક્ષિણ ધ્રુવના પ્રદેશમાં સૂર્યાસ્ત પછી
રત બીજ જોઇએ તો તેનો એક છેડો તદ્દન ઊંચો ને સહેજ જમણી બાજુ ઢળતો જણાશે. આ અક્ષાંશમાં સૂર્યનું ભ્રમણ ઉત્તર તરફનું હોય
અને આથમતી વખતે તે જમણીથી ડાબી બાજુએ સહેજ વળાંક લે છે. ચંદ્રની ગતિ પણ સૂર્યની પેઠે જ હોવાથી તે પણ એ જ રીતે વાંકો
પાથમે છે. અને ખગોળ જાણનારા તો સમજશે કે બીજની બે અણીઓ હમેશાં સૂર્યથી વિરુદ્ધ દિશામાં જ હોય છે, એટલે ત્યાં બીજની કલા
રીતે દેખાય છે. ઉપલાં ચિત્રોમાં પહેલું દક્ષિણ ધ્રુવના પ્રદેશમાં દેખાતી બીજનું, બીજું ચિત્ર દક્ષિણ શીતોષ્ણ કટિબંધના દેશોમાંના ચંદ્રોદયનું,
ીજું વિષુવવૃત્ત ઉપરના પ્રદેશમાંના નવચંદ્રદર્શનનું, ચોથું ઉત્તર શીતોષ્ણ કટિબંધ પ્રદેશોનું ને છેલ્લું ચિત્ર ઉત્તર ધ્રુવપ્રદેશમાંના બીજદર્શનનું છે.



સાચા અર્થમાં શિલ્પસમૃદ્ધિ ધરાવતા હળેબીડના છત્રકેશવના મંદિરમાં કળશથી તે તળિયા સુધી બારીક કારીગરીવાળું સુંદર શિલ્પ ભરેલું છે. 'સમૃદ્ધિ'ના ખરા અર્થમાં અહીં શિલ્પની સમૃદ્ધિ ભરી છે.

હતા; મોટી મોટી ડિગ્રીઓ પણ ન હોતી મેળવી; પણ હૃદયમાં સેવાની એવી લગની હતી કે જેણે એમની લેખિનીને ઓજસ્વિતા, એમની ભાષાને સ્ફૂર્તિ, એમની વાણીને પ્રભાવ તથા એમના વ્યક્તિત્વને ગૌરવથી રંગી નાખ્યાં."

ફૂલોનું સૌન્દર્ય અને શાસ્ત્રીયતા સમજાવતા શ્રી અંબાલાલ પુરાણીના એ અંકમાંના એક નાના લેખમાંની થોડી વાનગી:

"પુષ્પો માનવને માટે અર્થભર્યા સૂચકો થઈ રહે છે અને તેથી જ જીવનના મહાપ્રસંગોમાં—લગ્ન, ધાર્મિક ક્રિયા, પૂજા, જન્મ, યુદ્ધ કે મૃત્યુના પ્રસંગોએ—માનવી પુષ્પનો ઉપયોગ કરે છે. જીવનના ક્રમવિકાસનું અને તેની પરમ સાર્થકતાનું તે પ્રત્યક્ષ સ્વરૂપ છે. આપણી પાસે વિવિધ રૂપ અને રંગમાં સજ્જ થઈને આવનાર પુષ્પ કેવળ અર્થહીન છે એમ કોણ કહી શકશે? જો આપણે તેની સાથે એકતા સાધી શકીએ તો, પ્રત્યેક પુષ્પ આપણને તેનો વિશિષ્ટ અર્થ, પોતાનો સંદેશ આપી શકે છે.

દરેક પ્રજા પુષ્પ પ્રત્યે જુદું જુદું વલણ ધરાવે છે. જાપાનની પ્રજાએ પુષ્પ પ્રત્યેનું પોતાનું વલણ રસવૃત્તિ કેળવી કેળવીને એવું તો ઉન્નત અને ભાવભર્યું બનાવ્યું છે કે ઘરના ઉત્તમોત્તમ ઓરડાને પુષ્પ વડે સુશોભિત કરવાની રસવૃત્તિમાં તેઓ બીજી બધી પ્રજાઓ કરતાં ચડિયાતા છે. કરમાએલાં પુષ્પોના વિસર્જનમાં પણ તેમની સુકુમાર નાજુક વૃત્તિ પરદેશીને મુગ્ધ કરે છે. પ્રાચીન બૌદ્ધ સાધુઓ ઘણી વાર પોતાના ખંડમાં કેવળ પુષ્પોની વિશિષ્ટ રચના વડે પોતાના અતિથિઓને કે શિષ્યોને વગર બોલ્યે બોધ આપતા!

આપણા ગુજરાતમાં હિંદના બીજા કેટલાક પ્રાંતો જેવો પુષ્પોનો શોખ નથી એ શોચનીય છે. પુષ્પોની કાળજી, બાગકામનો શોખ, પુષ્પો માટે સ્વાભાવિક મૃદુતાભરી લાગણી અને સંભાળ વગેરે આપણી વ્યાપારી વૃત્તિવાળી પ્રજામાંથી ઘસાઈ ગયાં છે. આપણા ઘરની શોભામાં, શહેરોની રચનામાં, ગામડાંના જીવનમાં વૃક્ષોને, પુષ્પના છોડોને કે પુષ્પોને સ્થાન નથી એ અફસોસની વાત છે."

ભારતનાં શિલ્પ-સાહિત્યનો પરિચય આપતી ડૉ. હરિપ્રસાદની રસભરી લેખમાળામાં આ હપતે દક્ષિણ ભારતનાં મંદિરોનો પરિચય આપેલો, તેમાંથી માત્ર થોડી જ વાનગી:

"બેલુરમાં હોયશળ વંશના નૃસિંહવર્માએ પોતાને તથા પોતાની સ્ત્રીને માટે બંધાવેલાં કેશવનાં બે વૈષ્ણવ મંદિરો છે. એ મંદિરના મંડપના સ્તંભ એકએકથી અલગ, એકએકથી વિવિધ અને જાણે એકએકથી ચડિયાતી કારીગરીવાળા છે, અને મંડપની ઉપર તથા ઘૂમટ નીચે બધે સુંદર પૂતળીઓ છે. તેના પર ઝીણી કોતરણી અને ઉત્તમ વસ્ત્રાલંકાર બહુ બુદ્ધિકૌશલથી કોતરવામાં આવ્યાં છે. એક પૂતળીના હાથની બંગડીઓ હાથમાં ફરી શકે છે, અને માથા ઉપર બાંધેલી બંધીનું બોર ઊંચુંનીચું થઈ શકે છે! અને આ બધું એક અખંડ પથ્થરમાંથી કોરેલું! શી કારીગરી!

બહારની રચના યે અજબ છે. આખું રામાયણ પથ્થરમાં કોરી કાઢેલું છે. અહીં સાંચી જેવી માત્ર ઉપસાવેલી મૂર્તિઓ (ભાસ્કર્ય) નથી, પરંતુ મંદિરને જમણે અને ડાબે પડખે રામાયણના મુખ્ય બનાવો બબ્બે ત્રણત્રણ ફીટની મૂર્તિઓ દ્વારા પથ્થરમાં દર્શાવ્યા છે. ઉપરાંત નૃત્ય, સંગીત વગેરે કરતી સુંદર મદનિકાઓની ઘાટીલી મૂર્તિઓ છે. 'સમૃદ્ધિ'ના ખરા અર્થમાં અહીં શિલ્પની 'સમૃદ્ધિ' ભરી છે."




ખંડ ૩૨ : માનવીનાં મોલ

નેગુમ્બુ=નીર કોડમ્બુ. કોડમ્બુ એટલે ગાયની ખરી. ખરીના આકારની ખાડી તે નેગુમ્બુ. અપભ્રષ્ટ થયું કોલમ્બો. સિંહલનું પુરાણું બંદર. વર્દ્ધમાન શેઠની પેઢી તો પુત્તલૈં નગરીમાં હતી. અહીં શેઠિયાઓ રસાલા સાથે ઊતર્યા. મહિનો માસ રોકાવાના હતા. અહીં કસ્તૂરચંદ શેઠનું સાસરું હતું. કસ્તૂરવહુ ખરેખર 'લંકાની લાડી' હતી. એનાં માબાપ વિદ્યમાન ન હતાં, પણ કાકા પુત્તલૈંમાં હતા, ભાઈ જાવામાં હતો. કસ્તૂરવહુને બેય પડખે વહાણવટું હતું : વહાણવટીનાં પુત્રી અને વહાણવટીનાં વહુ. જ્યારે બેય શેઠિયાઓને ફેર ચડતા હતા ત્યારે કસ્તૂર શેઠાણીએ હજુ એકે ટંક જમવાનું મોકૂફ નહોતું રાખ્યું.

શેઠિયાઓ ઊતર્યા એટલે 'રાવળનાથ' ઉપર પરમાટી આવી અને ગુલામી ભંડક ઊઘડયાં.

મહાલદ્વીવને રસ્તે બીજી જ સવારે ગુલામોની આંકણી શરૂ થઈ. સથા પરની નાની ચોકી ઉપર નાખવો બેઠો. સથાની બેય રાંગે બેડિયાતો ગોઠવાઈ ગયા. ચાર ચાબૂકદારોએ ભડકનાં મોં ખોલ્યાં. આ ભારતીય ગુલામો હતા. એ કલ્હોરા ન હતા, સીદી પણ ન હતા. આટલા દહાડાની બધેજથી ના-તવાન બની ગયા હતા. એમનામાં લડવાની તાકાત તો ન હતી, પણ સમુદ્રનો શીતળ ખોળો જોઈ કોઈ એમાં કૂદી પડે તો નેમચંદ શેઠનો નફો બગડે એ ભય તો હતો જ.


દિલ્હીનો લોહસ્તભ (આર્કીઑલૉજિકલ સર્વે)

એક પછી એક ગુલામ નાખવા સામે આવતો ગયો. વેરસી માલમ એનાં પગ, પીંડી, જાંઘ, બાવડાં, પેટ, છાતી, ગરદન ને વાંસો દાબી દાબી, એની કિંમત આંકતો ગયો. આ કામ બપોર સુધી ચાલ્યું.

હવે ગાભિસ્તાની વાવડો જરા મનસૂબી થવા માંડ્યો હતો. વારંવાર મઠાર થઈ જતી હતી. મહાલદ્દીવ પહોંચતાં દસ દહાડા થઈ જાય એમ હતું. દસ દહાડામાં ગુલામોને તાજા કરી લેવાનો નાખવાઓ પાસે આબાદ નુસખો હતો. ભરપેટ ખાવાનું, ખોરાકમાં પરમાટી અને ટોપરાં, પીવાને નાળિયેરનું પાણી, આખો દહાડો હાડતૂટ જહેમત અને રાત્રે સૂવા ટાણે અફીણની અંજલિ! દસ દહાડામાં તો એકેએક ગુલામ તાજો તવાન બની જતો.

બીજે દહાડે સ્ત્રી-ગુલામોનું ભંડક ખોલાયું. બધી અધમૂઇ થઈ ગઇ હતી : બંધેજથી નહિ, પણ ગુલામીથી. પુરુષનું ધન તે નીરોગી શરીર; પુરુષની ખાહેશ તે ઓછું કામ અને ભરપેટ ખોરાક. એને ખોવાનું? માત્ર એની આઝાદી. કોઈ એવો કાળ નથી અને કોઇ એવો દેશ નથી જ્યાં ગરીબોને કામથી, ચિંતાથી કે ઝનૂની સત્તાધારીથી ખરી મુક્તિ મળી હોય! સ્ત્રીનું એક વિશેષ ધન છે. એ ધન તે આઝાદી નથી. અનાદિ કાળથી સ્ત્રીએ આઝાદી અનુભવી નથી. એણે કદાચ એવી આઝાદીનો સ્વાદ જ નથી ચાખ્યો, એને તેની જરૂર પણ નથી જણાઈ. પણ એનું વિશિષ્ટ ધન તે શિયળ. પુરુષ ગુલામોને, કદાચ હતી પણ નહિ એવી આઝાદી ગુમાવવાની હતી. સ્ત્રીઓને, જીવન કરતાં પણ વધારે વહાલું શિયળ ગુમાવવાનું હતું.

એકેએક સ્ત્રી સથા ઉપર ઢળી પડી. હૈયાફાટ ચીસો પાડવા માંડી. આક્રોશને ન ગણકારતાં બેડિયાતોએ દરેકને નાખવા સામે હાજર કરી. સ્ત્રીઓની કિંમત પણ એના બદન પ્રમાણે અંકાતી; પરંતુ એના સ્નાયુઓની મજબૂતાઈ ઉપર જ નહિ. એના શરીરનું સૌષ્ઠવ, એનો વાન, એનું રૂપ અને એનું સમગ્ર આકર્ષણ એની કિંમત આંકતું. વેરસી માલમે આંકણી શરૂ કરી. સથો આક્રોશથી ગાજી રહ્યો. સ્ત્રીઓ પછાડ ખાવા લાગી. હવામાં ચાબૂકના ફડાકા બોલવા માંડ્યા.

અજયપાળે સાંભળ્યું જ હતું કે જ્યારે અનેક જણ દેવરાજ નાખવાને 'દેવતા ધાધલ' કહેતા હતા ત્યારે કોઈ કોઇ 'ધાધલ દૈત' પણ કહેતા હતા. સથા ઉપરની ઘટના જોતાં એને અંગે પરસેવો છૂટ્યો; એની આંખે કમકમાં આવી ગયાં. રામસિંહે એને દૂર મોકલી દીધો, પણ ફરી ફરી એ આ તરફ આવતો રહ્યો. શું આ જ દેવરાજ ધાધલ? ભાંગ્યાનો ભેરુ 'દેવતા ધાધલ'? વાંકલદેનો ધર્મભાઇ તે આ જ?

ઓચિંતાં એક બાઈએ કલ્પાંત માંડ્યું. એણે 'બ્રાહ્મણની દીકરીને કોઈ છોડાવો, મા!' એવો આક્રોશ કર્યો.

દેવો ધાધલ વીંછી કરડ્યો હોય એમ કૂદ્યો : 'રાવળનાથ'ના ભંડકમાં 'બ્રાહ્મણી' ગુલામ? બેડિયાતોમાં હાહાકાર વરતાઈ ગયો!

ખંડ ૩૩ : માનવી

માણસ માણસ ઉપર કેટલો નઠોર બની શકે છે તેને અવધિ નથી. ઈશ્વરની ગતિ જાણવાનો દાવો કરનાર શાસ્ત્રપ્રણેતાઓને ખાતરી છે કે માનવી ઈશ્વરનો અંશ છે, અને એક દહાડો ઈશ્વર જ બની જશે. પણ એવી વાત કરનાર આચાર્યોએ જ આજ્ઞા આપી છે કે અનધિકારી શૂદ્ર, જો વેદશ્રવણ કરી જાય, તો એના કાનમાં ગાળેલું સીસું રેડવું જોઇએ! આ તે આચાર્યોની માનવતા! એ આચાર્યોની ઉપર માત્ર ઈશ્વર જ છે; ઈશ્વરે અવનિ ઉપર અવતાર ધર્યા છે; અને એવા એક અવતાર શ્રી દાશરથિ રામચન્દ્રે, આર્યોચિત તપશ્ચર્યા કરવાની ધૃષ્ટતા કરનાર વૃષલના પ્રાણ હરી લેવાનું ઘટિત માન્યું હતું.

વાસ્તવિકરીતે માનવીને દેવતા અને શયતાન બંનેના ગુણોનું સમભાગે મિશ્રણ કરી એમાંથી એના બનાવનારે ઘડ્યો છે; અથવા, જો એનો કોઈ બનાવનાર ન હોય, તો એવા મિશ્ર ખાતરમાંથી એ ઊગ્યો છે. એ દયાળુ પણ છે, ક્રૂર પણ છે; ઉદાર પણ છે, કંજૂસ પણ છે; દેખતો પણ છે, અંધ પણ છે; સમજુ પણ છે, હતબુદ્ધિ પણ છે; આઝાદ છે, ગુલામ પણ છે; તેમજ દેવ છે અને શયતાન પણ છે.

એના આ મિશ્ર ગુણોમાંથી કોઇ વાર એક તો કોઇ વાર બીજો ગુણ જોર કરી જાય છે; અને જે સંપતનું જ્યારે જોર હોય ત્યારે તે પ્રમાણે એ વર્તે છે. દૈવી અને આસુરી સંપતમાંથી એક યા બીજીને ઉત્તેજિત કરવા આચાર્યો, ઉપદેશકો, શિક્ષકો, વિજ્ઞાનીઓ અને નેતાઓએ જગતના ઇતિહાસના આરંભથી જ જહેમત ઉઠાવી છે; પરંતુ એ પોતે પણ બેય સંપતનાં પૂતળાં હોવાથી, સામાન્ય માનવી પણ મિશ્રિત માનસની વ્યક્તિ બની ગયો છે. દેવો ધાધલ એવો સામાન્ય માનવી હતો; દેવતા પણ નહિ, દૈત્ય પણ નહિ. અને એ સાગરનો માનવી હતો; દેશ, કાળ, સંસ્કાર, વાતાવરણ અને સંગતની એ મિશ્ર પ્રતિમા હતો.

સાગરની સપાટીમાં અસોસ રંગબેરંગી મોજાં ઊઠે છે. એનાં પેટ અતાગ ઊંડાં છે તેમજ અનેક છીછરાં સ્થળોથી ભર્યા છે; એના તાગમાં પ્રગાઢ શાન્તિ છે અને પ્રચંડ ધમસાણ પણ છે; એનામાં કાળમીંઢ હૈયાંની લાપરવાહી છે અને તપેલા મનને મોહી લેવાની હૂંફાળી નરમાશ પણ છે.

દેવો ધાધલ સાગરમૂર્તિ હતો. એની રાજપૂતી 'બ્રાહ્મણી' શબ્દથી ભડકો થઈ ગઈ. જાડેજા એટલે તો ગોબ્રાહ્મણ પ્રતિપાળ; એના બંડકમાં બ્રાહ્મણની દીકરી?! 'રાવળનાથ'નું પઠાણ હજુ તરતું કેમ રહ્યું હતું?!

આંકણી બંધ થઈ. સ્ત્રીઓને મોરા ઉપરના ઉતારુઓના આવાસમાં છૂટી મૂકી દીધી. બ્રાહ્મણીને વાંઢારના આવાસમાં મૂકી અને એની તહેનાતમાં બીજી બે સ્ત્રીઓ મૂકી.

ખંડ ૩૪ : અજવાળીની ગોઝારી કહાણી

એ અભાગીનું નામ અજવાળી. ચીખલી પાસે કણોદરું; એમાં બિલ્વેશ્વર મહાદેવ; એનો પૂજારી સોમેશ્વર; એની એ વિધવા દીકરી. એક પુત્ર અને એક પુત્રી લઈ બાપને ઘેર આવી એ ગરીબ સંસાર નભાવી રહી હતી. ત્યાં એના ઉપર રાહુનો ઓછાયો પડ્યો. ગામના દેશાઇએ એની મસ્ત જુવાની જોઈ. લાલચ અને ધમકીઓ ન ફાવી એટલે એક રાતે એને ઉઠાવી ગયો.

સોમેશ્વરે ગામ પાદર એટલાં ગોત્યાં, પણ પત્તો ન મળ્યો. એક રાતે, જેમ એ ગુમ થઈ હતી તેમજ પાછી આંગણામાં આવી પડી. એના હાથ-પગ બાંધ્યા પડ્યા હતા. એના મોઢામાં ડૂચો હતો. બાપે દીકરીને પરોઢે ભાળી. એણે એના બંધ છોડ્યા. એ કૂવા તરફ દોડી, પણ પાળ સાથે ઠોકર લાગતાં પછડાઈ. બાપે ઝાલી લીધી. જાગી ગએલાં છોકરાં રડવા મંડ્યાં અને ફરી મળેલી માને બાઝી પડ્યાં.

દીકરીની હકીકત સાંભળી બાપને ક્રોધ વ્યાપી ગયો. એણે મુઘલ ગઢમાં ફરિયાદ કરી. સૂબાએ કણોદરાની દેશાઈગીરી લગભગ ડુલાવી દીધી. મોટો દંડ કર્યો. દેશાઇએ વેર બાંધ્યાં. વાત ચાલી, કે ખંભાતના નેમચંદ શેઠ જાવા જાય છે. રસ્તામાં મહાલદ્વીપ માટે ગુલામો ખરીદે છે. દેશાઇએ સૂરતના કોટવાળને સાધ્યો. ચાર ગુલામો મફત ભેટ આપવાનું માથે લીધું. એક રાતે અજવાળી ફરીથી ગુમ થઈ ગઈ, તે 'રાવળનાથ'ના બંડકમાં પહોંચી! કોટવાળના વસીલાથી દેશાઇને દંડ માફ થયો.

અજવાળીની આ ગોઝારી કહાણી હતી. એના એક ભવમાં બે ભવ તો ક્યારના ય થઈ ચૂક્યા હતા. છતાં પેટજાયાં બાળકો સામે જોઈ એ ફરી જીવવા તૈયાર થઈ હતી. હવે આ કાળા બંડકનું રૌરવ નરક પણ જોયું. એ અંતરથી મરી ચૂકી હતી. માત્ર ખોળિયામાં શ્વાસ ચાલતો હતો.

ધાધલે એના મોંએ કોઈ માટે શાપ નહોતો સાંભળ્યો. એ પોતાના ભાગ્યને જ હીણતી હતી. એના મોંમાં બોલ નહોતા રહ્યા. એના મુખ ઉપરથી વિષાદનાં વાદળ નહોતાં ખસતાં. એને ભૂખ ન હતી, ઊંઘ ન હતી. એની આંખો શૂન્યને જોતી હોય તેમ કશું જોતી ન હતી. ધાધલ હડબડી ગયો. એની પણ ભૂખ અને ઊંઘ ઊડી ગઈ. જરૂર પડે તો 'રાવળનાથ' એમનું એમ પાછું સૂરત લઈ જવા એ તૈયાર થયો. ત્યાં એક રાત્રે એને અજવાળીના ભાવિનો એક ઉપાય સૂઝ્યો. તાબડતોબ એ અજવાળી પાસે પહોંચ્યો. અજવાળીને પણ એ ઉપાય વાજબી લાગ્યો. તે રાતે અજવાળીને ઊંઘ આવી ગઈ. ધાધલને શાતા વળી.

ખંડ ૩૫ : મહાલદ્દીવની મહેમાની

કન્યાકુમારીની નૈઋત્ય ઉપર, દક્ષિણ સાગરમાં ત્રણસો ગાઉ છેટે, ટાપુઓના હારડા છે. એ ટાપુમંડળો ઉત્તર તરફ લગભગ બસો ને પાંત્રીસ ગાઉમા પાથર્યાં પડ્યા છે. ઓગણીસ ઝૂમખાંમાં માત્ર બાર જ વસેલાં છે. મુખ્ય ટાપુ તે મહાલ,–અરબોનો ઝિબ્બત-ઉલ-મહાલ. આજનો માલે. અહીં અમીન (સુલતાન) રહે છે.

નાનાંમોટાં સેંકડો વહાણો આ ટાપુઓ વચ્ચે ફરે છે અને સિંહલ સુધી જાય છે. એ વહાણોને 'વોડમ' કહે છે. આ વોડમ તે મલયાળમ ભાષામાં 'વળ્ળમ' અને કોંકણીમાં 'હોડી.' એ કાલિદાસનાં 'ઉડૂપ'. ટાપુઓની અટપટી જળવાટ માટે 'રાવળનાથે' એક વોડમને ભોમિયો બનાવ્યું અને માહાલ પાસે લંગર નાખ્યું.

નાખવો અમીનની સલામે ઊતર્યો. અમીનને ઘટતી નજર આપી, અને 'રાવળનાથ'નો માલ ટાપુઓમાં વેચવાનો પરવાનો મળ્યો.

સાંજે વજીરને ત્યાંથી અતિથિ-અર્ઘ્ય આવ્યો: થાળીમાં નાગરવેલનાં પાન, સોપારી, લીંબુ, કેળું, ગુલાબજળ, નાળિયેર અને કપૂર. નાખવાએ અર્ઘ્ય સ્વીકાર્યો. એનો અર્થ એ હતો કે 'રાવળનાથ' અહીં રહે ત્યાં સુધી નાખવો વઝીરનો મહેમાન બન્યો છે. અનેક મહાલદ્દીવીઓએ આમ અર્ઘ્યે મોકલાવી માલમ અને બેડિયાતોને મહેમાન બનાવ્યા. મહાલદ્દીવીઓની એક કાળે આ બહુ રસિક, અને સાથે કસદાર પ્રથા હતી. વછાતને જે મહેમાન જેવો નભાવે તે પ્રજાને જ ખરી વેપારી પ્રજા કહેવી જોઇએ. સાંજ પહેલાં, ઊતરી શક્યા તે સહુ, યજમાનને ત્યાં પહોંચી ગયા. અજોજી વૂતક ઉપર રોકાઈ ગયો.

·સવારે અજો રામસિંહને લઈ નાખવા પાસે જવાનો હતો. રામસિંહ શાબન્દરનો મહેમાન હતો. પ્હો ફાટતાં જ અજો ત્યાં પહોંચી ગયો, અને એણે જે દશ્ય જોયું તેથી એની આંખો ખૂલી ગઈ!

રામસિંહ માલમ તૈયાર થઈ ખાટ ઉપર બેઠો હતો. એક સ્ત્રી એની આરતી ઉતારી રહી હતી. રામસિંહ માલમની ઠાકર પેઠે આરતી ઊતરે એ દેખાવ જ આંખો ખૂલી જવા માટે બસ હતો. પણ અહીં તો જે સ્ત્રી એની આરતી ઉતારતી હતી તેણે કમ્મર સુધી જ ગોળ વેષ્ટિ પહેરી હતી; કમ્મર ઉપરનાં અંગ સાવ નવસ્ત્રાં હતાં. એના વાળમાં ફૂલ હતાં અને આરતી ઉતારી એ રામસિંહને ગુલાબજળથી સીંચી રહી હતી. અજયપાળ ઉંબરમાં જ સડક થઈ ગયો!

'અચો, અચો, અજુભા;' રામસિંહે કહ્યું, 'મીંજ અચો; હી ત આંજી મહાલદ્દીવી ભાભી આય!' (આવો, આવો, અજુભા; અંદર આવો; આ તો તમારી મહાલદ્દીવી ભાભી છે!) અને પછી એણે એ મહાલદ્દીવી ભાભીને કંઇ કહ્યું. ભાભીએ અજયપાળને હસીને આવકાર આપ્યો, થાળીમાં બીજું કપૂર સળગાવ્યું અને અજયપાળની આરતી ઉતારવા માંડી. અજોજી સાનમાં આવે ત્યાં તો એ ગુલાબજળથી સીંચાઇ ગયો. મહાલદ્દીવમાં આમ દરેક ઘરમાં પતિ, પુત્ર, ભાઇ કે મહેમાનની સવાર-માં પ્રથમ અલાબલા ઉતારે છે અને પછી જ એને ઘર બહાર જવા દે છે.

રાવ રઈસનાં ઘરમાં મહેમાનોની સરભરામાં બાંદીઓ મૂકે છે. માટે તો અહીં સ્ત્રી-ગુલામોની માંગ રહેતી. મહાલદીવીઓ આજે પણ બહુ સુંવાળી પ્રજા છે; તે કાળે જ્યારે ગુલામો મળતા ત્યારે ગુલામી માટે પણ સુંવાળા ભારતીઓને જ એ પ્રજા પસંદ કરતી હતી. આવા ગુલામો અને બાંદીઓ ઘરનાં માણસ બની રહેતાં.

ખંડ ૩૬: જીવતે હર્રાજી

'રાવળનાથ'નો માલ વઝીરની આડતમાં વેચાવાનો હતો. ધાધલને અર્ધ્યે મોકલી મહેમાન બનાવવામાં વઝીરનો એ જ હેતુ હતો. 'રાવળનાથે' મહાલદીવમાં માણેકચોક ખડો કરી દીધો. ખંભાતી ટકાઉ લાલ કાપડ, રેશમ, મશરૂ, અતલસ, મખમલ, કિનખાબ; જરી અને ભરત; શાલ, દુશાલા, શેલાં, પટોળાં, ચંદેરી અને સાદાં લૂગડાં; અત્તર, ગુલાબ, ધૂપ, અગરબત્તી; અફીણ, ગાંજો, ગુડાકુ; તમ્બાકુ, હોકા અને ચિલમ; ચપ્પુ અને સૂડીથી માંડી, તેગ, બરછી, ખડગ, જમૈયા, કટાર અને તમંચા; ત્રાંબા, પિત્તળ, કલઈ અને કાચનાં વાસણો; જાજમ, ગાલીચા, નમદા, તખ્તપોશ; ખાટ, માચી, ઢોલિયા, બાજઠ, આરસા; પ્યાલા, જામ, કટોરા, સુરાહી વગેરે માલની તરાહમાં અને કારીગરીમાં કંઈ ખામી ન હતી. અને આ બધી વસ્તુઓ ભારતની બનાવટ હતી.

આ બઝાર સાત દહાડા ચાલી. વઝીરની વખાર તળિયાઝાટક સાફ થઈ ગઇ. નેમચંદ શેઠ માટે થેલીઓ ભરી સોનામહોરો આવી. હકશીમાં જ વઝીર નિહાલ થઇ ગયો. ભારત દેશ તે કાળે દેશાવરોને ઉમદા બનાવટો પૂરી પાડતો હતો. એના એ માતબર વેપારે જ પરદેશી ગીધડાંના ટોળાંને અહીં આકર્ષ્યાં હતાં. એમણે જોયું કે ભારતમાં સર્વ કંઈ હતું, માત્ર સંપ ન હતો. અને એ છીંડા વાટે એમણે દેશમાં દાખલ થઈ એને ગુલામ બનાવી દીધો હતો.

માલ વેચાઈ ગયા પછી ગુલામોની હર્રાજી બોલી. માનવી પ્રત્યે માનવીની અધમતાનો એ અવધિ હતો. દરેક ગુલામને ઢોર પેઠે ખરીદદારોએ ચકાસી જોયો. દરેક સ્ત્રીના પણ એ જ હાલ કર્યાં; માત્ર એના શરીરની વિડમ્બના વધારે થઈ! માનવી માનવી તરફ આટલો નઠોર થઈ શકે છે એ તો તવારીખકાર જ જાણે છે. વેપારને બહાને માનવમાટી વેચનાર પણ માનવી જ છે. એક કાળે માનવી ધર્મને નામે માનવને રહેંસી નાંખતો; એક કાળે ક્ષાત્રવટને નામે રહેંસી નાંખતો; હવે વૈશ્યયુગ આવ્યો છે, એટલે તે વેપારને નામે માનવીને રહેંસી નાંખે છે. માનવજાતનો સૌથી અટ્ટલ દુશ્મન માનવી જ રહ્યો છે.

ગુલામોની હરાજી જે દહાડે વેપાર લેખાતી હતી ત્યારે માનવી માનવીનો શિકાર કરતો હતો. આજે બીજાં કારણો મળી રહ્યાં છે; પણ માનવીએ માનવીનો શિકાર તો છોડયો નથી જ. કહે છે કે જંગલનાં હિંસ્ર પશુઓ પણ પોતાની જાતનો શિકાર નથી કરતાં. એવો શિકાર કેવળ માનવજાત માટે અનામત છે!

ખંડ ૩૭: અલ શયતાની

તે રાતે દેવરાજ એક વોડમમાં નાની સફરે ઊપડયો. સાથે માત્ર અજયપાળ અને એક મહાલદીવી હતો. રસ્તામાં એણે કહ્યું કે સફર પાસેની ખાડી સુધી જ હતી. ત્યાં મહમ્મૂદ બિન અબ્દુલ્લાહ અલ'શયતાની'પડયો હતો. 'રાવળનાથ'ને બંદરમાં આવતું જોઇએ ત્યાં સરકી ગયો હતો.

'એ ખરેખર તો અલ સેઈસ્તાની છે, પણ દરિયો તમામ એને "શયતાની" કહે છે. લૂટફાટ, ખૂન, ચાંચિયાગીરી અને આગ એનો ધંધો છે. એ એવો અધમ છે કે સાગરની બિરાદરીથી એ બહાર ગણાય છે. ચાંચિયાઓ પણ એને જમાતમાં નથી ગણતા!' દેવરાજે કહ્યું.

અજયપાળને યાદ આવ્યું: 'ઉ અધ બળેલા છાણા જેવો ગુરાબ દેખાય છે ના?' રામસિંહ માલમે અગાઉ કહ્યું હતું. અને એ જ ગુરાબ અહીં સામે અંધારામાં દેખાઈ રહ્યો હતો. ગુરાબ ઉપરથી પડકાર આવ્યો. અજયપાળે ઊભા થઈ જવાબ આપ્યો: 'જુંગ રાવળનાથનો નાખવો દેવરાજ ધાધલ!' થોડી વારે ફરી અવાજ આવ્યો: 'નેહાઆરકુમ સ'વીઈદ! દેવાઆ...ધાઆ...ધલ!' અને ધાધલે બેધડક જવાબ દીધો: 'નેહાઆરકુમ, જહન્નમ મુબારક, માઆ...મધ!' અને રજા માગ્યા વગર વોડમ ગુરાબને પડખે નાખ્યું.

સથા ઉપર નાખોદો એકલો ઊભો હતો. એણે જોયું કે ધાધલની કમ્મરે કટાર સિવાય બીજું હથિયાર ન હતું. ધાધલ જાણતો હતો કે

દક્ષિણ સાગર—મહાલદ્દીવ

પ્રાચીન સાહિત્યમાં બંગલા સાગરને 'પૂર્વ સાગર', અરબ્બી સમુદ્રને 'અપર સાગર' અને હિંદી મહાસાગરને 'દક્ષિણ સાગર' કહ્યા છે. 'કુમારસંભવમ્' મહાકાવ્યના આદિમ શ્લોકમાં પૂર્વ અને અપર સાગરનો નિર્દેશ છે. દક્ષિણ સાગરનો એક પ્રાચીન નિર્દેશ એટલો કાવ્યમય નહિ તો યે બહુ રોમાંચકારી છે.

કોઈ ચન્દ્ર નામનો સમ્રાટ ભારતમાં થઈ ગયો. એણે ઉત્તરમાં બાલ્હિક(બલ્ખ-બૅક્ટ્રિયા)થી દક્ષિણ સમુદ્રમાં (અનેક ટાપુઓ ઉપર સ્તો) જબ્બર વિજયો મેળવ્યા; બંગાળથી સિંધુ સુધીનાં રાજ્યો જીતી લીધાં; છતાં એ કોણ હતો એ વિષે આજે પણ પુરાતત્ત્વવિદોને ખબર પડી નથી. કોઇ એને ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્ય અથવા ચન્દ્રગુપ્ત દ્વિતીય (સમુદ્રગુપ્તનો પુત્ર) માને છે. આ વિવાદગ્રસ્તતા છતાં એના દિગ્વિજયનું નક્કર સ્મારક એ મૂકી ગયો છે. વિષ્ણુપદગિરિ(કે જેનું આજનું નામ પણ અનુમાની નથી શકાયું એ) નામના ડુંગર ઉપર એણે એક ઉત્તુંગ લોહસ્તંભ—સપ્તધાતુનો 'વિષ્ણુધ્વજ'-ઊભો કર્યો. એ ધ્વજ પાછળથી દિલ્હીના રાજા અનંગપાલે, દિલ્હીની પડખે મહરૌલી ગામે, બરાબર કુતુબમિનારની જોડે લાવીને ઊભો કર્યો, અને આજે એ ત્યાં ખડો છે. (જુઓ આ લેખના મથાળાનું ચિત્ર) એની બહાર દેખાતી ઊંચાઇ ૨૨'–૬"ની છે, એનો પરિઘ ૫'–૩"નો છે અને એના ઉપર ત્રણ શ્લોક કોતર્યા છે, જેમાં દક્ષિણ સમુદ્રનો નિર્દેશ છે. એમાંનો સમુદ્રસંબદ્ધ ભાગ આ પ્રમાણે છે:

तीर्त्वा सप्तमुखानि येन समरे सिन्धोर्जिता बाल्हिका:
यस्याद्याप्यधिवास्यते जलनिधिर्वीर्यानिलैर्दक्षिण:।

'સિન્ધુ નદનાં સાત મુખ(પાંચ પંજાબ ને બે અફગાનિસ્તાનમાં)ને પાર કરી જેણે બાલ્હિકોને સમરાંગણમાં જીત્યા, અને જેના વીર્યના વાવડા આજે પણ દક્ષિણ સમુદ્રમાં સુવાસ ફેલાવી રહ્યા છે...' આ દક્ષિણ સમુદ્ર; અને એમાંના વિજય તો લંકા અને મહાલદીવને જ અનુલક્ષીને હોઈ શકે. વિશેષ જિજ્ઞાસુને (BB) JRAS, X પાનું ૬૪ જોવા સૂચના છે.

મહાલદીવનાં રિવાજ-રસમોમાં, ભારતીય બાંદીઓ પાસે અતિથિઓની સરભરા કરાવવામાં આવતી અને બેડિયાતો ટાપુમાં રોકાય તેટલો વખત મહાલદીવી સંસાર મહાલી લેતા આદિનો વાર્તામાં ઉલ્લેખ છે, એના સમર્થનમાં ઇબ્ન બતૂતા-(૧૪મો સૈકો)નો અનુભવ વાંચવા જેવો છે. એ માટે જુઓ Voyages D'Ibn Batoutah, ed. C. Defre'mery and Dr. B. R. Sanguinethi, Vol. IV. –'સુકાની'

નઘારામાં આલાત અને ખુવા આડે નાખોદાના 'બહાર-એ-બહર' (દરિયાના વરુઓ) ટાંપી ઊભા હતા. એની એને પરવાહ ન હતી. નાખોદો ચુપ રહ્યો. ઘાઘલે બોલવા માંડયું: 'મામઘિયા, આજ જુસાં તારા જેવો કામ પડયો છે!'

'સર-ઓ-ચશ્મ, નાખવા! મારા આ કમીના તૂતક ઉપર કદમ ફરમાવી લાર-એ-અમીર દેવો ઘાઘલ દોસ્તીને દાવે જે હુકમ ફરમાવે, તો આ ખાકસાર જરૂર બજા લાવશે!' નાખોદાએ જરા વ્યંગમાં કહ્યું. 'દોસ્તીને દાવે' એ શબ્દો ઉપર એણે ખાસ ભાર મૂકયો.

'સાંભળ,નાખોદા! આમાં દોસ્તીની કોઈ વાત નથી. આજ સુધીની ઝિન્દગી તેં બદકામોમાં કાઢી છે. અમે તારા હાથે એક સવાબનું કામ કરાવવા આવ્યા છિયે; અને તેમાં તુંને બિશિયાર ફાયદો પણ છે.'

સવાબના કામમાં દુન્યવી ફાયદો હાંસલ થાય એ વાત નાખોદાને માનવા જેવી ન લાગી. ઘાઘલે દોસ્તીની વાત ઠેલી દીધી એ પણ એણે સાંભળ્યું. આગળ શું આવે છે એ સાંભળવાના વિચારથી એ ચૂપ રહ્યો.

દેવરાજે, માંડીને, અજવાળીની વાત કરી. મહમ્મૂદ ધ્યાનથી સાંભળી રહ્યો. વાત પૂરી કરતાં ઘાઘલે કહ્યું, 'એ કણોદરનો દેશાઈ હવે જીવવો ન ખપે! બરાબર જાદ રાખી લે: ચીખલી પાસે કણોદર ગામ; બિલ્લેશ્વર મા'દેવ; બુઠ્ઠો સોમેશ્વર; પાસે દેશાઈની હવેલી. એ હવેલી ઉપર હળ હાલે; એના ખેતરમાં ગધેડાં લોટે; દેશાઈની લોથને ગીધડાં ચૂંથે!—અને વર્દ્ધમાન શેઠને કે'જે: તારા દીકરાએ બ્રાહ્મણીને ગુલામ પકડી. એનો બાપ અને છોકરાં જીવે ત્યાં સુધી તારા માથે. એમાં ફરક પડશે તો ઘાઘલ ખંભાત આવશે ત્યારે એની સાથે કામ છે!'

ઘાઘલને બોલતાંબોલતાં ઝનૂન ચડયું. એનો દેખાવ કરાળ થઈ ગયો. મહમ્મૂદ નાખોદાએ આગળ જોયો હતો એવો જ એ શ..રતી દેખાતો હતો. નાખોદાએ કમ્મરમાંથી થેલી કાઢી અને સથા ઉપર ફેંકી: 'અને આ એ કામ માટેની ખરચી. આમાં હજાર અશરફી છે.'

'રાવળનાથ'ની તમામ બંધામણી ઘાઘલને હવે અગ્રાજ હતી.

નાખોદો આ પચ્છમ ધરાના રાજાને જોઈ રહ્યો: વાહ, ઈનસાન! માશાલ્લા! અગર એ દોસ્ત હોય! એણે કહ્યું: 'નાખવા, અલ શયતાની ગુજરતા થયો છે. એની સાથે એનાં બદકામ ગરક થઇ ગયાં છે. આજે આ કમતરીન ખુદાની રહેમતમાં દહાડા કાઢે છે અને ઓલિયાઓની ઇતા'અત કરે છે. એના ગુઝાર માટે મૌલાએ એને કાસીર બક્ષ્યું છે. સવાબનું કામ કરવા માટે હવે એને લાલુચની જરૂર નથી. અજવાળીની હોરમત લૂટનાર એ નાપાક દેશાઇને સઝા કરવી એ સવાબ મહમ્મૂદ જરૂર હાંસલ કરશે; પણ, નાખવા, મહમ્મૂદ હવે અશરફીઓનો લાલચુ નથી; એ હવે તારા જેવા શરીફની દોસ્તીનો લાલચુ છે!'

અને મહમ્મૂદ બીન અબ્દુલ્લાહે એ હજાર અશરફી નાખવાની ભેડે બાંધી દીધી. ઘાઘલે અલ સેઈસ્તાનીને બાથમાં લઈ લીધો!

ખંડ ૩૮: આગે સફર

અરુણોદય થતાં જ 'રાવળનાથ' ઉપર મહાલદ્રીવથી લંગર ઉપાડવાની તૈયારીઓ થવા માંડી. બેડિયાતો ગુલાલજળથી પમરી રહ્યા હતા. મહાલદ્રીવીઓએ છેલ્લી વાર એમની 'અલાબલા' ઉતારી લીધી હતી. એ આતિથ્યના શોખીનોનાં ટોળાં વિદાય આપવા કાંઠે ઊભાં હતાં. શિરસ્તા પ્રમાણે અતિથિઓએ યજમાનોને કીમતી ભેટ-સોગાદો આપી હતી. એ માટે 'રાવળનાથ' ઉપર જ દરેક બેડિયાતને પડત કીમતે માલ મળ્યો હતો. આ આતિથ્યમાં કસ હતો. સહેજ છેટે થોડીક સ્ત્રીઓ પણ ઊભી હતી. સ્વચ્છ સુથરાં વસ્ત્રો, માથાંમાં ફૂલ; મોં પર ઘેરો વિષાદ. એક કાળે,—કયારે?—ઠેઠ આગલા ભવમાં, ભારતમાં એ વહુદીકરીઓ હતી! ભારતીય વેપારીઓ એને અહીં બાંદી રૂપે વેચી ગયા હતા! 'રાવળનાથ', ભારતનું વહાણ, એ ભૂમિનું, આંગણાંનું, એ ગયા ભવના સંબંધોનું પ્રતીક હતું. ઊગતા સૂરજ સામે ફરી એ ચાલ્યું જતું હતું! દરેકના ગાલ ઉપર ચોધાર મૂક આંસુઓ વહ્યાં જતાં હતાં!

હવે ગાજુસિયાની જરાક હલક લાગવા માંડી હતી. એના ઉપર સઢ ફુલાવતું જુંગ જાફનાપટ્ટણને માર્ગે પડયું. આસપાસથી ભારતીય વહાણવટું ઓછું થવા માંડયું. પરદેશી બરછાઓ, અરબો, તમીળો અને કચ્છી માત્ર દેખાતા હતા. સૌ એકબીજાથી દૂર ચાલતા હતા. આ દરિયામાં ચાંચિયાઓનો ભો ઓછો હતો, છતાં કોઈ કોઇનો વિશ્વાસ કરતું ન હતું.

જાફનાપટ્ટણથી શેઠિયાઓ ફરી જુંગ ઉપર આવ્યા, પણ પાછા નાગપત્તનમ્ ઊતરવાના હતા. નાગપત્તનમ્ પહોંચવાની આગલી રાતે ફરી એક બરછો નવતર જેવો દેખાયો. એણે પણ દીવાઓ ઓલવી નાખ્યા હતા અને ચોરટા પેઠે જતો હતો. ઘાઘલને તે રાતે જોએલો બરછો યાદ આવ્યો. આનો ઘાટ ઓળખાવો મુશ્કેલ હતો. ઘાઘલે અર્જુન મુખીને બોલાવ્યો. અર્જુન મુખી ત્રણ વર્ષ કોવિલોની વલંદા અરમારમાં સુતારવાડામાં કામ કરી ચૂકયો હતો. પરદેશી બરછાઓની એની પિછાન અદ્ભુત હતી. એ વલંદી, ફિરંગી અને અંગ્રેજી ફટથી બોલતો હતો. બે વર્ષ એ જાવા પણ રહી આવ્યો હતો અને જાવી બોલી પણ 'ઓરાંગ જાવા' (જાવાના માણસ) પેઠે બોલતો હતો.

અર્જુને કહ્યું કે બરછો ફિરંગી છે. અરમાર જેવો લાગે છે, પણ આલા[r]
વલંદાની છે. આ વખતે બરછો માલથી લાદેલો દેખાય છે, એટલે અસ્સલ તો ફિરંગી અરમારનો એ બરછો આજે વલંદો વેપારી છે. આમાં કં[ઇ] ખાસ વિશેષ ન હતું. પણ એણે દીવાઓ શા માટે નથી દેખાડયા જરૂર એના ભંડકમાં ભેદ હોવો જોઇએ. ઘાઘલે શેઠિયાઓને આ વા[ત] ન કરી. 'અમે વેપારી છિયે, ગરાસિયા નથી.' એ જવાબ એને પાછો નહોતો સાંભળવો. ત્યાર બાદ તુરત જ કહુવેયાર નદીના મુખ પાસે 'રાવળનાથે' લંગર નાખ્યું.

અહીં બે મોટી કપ્પલો (તમીળ: વહાણ) પડી હતી. એ પણ નેમચં[દ] શેઠની બાંધેલી હતી અને જાવાના કાફલામાં જોડાવાની હતી. નાગ[-] પત્તનમ્ બંદર તે કાળે હજુ શોળમણ્ડળનું મુખ્ય બંદર હતું. અહીંથ[ી] બ્રોમ્યા (બ્રહ્મદેશ), મલયુ, સુમાત્રા, જાવા, મુઆંગથાઈ, કામ્બૂજ અ[ને] હાઈનાન સાથે ધીકતો વેપાર હતો; સેંકડો ઉતારુઓની પણ આવજા હતી. વર્દ્ધમાન શેઠની અહીંની પેઢી પચ્ચીસેક ગાઉ ઉપર તન્જા[વૂર] નગરીમાં હતી. શેઠિયાઓ છડી સવારીએ તન્જાવૂર ગયા. નાગપત્તનમ[ા] માત્ર છ રાતની રોકાણ હતી.

ખંડ ૩૯: અજવાળીનો પુનર્જન્[મ]

શેઠિયાઓ તન્જાવૂર સિધાવ્યા કે તુરત જ ઘાઘલે મછવો તૈય[ાર] કરાવ્યો અને દેવકોટ્ટૈ બંદર જવા તૈયારી કરી. મછવાનું સુકાન અજા[ણે] આપ્યું. સાથે બે બેડિયાત લીધા. મછવો તૈયાર થયો કે દેવરાજ અ[ને] અજવાળી મછવામાં ઊતરવા સથા ઉપર આવ્યાં. રામસિંહ માર[ુ] અજવાળીના પગમાં પડયો. ત્યાર પછી એકેએક બેડિયાત અ[ને] બરકંદાઝ એના પગમાં પડયો. બ્રાહ્મણની દીકરી અને 'રાવળના[થ'] ગુલામી ભંડકમાં પૂરી, એ પાપનું પ્રાયશ્ચિત્ત કયાં હોય? એની આંત[રડી] શાપ દે તો રૌરવ નરક પણ ઓછું પડે. બેડિયાતો પગમાં પડતા હ[તા] ત્યારે, આટલા વખતે પહેલી વાર, અજવાળીના મોં પરનો વિષાદ [દૂ]ર વીખરાયો. એ બધાને પગમાં પડવાની મના કરવા લાગી. બધા [ને] એના નમણા મોઢામાંથી 'ભાઇ', 'ભાઇ' સંબોધન બહાર પડતાં હ[તાં.] રાજપૂતોને, વાઘેરોને અને કાઠીઓને આ શબ્દ શાતા વાળી ર[હ્યો.] આખરે પણ નિયાણી! એણે 'ભાઇ' કહ્યો! કચ્છ અને સૌરાષ્ટ્[ર]માં 'નિયાણી' જેવું દૈવત નથી!

દેવકોટ્ટૈ ઉપર ધાધલે પાલખી અને ઘોડા બાંધ્યા. પતિતપાવન દક્ષિણગંગા કાવેરીને કાંઠેકાંઠે ત્રણે જણ ચાલવા લાગ્યાં.

ઠેઠ મોડી રાતે એક નાની નગરી આવી. નગરી વચ્ચે ગઢ જેવું મંદિર હતું. ઊંચાં ગોપુરમ્ અને ફરતી મજબૂત દીવાલ. ચોપાસ હજારો કોડિયાંની હાર ટમટમી રહી હતી.

મંદિર સામેના શિવગંગા કોળમ્ (તળાવ)માં ત્રણે જણાંએ સ્નાન કર્યું. રાત હોવાથી મંદિર બંધ હતું. મુખ્ય દરવાજે બ્રહ્મકુમારોની ચોકી હતી. નાખવાએ બ્રાહ્મણ મુખીને સમજાવ્યો; એના હાથમાં બે પાંચિયા મૂક્યા અને અંદર પ્રવેશવાની આજ્ઞા મળી. એક બ્રાહ્મણ આગળ થયો. અનેક નાનાંમોટાં મંદિરો, સભામંડપો, ચોક અને ચોગાન વટાવતાં એ આગળ ચાલ્યાં, અને અગ્રહારમ્ (બ્રાહ્મણવાસ)માં આવ્યાં. આખી શેરી અગર-ચંદનની સુવાસથી ઘમઘમી રહી હતી. ઘેરઘેર જાળિયાં પછવાડે અગ્નિહોત્રનો આછો ધૂમ દેખાતો હતો. અગ્રહારમ્‌ની પછવાડે વિશાળ વેદશાળા પાસે બ્રાહ્મણ થંભી ગયો. એણે પથ્થરની સીડી દેખાડી. ઉપરના ઓરડામાં પણ્ડાર સન્નિધિ બિરાજતા હતા. નાખવો દબાતે પગલે સીડી ચડયો; પાછળ અજયપાળ ને તેની પાછળ ધડકતે હૈયે અજવાળી ચડી.

ઓરડાનાં દ્વાર ખુલ્લાં હતાં. અંદરથી અવાજ આવ્યો: ૐ. નાખવો દાખલ થયો. પડખેની ભીંત પાસે વ્યાઘ્રચર્મ ઉપર ભગવાંધારી તેજસ્વી યુવાન મૂર્તિ બેઠી હતી. એની આંખમાં તારા ચમકતા હતા. એણે આવનારને પિછાણ્યો: ‘અહો, દેવરાજ! તુમ કહાંસે?’

દેવરાજે પાઘ ઉતારી સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી સામે બેસી ગયો. પડખે અજોજી અને અજવાળી બેઠાં. પ્રસ્તાવના વગર દેવરાજે અજવાળીની વાત કહેવા માંડી. ઓરડામાં નીરવતા પથરાઈ ગઈ. એક લામણદીપના પ્રકાશમાં ઓરડો ઝાંખો લાગતો હતો, પરંતુ પણ્ડાર સન્નિધિનો તેજઃપુંજ આંજી નાખે એવો હતો.

ધાધલની વાત પૂરી થઈ. સંન્યાસીએ દ્વાર સામે જોયું. બ્રહ્મકુમાર હાજર થયો. પળણી અમ્માળને બોલાવવા કહી સંન્યાસી મૌન થઈ ગયા. પળણી અમ્માળ આધેડ ઉંમરનાં હતાં. સાદાં વસ્ત્રોમાં પણ રાજરાણી જેવાં લાગતાં હતાં. આવતાંવેંત એ અજવાળીને પડખે બેસી ગયાં. અજવાળીએ એના ખોળામાં પડતું મૂક્યું. સંન્યાસીએ આંખ ઉઘાડી અને કહ્યું: ‘દેખો તો, પળણી, દેવરાજ તુમ્હારે લિયે ઔર એક બેટી લાયે હૈં!’–અને સંન્યાસીએ સ્મિત કર્યું. જાણે શીતળ વીજળી ઝબકી ગઇ!

દેવરાજ ખડો થઈ ગયો. એનું કામ પૂરું થયું હતું. હાથમાં પાઘ લઇ એ સ્તબ્ધ ઊભો રહ્યો. સંન્યાસીએ એના તરફ ફરી સ્મિત કર્યું. દેવરાજના ચિત્તની પૂર્ણ વિશુદ્ધિ થઈ ગઇ. એણે દંડવત્ કર્યાં, અને બહાર નીકળી ગયો. બહાર બ્રાહ્મણ કુમારે આતિથ્ય કર્યું. મશરૂ જેવી નરમ સાદડીઓ પાથરી આપી. રૂપાનાં મોટાં પાત્રો ભરી શ્રી ચિદમ્બરમ્‌નો પ્રસાદ, દેશવિગીત ‘પાયસમ્’ પીવા આપ્યું.

સવારે પાછો દેવકોટ્ટૈ જતી વેળા અજયપાળ વિચારે ચડી ગયો. આ દેવો મામો! એ અરબોનો દોસ્ત; ગુલામો સારે; જંગ ખેલે; અલ શયતાનીને ડારે; અને આવા મહાત્માઓ એને આદર આપે! આ તે કેવો માનવી છે, કે જેને અંધારા ને અજવાળામાં સરખી ગતિ છે?!

અજયપાળ સંસ્કારી હતો, સુશિક્ષિત હતો. એણે મનને કહ્યું કે એ મામો અકળ છે. એનાં કાર્યોથી એના માટે મત બાંધવામાં જરૂર ભૂલ થશે; કંઇ મત ન બાંધવો એ જ સાચો માર્ગ છે. જાણે એના વિચારો પામી ગયો હોય એમ દેવરાજ બોલ્યો: ‘અજાજી, આ મહાત્માને ઓળખ્યા? આપણા વાચસ્પતિજીના નાંઢા ભાઈ; જે કાશીમાં જ રહી ગયા’તા ઇ આ પણ્ડારસન્નિધિ. હું આ બાજુ આવું તૈંયેં ઈયાં જરૂર થાતો જાઉં!’

અજાજીને સંન્યાસીનું મુખ કંઈક પરિચિત લાગ્યું હતું તેનું કારણ હવે સમજાયું. અને યાદ આવ્યું કે વાચસ્પતિજી પણ દેવા મામાને બહુ આદર આપતા હતા. એને એના મામાનો હવે ગર્વ થઈ આવ્યો.

ખંડ ૪૦: કૂપક સુંદરીનું અપહરણ

નાગપત્તનમ્ બંદર છોડવાને આગલે બપોરે નેમચંદ શેઠ તન્જાવૂરથી પાછા આવી ગયા. આવતાંવેંત નાખવાના આવાસમાં પહોંચ્યા. એના હાથમાં એક કાગળ હતો. કાગળ નાગરકોવિલથી હતો. ત્યાંના ભાટિયા વેપારી ગોપાલદાસે લખ્યો હતો. મજકૂર નીચે પ્રમાણે હતો:

‘અત્તિગળનાં ઇન્દીવરાક્ષી અમ્માળને કોલાચલ સુધી પહોંચાડવા આપ પધાર્યા હતા એ અમને મોડા ખબર પડયા, નહિ તો જરૂર મળવાનો લાભ લેત. બીજું ખાસ લખવાનું કે શ્રી કન્યાકુમારી ક્ષેત્રમાં મુર-જપમ્ (લક્ષમંત્ર જપ) પૂર્ણ થવા આવ્યો હતો, ત્યાં ઓચિંતા વલંદાઓએ ગામ પર હલ્લો કર્યો. મોટે ભાગે યાત્રાળુઓની ગિરદી હતી. લશ્કરમાં તો અત્તિગળથી અને તિરૂઅનન્તપુરમ્ (ત્રિવેન્દ્રમ્)થી થોડોક રસાલો આવ્યો હતો એ જ માણસો હતાં. નાયરો ખૂબ લડ્યા. નાયર છોકરીઓ પણ મેદાને પડી. વલંદાઓ છેવટે પાછા હટ્યા, પણ નાયરોમાં કોઈક જ જીવતું રહેવા પામ્યું. વલંદાઓ થોડાક કેદીઓને ઉપાડી ગયા છે.

‘મહાદેવી શ્રી ઇન્દીવરાક્ષી અમ્માળે અમને ગઇ કાલે બોલાવીને ખબર આપ્યા કે એમને મળેલી માહિતી મુજબ નાયર કેદીઓને લઇ એક વલંદો બરછો જાવા જવાનો છે. તમે પણ જાવા જવાના છો, માટે તમને ખાસ લખવાનું કહ્યું, કે જો ક્યાંય પણ એ બરછાનો પત્તો લાગે તો વલંદાઓની ઉપર તમારી વગનો ઉપયોગ કરી ગમે તે રીતે એ કેદીને છોડાવવાના છે. વિશેષ એ છે કે મહાદેવીના અંગત રસાલામાંથી બે નાયર કુમારીઓનો પત્તો મળતો નથી. એટલે એમને ભય લાગે છે કે કદાચ એ પણ કેદ પકડાઇ હોય. એકનું નામ છે ચંપકમ્: ભીનો વાન, ઉંમર આશરે ચોવીસ, પટ્ટવિલ (અષ્ટકુળ) ઘરની દીકરી છે; બીજી તન્ગમ્: ગોરે વાન, ઉંમર આશરે અઢાર, ખુદ મહાદેવીની ભાણેજ થાય!

‘બીજું લખવાનું કે......’

ધાધલે કાગળ નેમચંદ શેઠને પાછો આપ્યો. નેમચંદ શેઠે કહ્યું: ‘જુઓ નાખવા! એ બરછો જો રસ્તામાં મળે તો આપણે કશું નથી જાણતા એમ વરતવાનું છે. આપણે વેપારી છિયે. આટલો માલ ભેળો હોય, સોસવાસો ઉતારુઓ ભેળાં હશે, સાથે શેઠાણી છે; નહિતો યે આપણને ઝગડા ન પોસાય. જાવા પહોંચી જરૂર તપાસ કરીશું. નાણાં આપવાં પડે એ ય આપીશું અને આ બે છોડીઓને ઘેર પહોંચાડીશું. બાકી તો એ બરછો ન જ મળે એમ આપણો કાફલો હંકારજો, સમજ્યા? દરિયો મોટો છે; એ દેખાઈ જાય તો પણ આપણે બીજી જ વાટ લેવી. મારી મતલબ સમજ્યાને, નાખવા?’

‘જી હા, અમે સમજ્યા છિયે કે તમે વેપારી છો;’ નાખવાએ કહ્યું, અને પછી જરા વારે ઉમેર્યું, ‘ને અમે ગરાસિયા છિયે!’

ખંડ ૪૧: કાફલાની મંત્રણા


તે રાત્રે દેવા ધાધલે બેય કપ્પલોના તંડેલ(નાખવા)ને ‘રાવળનાથ’ ઉપર જ્યાફત આપી. મુથ્થુસ્વામી (મુથ્થુ એટલે મોતી), ‘નૃસિંહસ્વામી’નો તંડેલ હતો; વેંકટેશ્વરન્ ‘રાજલક્ષ્મી’નો તંડેલ હતો.

જ્યાફત પછી ત્રણે નાખવાઓ દેવરાજની આરાસ્તે બેઠકમાં આવ્યા. એક બેડિયાત કચ્છના પ્રખ્યાત ફૂલગુલાબી દારૂની ધબ્બીઓ મૂકી ગયો. બિલોરી જામ ઢલવાવા લાગ્યા. દેવરાજે ગોપાલ ભાના કાગળની વાત કરી. મુથ્થુસ્વામી અને વેંકટેશ્વરન્‌ની આંખો ચમકી રહી. બીજી ધબ્બી ઊઘડી તે પહેલાં તો દેવરાજ સાથે ગમે ત્યાં જવું પડે તો ત્યાં જઇ એ ચાંડાળ વલંદાને જેર કરવા બે ય તૈયાર થઈ ગયા. દેવરાજે કહ્યું કે હમણાં ગાબિસ્તાની અને સૂરિયા (અનુ. પૃ. ૨૩૬મે)

આપણી વિજ્ઞાન-સંસ્થાઓ : ૧૯

પશ્ચિમના પ્રગતિશીલ દેશોમાં વિજ્ઞાને માનવજીવનના દરેક પાસામાં પ્રવેશી-ને તેમાં ખૂબ સુધારણા કરી છે. આપણે ત્યાં એટલી પ્રગતિ થઈ નથી, છતાં વિજ્ઞાનની અગત્ય તો સમજાવા લાગી છે. હજી આજથી છસાત દસકા પૂર્વે પણ આધુનિક વિજ્ઞાનનો અભ્યાસ આપણા દેશમાં શૂન્યવત્ હતો, ત્યાં સંશોધનની તો વાત જ શી કરવી? સંશોધન-સંસ્થાઓનું આપણે ત્યાં અસ્તિત્વ જ નહોતું. ઈ. ૧૭૮૪માં સર વિલિયમ જોન્સે સ્થાપેલી બંગાળની એશિયાટિક સોસાએટી ઇતિહાસ, સાહિત્ય વગેરે વિષયોમાં સંશોધન હાથ ધરતી, પરંતુ વિજ્ઞાનના વિષયોને એમાં મુદ્દલ સ્થાન ન હતું.

આ પરિસ્થિતિમાં કલકતામાં ડૉ. મહેન્દ્રલાલ સરકારના પરિશ્રમથી હિંદના યુવકોને વૈજ્ઞાનિક



વિજ્ઞાનના ખેડાણ માટેની આપણી જૂનામાં જૂની સંસ્થા

ઇન્ડિયન એસોસીએશન ફૉર ધ કલ્ટિવેશન ઑવ સાયન્સ

સંશોધનમાં તાલીમ આપે એવી સૌપ્રથમ સંસ્થા કાઢવાની હિલચાલ થઈ અને ૧૮૭૬માં 'ઇન્ડિયન એસોસીએશન ફૉર ધ કલ્ટિવેશન ઑવ સાયન્સ' સ્થપાઈ, જે આપણી જૂનામાં જૂની વૈજ્ઞાનિક સંસ્થા છે.

શરૂઆતનાં વર્ષોમાં આ એસોસીએશન ફક્ત વિજ્ઞાનના વિષયોમાં શિક્ષણ આપવાનું કામ કરતું. સંશોધનનું કાર્ય કાંઈ પણ થતું નહિ. પણ ઈ. ૧૯૦૭માં હિંદી સરકારના નાણાંખાતાના અમલદાર શ્રી (હવે ડૉ.) સી. વી. રામનનું ધ્યાન આ સંસ્થા તરફ ગયું. તેમના વિજ્ઞાનપ્રેમે તેમને ત્યાં જતાઆવતા કર્યા અને સરકારી ઑફિસની ઘરેડમાંથી છૂટી તેઓ પોતાની ફુરસદનો સમય સંશોધન માટે આ સંસ્થાની પ્રયોગ-શાળામાં ગાળવા લાગ્યા. ત્યારથી સંશોધનની શરૂઆત થઇ. શ્રી. રામનની પ્રેરણાથી જ એસોસીએશન સંશોધન-પ્રવૃત્તિઓનું ધામ બન્યું. દેશ આખામાંથી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ત્યાં આકર્ષાયા અને પૂર્વના દેશોમાં એક અગ્રગણ્ય સંશોધન-સંસ્થા તરીકે તે પંકાયું.

૧૯૧૭માં રામન કલકત્તા યુનિવર્સિટીમાં પાલિત પ્રોફેસર નિમાયા, પણ ત્યાં પ્રયોગશાળાના અભાવે સંશોધન માટે તો તે આ સંસ્થામાં જ આવતા. સંશોધનકાર્ય જુદાંજુદાં ક્ષેત્રોમાં વિસ્તરવા લાગ્યું : ધ્વનિ-વિજ્ઞાન, પ્રકાશવિજ્ઞાન, ક્ષ-કિરણો ને ચુંબકતા વગેરેમાં પૂર બહારમાં સંશોધન થવા લાગ્યું. ૧૯૨૪માં રામનને લંડનની રૉયલ સોસાએટીએ પોતાના ફેલો તરીકે (એફ.આર.એસ.) ચૂંટી મહામાન આપ્યું. ૧૯૩૦માં 'રામન ઇફેક્ટ' તરીકે મશહૂર પ્રકાશ ફેલાવાની નવી અસરની શોધ માટે રામનને નોબેલ પારિતોષિક એનાયત થયું.

૧૯૩૩માં પ્રોફે· રામન આ સંસ્થામાંથી છૂટા થયા અને ડૉ. કે. એસ. કૃષ્ણન તેમની જગ્યાએ નિમાયા. સ્ફટિક-ચુંબકતા (crystal magnetism) પર પ્રો. કૃષ્ણને જે મૌલિક સંશોધન કર્યું તેની કદર રૂપે તેઓ પણ એફ. આર. એસ. ચૂંટાયા. આમ આ સંસ્થાએ હિંદમાં બે મહાન વૈજ્ઞાનિકો પેદા કર્યા છે. આ સંસ્થાનો ઇતિહાસ એટલે આપણા દેશમાં વિજ્ઞાનના ઉચ્ચ સંશોધન અંગે થએલી પ્રગતિ અને ખિલવણીની આધુનિક તવારીખ એમ કહેવું અતિશયોક્તિ ભર્યું ન ગણાય.


અણુ-ભૌતિક વિજ્ઞાનના મૂળભૂત સંશોધનમાં પણ આ એસોસીએશને નામના કાઢી છે. એ ક્ષેત્રમાં પોતાનો વિશેષ ફાળો આપી શકાય એ ઉદ્દેશથી યુદ્ધોતર કાળમાં એસોસીએશનની પુનરચના અને કાર્યક્ષેત્ર વિસ્તારવાની યોજનાઓ કરવામાં આવી. બો બજારવાળું એનું જૂનું મકાન ખિલવણી માટે પૂરતું નહોતું, એટલે હિંદી સરકારે વાર્ષિક ૨ાા લાખ રૂપિયાની રકમ આપવાનું નક્કી કર્યું. પરિણામે જાદવપુરમાં અદ્યતન સગવડોવાળું નવું મકાન ૧૯૫૦માં પૂરું થયું અને ૧૯૫૧માં ત્યાં સંશોધનનું કામ શરૂ કરવામાં આવ્યું. આ બધી ખિલવણીની પ્રવૃત્તિ-ઓને સફળ પાર ઉતારવાનું માન તેના નિયામક પ્રો. મેઘનાદ સાહાને જાય છે. પ્રો. સાહાના અકાળ અવસાનથી સંસ્થાને મોટી ખોટ પડી છે.

છેલ્લાં પાંચ વર્ષોમાં એસોસીએશને નીચેના છ વિભાગો સ્થાપ્યા છે : ક્ષ-કિરણો અને ચુંબકતા, પ્રકાશવિજ્ઞાન, ભૌતિક રસાયન, કાર્બનિક રસાયન, સૈદ્ધાંતિક ભૌતિક વિજ્ઞાન અને અ-કાર્બનિક રસાયન વિભાગ. આ દરેક વિભાગ એક પ્રોફેસર યા રીડરના હાથ નીચે કામ કરે છે. લાયબ્રેરી અને વર્કશૉપ અદ્યતન સાધનો વડે સજાવવામાં આવ્યાં છે. સંસ્થાની લાયબ્રેરી ખૂબ સમૃદ્ધ છે. સંસ્થામાં થએલાં સંશોધનોનો વિચાર કરીએ તો પ્રો. રામનના વખતમાં ધ્વનિશાસ્ત્રને લગતું કામ, આપણાં તારવાળાં વાજિંત્રોમાંથી નીકળતા સૂરોનું અન્વેષણ, પ્રકાશ-વિવર્તન અને નિગ્રહ, રૅલે (raleigh) પરિક્ષેપણ, વીજળિક અને ચુંબકીય ક્ષેત્રોને લીધે બાઈ-રેફ્રિજન્સ, વાયુ પ્રવાહી અને ઘન પદાર્થોની ચુંબકીય ગ્રહણશીલતા, પ્રવાહી અને ઘનપદાર્થોનું ક્ષ-કિરણ વડે વિવર્તન વગેરે વિષયો પર અન્વેષણ થતું હતું. નવા વિભાગોમાં રસાયન ખાતામાં હાઇ પૉલીમર પદાર્થોના રાસાયનિક ગુણધર્મો પર ખાસ અન્વેષણ ચાલે છે. કાર્બનિક રસાયન વિભાગમાં ઔષધીય ગુણો ધરા-વતી દેશની વનસ્પતિનું સંશોધન ચાલુ છે. સેન્ટોનીન, રાળી પદાર્થો ને બીજી ચીજોનો અભ્યાસ થઈ રહ્યો છે. હિંદી રસાયનના ઇતિહાસ પર પણ સંશોધન થાય છે,-ખાસ કરીને પ્રાચીન અને મધ્ય યુગને લગતું. આ ઉપરાંત પુષ્કળ વિવિધ સંશોધન પણ થયું છે અને હજી ચાલે છે. અત્યારે એસોસીએશનના નિયામક પ્રોફેસર પ્રિયદા રંજન રાય છે.

નરસિંહ મૂ. શાહ

હા ટેબલ-ટૉપ ફોટોગ્રાફી

એક અભિનવ કલા-પ્રકાર



ચિત્ર નં. ૬ 'યાત્રી'

હાથમાં કૅમેરા ધરાવતા માણસ સામે અફાટ ધરતી ફોટોગ્રાફી કરવા માટે પડી છે. ઘરના આંગણામાં ખરી પડેલા એકાદ પાંદડાથી માંડીને દૂરદૂરના રળિયામણા ડુંગર સુધીના પદાર્થોમાંથી ફોટોગ્રાફર સરસ ચિત્રો સર્જી શકે છે. પરંતુ એવું સારું ચિત્ર બનાવવા માટેની કેટલીક જરૂરી સગવડો તેને અમુક જગ્યાએ, અમુક સંજોગોમાં અને અમુક સમયે જ મળે છે; અને તેથી, મરજી પડે ત્યારે, મરજી પડે તે રીતે, મરજી પડે તેવું અને મરજી પડે તેટલી સંખ્યામાં ચિત્ર બનાવવા માટેની ફોટોગ્રાફરની ઇચ્છા પર ઘણી વાર એક મર્યાદા આવી પડે છે. કોઈ વખત તો કૅમેરાનું શટર દબાવવામાં એકાદ સૅકંડનો વિલંબ થતાં એ દૃશ્ય પાડવાની તક ફરી ક્યારે ય નથી મળતી. વળી કેટલાક એવા વિચાર પણ હોય છે જે મૂર્ત સ્વરૂપમાં દુનિયા પર કદી જોવા નથી મળતા. આ બધી મુશ્કેલીઓને ટાળવા અને પોતાની મરજી પડે ત્યારે પોતાની ઇચ્છા મુજબનું ચિત્ર બનાવવા બુદ્ધિશાળી ફોટોગ્રાફર 'ટેબલ-ટૉપ' (Table-top) ફોટોગ્રાફીનો આશ્રય લે છે.

'ટેબલ-ટૉપ' ફોટોગ્રાફી એટલે કોઈ ચોક્કસ સ્થળ કે ચોક્કસ દૃશ્યની ખુદની ફોટોગ્રાફી નહિ; પરંતુ પોતાના ઘરમાં જ, ટેબલના મથાળા પર રમકડાં, પૂતળીઓ, નાનાં મૉડેલ કે સાદી ઘરગથ્થુ વસ્તુઓ વડે પોતાની કલ્પના મુજબનું દૃશ્ય ઊભું કરીને તેનું જીવંત લાગતું હૂબહૂ ચિત્ર બનાવવું તે. સામાન્ય ફોટોગ્રાફીમાં માણસ સંજોગોને અધીન છે, જ્યારે આ ટેબલ-ટૉપ ફોટોગ્રાફીમાં એ પોતાની મરજી મુજબનું અને ક્યારેક તો ફક્ત કલ્પનામાં જ ઊતરી આવતું દૃશ્ય કે વિચાર જાતે રચી-ગોઠવીને અને ફાવે તેવા તેમાં ફેરફાર કરીને ચિત્રસર્જન કરે છે. ભેજાબાજ ફોટોગ્રાફર એમાંથી હૃદયસ્પર્શી નિસર્ગદૃશ્યો, ઊંચાં ભાવવાહી ચિત્રો, રમૂજી પ્રસંગચિત્રો કે જાહેરખબરની અભિનવ પ્રચારરચનાઓ યોજી શકે છે. ખૂબી એટલી કે એ ચિત્ર આપમેળે પોતાની કથા કહે એટલું વાર્તાતત્ત્વ તેમાં હોવું જોઈએ. એ અભિવ્યક્તિ તેમાં છે કે કેમ, જોનારની લાગણીઓને તે સ્પર્શી જાય છે કે કેમ, તે કૃત્રિમ ન લાગતાં તેમાં આબેહૂબતા ને કલામયતા ઊતર્યાં છે કે કેમ, એ બધું ફોટોગ્રાફરની કલ્પના, કાર્યકુશળતા, ચોકસાઈ ને સફાઇ પર અવલંબે છે.

આજકાલનાં લગભગ બધાં જ ફોટોગ્રાફી-પ્રદર્શનોમાં હવે 'સ્ટિલ-લાઈફ'ની સાથે આવા 'ટેબલ-ટૉપ' ફોટોગ્રાફો પણ હોય છે. જોકે એમ પણ કહેવાય છે કે ટેબલ-ટૉપ ફોટોગ્રાફીમાં તો તમને જોઈતી બધી જ અનુકૂળતાઓ મળી રહે,—મતલબ કે તમે ઇચ્છા મુજબનું સેટિંગ તૈયાર કરી શકો, ફાવે તેવી પ્રકાશયોજના રચી શકો, ગમે તેટલી વાર નિષ્ફળ નીવડો તોપણ તેનું તે ચિત્ર ફરી ફરી લઈ શકો, એટલે તેમાં તમે સફળ થાઓ એમાં ખાસ મહત્ત્વ કે નવાઇ નથી. છતાં એ વસ્તુ પણ એટલી જ સાચી છે કે લગભગ પચાસ 'ટેબલ-ટૉપ' ચિત્રોમાંથી ફક્ત એકાદ વિરલ ચિત્ર જ ઇનામ મેળવવા જેટલું સફળ બને છે. એટલે તેમાં કલ્પના, રસદૃષ્ટિ, પરિશ્રમ વગેરેની કાંઈ ઓછી કસોટી નથી. વસ્તુતઃ ટેબલ-ટૉપ ફોટોગ્રાફીમાં અમુક અનુકૂળતાઓ હોવા છતાં તે માની લેવામાં આવી છે તેટલી સહેલી નથી. એ તીવ્ર કલ્પનાશક્તિ, ચિત્રસંયોજનની કુશળતા, જરૂરી વસ્તુઓ બનાવી લેવાનું હસ્તકૌશલ, ચોકસાઈ, સફાઈ અને ચિત્રના વિષયનું સચોટ જ્ઞાન માગી લે છે. આમાંની એકાદ વસ્તુમાં જરા જેટલી પણ ભૂલ થાય તો ચિત્ર કૃત્રિમ લાગી તદ્દન નકામું બની રહે છે અને બધી જ મહેનત એળે જાય છે.


ટેબલ-ટૉપ ફોટોગ્રાફીમાં ચિત્રવિષયની પસંદગી એ ઘણી જ અગત્યની વસ્તુ છે. ફોટોગ્રાફર પાસે વિષયો તો ઘણા જ હોય છે. નિસર્ગદૃશ્યોથી માંડીને પરીકથાઓ સુધીના અને રમતગમતો કે રોજિંદા જીવનપ્રસંગોથી માંડીને કોઈ ગહન વિચાર સુધીના વિશાળ ફલકમાંથી તે ફાવે તે પસંદ કરી શકે છે.


વિષયની પસંદગી સાથે એટલી જ મહત્ત્વની બાબત તે વિષયની પાછળના 'વિચાર'ની છે. આજે એ વિચાર(idea)ને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. અમુક વિચાર તો એવા હોય કે જે વાસ્તવિક જીવનમાં મૂર્ત સ્વરૂપમાં કદી જોવા ન મળે, છતાં ફોટોગ્રાફર મૉડેલ વગેરેની મદદ લઈને તેને ટેબલ-ટૉપ ફોટોગ્રાફી દ્વારા રજૂ કરી શકે છે. દાખલા તરીકે ચિત્ર નં. ૩માં જે સંકેત દર્શાવ્યો છે તે કદી ય મૂર્ત સ્વરૂપમાં જોવા નહિ મળે. 'Wizard of Wealth'(ધનભૂખ્યો રાક્ષસ)માં નિર્જીવ રમકડાંની રચના સાથે જીવંત હાથના પંજાનો સુમેળ રચીને મૂડીવાદના અનિષ્ટનો ભાવાત્મક ચિતાર રજૂ કરાયો છે. ચિત્ર નં. ૪માં રજૂ કરાએલું દૃશ્ય સાચેસાચ લેવા માટે તો દરિયાની સપાટી નીચે ખૂબ ઊંડે જવું પડે; પણ અહીં તો થોડી રેતી, એક ડબ્બી, જરૂરી પાંદડાં, સાદી દોરી ને એક પૂતળાની રચના ટેબલના મથાળા પર કરીને હૂબહૂ ચિત્ર સરજાવ્યું છે. ચિત્ર નં. ૧ અને ૨નું દૃશ્ય હિમાલય સિવાય ભારતની ભૂમિ પર ક્યાંય જોવા નહિ મળે, પણ ફોટોગ્રાફર તેને પોતાના સાદા ટેબલના સાંકડા મથાળા પર આબેહૂબ રજૂ કરી શકે છે.


વિષય કે વિચાર નક્કી કર્યા પછી પ્રથમ તો કાગળ પર તેના સ્કેચ કરવા. ચિત્ર ઊભું કરવું કે આડું તે પણ ત્યારે જ નક્કી કરવું જરૂરી છે. *એ જ વખતે તેમાં ક્યા પદાર્થોની જરૂર પડશે તે પણ વિચારી લેવું.*


કાગળ પર સ્કેચ ગોઠવતી વખતે પહેલું ધ્યાન ચિત્રસંયોજન પર આપવું, કેમકે બીજાં બધાં સાધનોની યે પહેલાં સપ્રમાણ સુગઠિત સંયોજન હોવું ખાસ જરૂરી છે. ઘણી યે વાર બીજી બધી બાબતમાં સંપૂર્ણ લાગતું ચિત્ર કંગાળ સંયોજનને કારણે માર્યું જાય છે. ચિત્રસંયોજનમાં ત્રાંસી કર્ણરેષાવાળી તથા અંગ્રેજી S,L,U અને O અક્ષરોના આકારની રચના વધારે પ્રચલિત, શોભીતી અને ઉપયોગી ગણાય છે. એમાં સૌથી વધુ સરળ રચના S આકારની છે, જ્યારે સૌથી મુશ્કેલ Oની ગણાય છે. ચિત્ર ન. ૧, ૨ અને ૫ માં S આકૃતિની અથવા કર્ણરેષા આકારની રચના છે. ચિત્ર નં. ૪ અને ૬માં L ઘાટનું સંયોજન છે.

કાગળ પર સ્કેચ કરી લીધા પછી જરૂરી સાધનો તૈયાર કરવામાં









પણ ખૂબ ધ્યાન આપવું પડે છે. ઘણી વાર સ્કેચ પ્રમાણેની વસ્તુઓ ન મળી શકવાથી કે તૈયાર ન થઈ શકવાથી ફેરફાર પણ કરવો પડે છે.

ટેબલ-ટૉપ ફોટોગ્રાફી કરવા માટે નીચેની વસ્તુઓ ખાસ જરૂરી છે: ખૂબ નજીકથી ફોકસ કરી શકાય તેવો કૅમેરા,—અને તે પણ કટ-ફિલ્મનો ઉપયોગ કરી શકાય તેવો હોય તો વધુ સારું. બેત્રણ સારાં લાઇટ (બત્તીઓ) અને એકાદ 'સ્પૉટ લાઈટ': જોકે સાદા ઘરગથ્થુ પ્રકાશથી પણ ચાલી શકે છે. જરૂરી ઘાટની માનવ આકૃતિઓ કે બીજ ચીજો બનાવી લેવા સારુ પ્લાસ્ટીસીન નામની મૉડેલિંગ ક્લે (મીણ-માટી) ડ્રૉઇંગનો સામાન વેચનારને ત્યાં મળે છે તે ખાસ જોઈએ. બીજી વસ્તુઓ તો પછી ચિત્રવિષયની જરૂરત મુજબ મેળવી લેવાની હોય છે.

સાધનો એકઠાં કર્યા બાદ એક મોટા ટેબલ પર સૌથી પ્રથમ એકાદ પૂંઠું મૂકીને તેના પર વસ્તુઓની રચના કરવા માંડવી. આ કામ ધારવા જેટલું સહેલું નથી. સૌથી પ્રથમ મુશ્કેલી તો એ બધી વસ્તુઓને તેમની જગ્યાએ ઊભી કેમ રાખવી એ જ નડશે. જોકે ઘર કે એવી બીજી વસ્તુઓને તો પાછળની બાજુએ, ન દેખાય તેવા ટેકા વગેરે મૂકીને ઊભાં રાખી શકીએ; પણ ઝાડ કે વાડ, કે ચિત્ર નં. ૪ માંની માછલી, કે નં. ૩માંની થેલી વગેરે વસ્તુઓને નિશ્ચિત જગ્યાએ રાખવામાં મૂંઝવણ ઊભી થાય. ઝાડ કે વાડને તો નીચે મીણ-માટીની બેઠક બનાવી તેમાં ચોડી શકાય. માછલી તથા થેલીને બારીક દોરીથી લટકાવીને એ મુશ્કેલી દૂર કરી હતી. આવી મુશ્કેલી દૂર કરવા માટે કદીક ચિત્રના ભૂમિભાગની રચનામાં જ ફેરફાર કરી નાખવો પડે છે.

સેટિંગ તૈયાર કરતી વખતે વસ્તુઓના પરસ્પરના પ્રમાણનો ખાસ ખયાલ રાખવો. એમાં રહી ગએલી નાની ભૂલ પણ ચિત્રને ઊંચા વર્ગમાંથી બાતલ કરી નાખે છે. દાખલા તરીકે ચિત્ર નં ૧ની પહેલી નેગેટિવ બનાવી ત્યારે વાડ મનુષ્ય કરતાં મોટી લાગતી હતી, તેથી વાડને નાની કરીને આખા સેટિંગને ફરીથી ગોઠવવું પડ્યું હતું. આવી જ બીજી એક ભૂલ ચિત્ર નં. ૨ માં મનુષ્યની આકૃતિ મૂકવામાં થઇ હતી. પહેલી નેગેટિવમાં તે સહેજ પાછળ ઢળતી રહી ગઇ હતી; પણ સામાન્યતઃ તો બરફ કે રેતીમાં ચાલતી વખતે માણસના શરીરનો ભાગ હમેશાં આગળ ઢળતો હોય છે. આથી આખું ચિત્ર ખોટું ઠર્યું અને ફરીથી સુધારો કરી બીજી નેગેટિવ બનાવવી પડી. આમ અનેકરીતે ધ્યાન રાખવું પડે છે.

ટેબલ ટૉપ બનાવનારને બીજી એક મુશ્કેલી પર્સ્પેક્ટિવ જાળવવાની પડે છે. સામાન્ય નજરે સીધા અને સાચા જણાતા ટેબલ-ટૉપના સેટિંગ પરથી લેવાએલું ચિત્ર નેગેટિવમાં ખૂબ વાંકું અને બેહૂદું ઊતરે છે. દાખલા તરીકે ચિત્ર નં ૬ માં સેટિંગ પ્રમાણે બધી ઊભી રેખાઓ સીધી અને કાટખૂણે હતી, છતાં ચિત્રમાં તે બધી સહેજ ત્રાંસી ઊતરે છે. આ મુશ્કેલી ખાસ કરીને સમાંતર લીટીઓમાં ઊભી થાય છે. એ દૂર કરવા માટે કાં તો ખાસ લેન્સ વાપરવો પડે, અથવા તો સેટિંગ તે પ્રમાણે જરા ત્રાંસાં ગોઠવવાં પડે છે.

ટેબલ પર કાચું સેટિંગ બરાબર ગોઠવાઇ રહે તેને 'ફિનિશિંગ ટચ' (છેલ્લો હાથ) આપવાની જરૂર રહે છે. ચિત્ર નં. ૧, ૨ અને ૫ માં કાચું સેટિંગ તૈયાર કર્યા પછી તેમાં કુદરતી બરફ પડેલો હોય એવું આબેહૂબ બતાવવા માટે ખૂબ મહેનત તથા કાળજી લેવી પડી હતી. બરફની અસર લાવવા માટે શંખજીરા કે દળેલા મીઠાનો ભૂકો ગમેતેમ વગર હિસાબે પાથરવાથી કંઇ બરફની અસર નહિ આવે. ખાડાટેકરા બતાવવા હોય તો તે માટે પ્રથમ જરૂરી ખાડા ટેકરા બનાવી લઇને, પછી ખૂબ બારીક ચારણીમાંથી શંખજીરું અમુક ઊંચાઇએથી આખા સેટિંગ પર ભભરાવવું પડે. તો જ બરફ પડ્યો હોવાની સાચી અસર ઊઠી આવે. વળી બરફની ચમક લાવવા માટે કાં તો અબરખનો બારીક ભૂકો અથવાં ટેબલ સાલ્ટ (મીઠું) ભભરાવવાની જરૂર રહે જ છે. કંઈ જગ્યાએ, કેટલો

બરફ જોઇએ તેનું પણ ધ્યાન રાખવું. દાખલા તરીકે ચિત્ર નં. ૧, ૨ તથા ૫ માં માણસની હૅટ ઉપર કે ઓવરકોટના ખભા પર બરફ હોઈ શકે, પરંતુ તેની લાકડી, બૂટ કે હાથ પર બરફ બતાવવો તે ભૂલ ગણાય.


સેટિંગ તૈયાર કરવામાં પશ્ચાદ્‌ભૂમિકા(બૅક-ગ્રાઉંડ)નો પણ ખાસ ખયાલ રાખવો પડે છે. સામાન્યરીતે તો બૅક-ગ્રાઉન્ડ માટે સાદા કે રંગીન કાગળ વપરાય છે. વાદળાં વગેરેની જરૂર વખતે વાદળાંને જરૂર પ્રમાણે કાગળ પર ચાક કે રંગથી બનાવી લેવાનાં હોય છે. એકાદ નાની ભૂલ પણ ચિત્રને તદ્દન નકામું બનાવી દે છે તેનો ખયાલ નીચેની બાબત પરથી આવશે. ચિત્ર નં. ૫ માં બૅક-ગ્રાઉન્ડનો કાગળ સરતચૂકથી અને ઉતાવળમાં સેટિંગની ખૂબ નજીક મુકાઈ ગયો હતો. નેગેટિવ બનાવીને એક મિત્રને બતાવતાં તે કહે, 'ભાઈ, તમે તો અજબ છો; આકાશ પર પણ ઝાડનો અને ઝૂંપડીનો પડછાયો પાડી શકો છો!' બૅક-ગ્રાઉંડનો કાગળ ખૂબ નજીક મુકાઇ જવાથી અને સામેથી પાવરફુલ લાઇટિંગ આવવાથી ઝાડ અને ઝૂંપડીનો પડછાયો પાછળના કાગળ પર પડતો હતો!

આવી જ બાબત પ્રકાશયોજનાની છે. કોઇ પણ પ્રકારની ફોટોગ્રાફી માટે યોગ્ય પ્રકાશ એ પહેલી જરૂરિયાત છે, ચિત્રનો પ્રાણ છે. ઘણાં સારા સંયોજનવાળાં અને બીજી બધી રીતે સંપૂર્ણ ગણાય તેવાં ચિત્રો યોગ્ય અને જરૂરી પ્રકાશયોજનાના અભાવે નિષ્ફળ ગયાં છે. ટેબલ-ટૉપ ચિત્રોમાં તો, ફોટોગ્રાફરે જાતે જ પ્રકાશ ગોઠવવાનો હોવાથી સેટિંગનો પ્રકાર, વિષયનો સમય વગેરેને અનુરૂપ પ્રકાશરચના કરવામાં ખૂબ ચોકસાઈ રાખી શકાય. દાખલા તરીકે ચિત્ર નં. ૧ (બરફ પડી ગયા પછી ઘર ભણી) અને ચિત્ર નં. ૨ (સંધ્યાકાળની બરફવર્ષા પછી વળતાં પગલાં)માં સાયંકાળના પ્રકાશની યોજના કરવી જરૂરી છે. એમાં જો 'ટૉપ-લાઇટ' વધારે જોરદાર હોય તો સંધ્યાની અસર આવતી નથી. વળી આવાં કૃત્રિમ ચિત્રોમાં પ્રકાશ હૂબહૂ દશ્યો જેવો કુદરતી લાગવો જોઈએ. એમાં સહેજ પણ અસાવધ રહેવાથી કેવી મોટી ભૂલ થાય છે તે નીચેના ઉદાહરણ પરથી સમજાશે. ચિત્ર નં. ૧ માં સેટિંગ, લાઇટિંગ વગેરે ગોઠવ્યા પછી નેગેટિવ બનાવીને એક મિત્રને બતાવતાં તે કહે, 'તમે તો ભગવાન કરતાં પણ ચડી ગયા. બે સૂરજ બતાવ્યા છે!' થયું હતું એવું કે સામેની બાજુએ બે જોરદાર ગોળા મૂકેલા હોવાથી પાછળના ખૂણાના એક ઝાડના બે પડછાયા પડતા હતા! આ બાબત સેટિંગ પરથી તરત ખયાલમાં આવે તેમ ન હતી, પરંતુ નેગેટિવ બનાવ્યા પછી જ ભૂલ જણાઈ આવી.

નેગેટિવ બનાવી લીધા પછી સેટિંગ કઢાવી લેવાની ઉતાવળ ન કરવી. સાદો પ્રિન્ટ કે નાનો એન્લાર્જમેન્ટ કાઢી તેની બરોબર નુકતેચિની કરી લેવી. બેચાર જાણકાર મિત્રોને પણ બતાવી જોવો; કેમકે ઘણી વાર પોતાના ખયાલમાંથી સરકી જતી નજીવી બાબત કે નાની ખામી બીજાની નજરે તરત ચડી જાય છે.

અમુક ખાસ અસરો ઉપજાવવામાં પણ બહુ કાળજી લેવાની જરૂર છે. દાખલા તરીકે ચિત્ર નં. ૧માં પગલાં બનાવવા માટે ખૂબ પૂર્વ-વિચાર જરૂરી હતો. બરફમાં માણસનાં પગલાં કેવાં હોય, કઈ જગ્યાએ તે ઊંડાં-છીછરાં હોય, બે પગલાં વચ્ચે અંતર કેટલું હોય વગેરે બાબતોનું સચોટ જ્ઞાન હોવું જરૂરી હતું. ઘણી વખત તો સેટિંગ પર ખૂબ વિચાર કરીને બનાવેલાં સાચાં પગલાં પણ કૅમેરાનો કોણ બદલવાથી પલટીને બેહૂદાં બની જાય છે. આમ, બધા સંજોગોનો વિચાર કરવો જરૂરી છે. ચિત્ર નં. ૩ અને ૪માં માછલી અને થેલીને તેની ઉચિત જગ્યાએ બતાવવા માટે તેને દોરીથી લટકાવવાની જરૂર છે, પડી હતી, તેમાં જે રંગની પશ્ચાદ્‌ભૂમિ હોય તે જ રંગની દોરી લેવી જરૂરી ગણાય. નહિ તો દોરી દેખાઈ આવે અને ચિત્ર નકામું થઈ જાય.

કેવી સાદી સામુલી વસ્તુ[illegible]રીને સુંદર ચિત્ર બની







સામેના તથા આ કૉલમનાં ચિત્રોનો પરિચય:

સામેના કૉલમમાં–મથાળેથી: 'સંધ્યાકાળની બરફ-વર્ષા પછી'–ચિત્ર નં. ૨; 'દોલતનો દૈત્ય'–ચિત્ર નં ૩; 'દરિયાતળની દોલત'–ચિત્ર નં. ૪; 'છાયાનૃત્ય'–ચિત્ર નં. ૭; આ કૉલમમાં–મથાળેથી: 'અંગભંગનું સૌંદર્ય'–ચિત્ર નં. ૮; 'ઘર ભણી'–ચિત્ર નં. ૫; ચિત્ર નં. ૧ની રચના-ચિત્ર ૯.

શક તેનો ખયાલ ચિત્ર નં. ૭ અને ૮ પરથી આવશે. બજારમાં સસ્તાં મળી ગએલાં ચાર કે પાંચ પેપર-કટરને ઉચિત રીતે ગોઠવીને એ બનાવ્યાં છે. ચિત્ર નં. ૮, આવાં ચાર પેપર-કટરને કાચ પર ચોંટાડીને તથા નીચે પગથિયાંના દેખાવ માટે સાદા કાગળને જરૂર પ્રમાણે કાપી કાચ પર મૂકીને ઉપજાવ્યું છે. પણ આવાં ચમકવાળાં પૂતળાંનો ઉપયોગ કરતી વખતે પ્રકાશયોજનામાં ખૂબ ધ્યાન આપવું પડે. ચિત્ર નં. ૮માં પ્રકાશ સેટિંગની સામેથી અમુક ઊંચાઇએથી આપવાથી બધાં પાત્રોનાં મોં પર હાસ્યના ભાવ આવતા હતા, જ્યારે એ જ સેટિંગ પર થોડી જ ડિગ્રી નીચેથી પ્રકાશ આપવાથી બધાં પાત્રો રડતાં જણાતાં હતાં! ચિત્ર ૭ પણ, આવા જ પેપર-કટર ચોંટાડેલા કાચને, કાગળોની અસ્તવ્યસ્ત પડેલી થપ્પી પર મૂકીને સામા પ્રકાશે લેવાથી બન્યું છે. આમ, ચિત્રસંયોજન, પ્રકાશ, વાસ્તવિકતા બધા મુદ્દા ચોકસાઈથી ઠરાવ્યા પછીની છેલ્લી નેગેટિવ પણ એકથી વધુ બનાવી લેવી સારી.

છેલ્લું ચિત્ર (નં. ૯) જોવાથી પહેલા નંબરનું ચિત્ર કેવી રીતે રચ્યું હતું તેનો સમગ્ર ખયાલ આવી રહે છે. એક નાના ટેબલના મથાળા પર સેટિંગ કેમ કર્યું છે, પ્રકાશ કેવી રીતે અને કેટલા અંતરે ગોઠવ્યો છે વગેરે સ્પષ્ટ થાય છે. ઝૂંપડી પૂઠાના ટુકડાને કાપીને તથા જરૂર પ્રમાણે ચોંટાડીને બનાવી છે. ઝાડનાં ઠૂંઠાં માટે તુલસીના છોડની ડાળી પરથી પાંદડાં તથા નાની નાની ડાળીઓને છાંટી નાંખી તેનો ઉપયોગ કર્યો છે. વાડ માટે, પૂઠાની પટ્ટીઓને એકબીજી પર ચોડીને જરૂરી જાડાઈ બનાવી છે. મનુષ્યની આકૃતિ માટે એવું તૈયાર રમકડાંનું પૂતળું મેળવી લીધું છે. બરફ માટે બારીક શંખજીરું વાપર્યું છે, અને તેને પાથરી દીધા પછી તેમાં નાની લાકડીથી કે ચીતરવાના બ્રશના જાડા છેડાથી જરૂર પ્રમાણે પગલાં બનાવ્યાં છે. એ જ પ્રમાણે ચિત્ર નં. ૨માં પણ એવી જ વસ્તુઓનો ઉપયોગ કર્યો છે. ઝૂંપડીની બારી બતાવવા માટે, ઝૂંપડીની દીવાલનો એટલો ભાગ કાપી નાખીને ત્યાં ટ્રેસિંગ પેપર લગાવી તેના પર પેન્સિલથી લીટીઓ દોરીને કાચનું ચોકઠું હોય એવું દશ્ય રચ્યું છે. ચિત્ર નં. ૫ (ઘર ભણી)ની ઝૂંપડીમાં પૂઠા પર ખસની ટટ્ટીનો વાળો ચોડીને વાંસની કે લાકડાની વળીઓની અસર ઉપજાવી છે. આક[ાશ] માટે ઘેરા રાખોડી રંગના કાગળ પર વાદળાં ચીતરીને દશ્ય રચ્યું [છે]. ચિત્ર નં. ૩માંની માનવ આકૃતિ પ્લાસ્ટેસીનમાંથી બનાવી લીધી અને મૂડીવાદી હાથ બતાવવા માટે આંગળીઓ પર કીમતી વીંટી ત[થા] શોષણની ભયંકરતા બતાવવા માટે કાગળના બનાવેલા નખ પહેર[ાવ્યા] છે. થેલી તો સાદા કપડાની બનાવી લઇને પાછળથી લટકાવી દીધી છે.

ચિત્ર નં. ૪ (દરિયાતળની દોલત)માં પાણીની નીચેનું દશ્ય બત[ા]વવા સારુ સામાન્ય રીતે કૅમેરાના લેન્સની આગળ કાચ પર થો[ડા] પરપોટા કે એવું કાંઈ ચીતરીને તે મૂકવો પડત. પરંતુ અહીં તેને બદ[લે] તૈયાર ઘરગથ્થુ ઍક્વેરિયમ(નાના માછલીઘર)નો ઉપયોગ કર્યો છે. તેમાં જરૂરી છોડ વગેરે તો એ માછલીઘરમાં જ હતાં. ખજાનાની પેટી 'ટેબલ–સિગારેટ-કેસ'ની આજુબાજુ સૂતરની દોરી બાંધીને બતાવ[ી] છે. વિવિધ માછલીઓ તો મીણમાટી(પ્લાસ્ટેસીન)ની બનાવીને દોરીથી લટકાવી દીધી છે. જોકે આમાં તો સાચી માછલીનો ઉપયોગ પણ કરી શકાત, પરંતુ ટેબલ-ટૉપ ફોટોગ્રાફીમાં જરૂરી લાંબો એક્સ્પોઝ[ર] આપવા જતાં માછલીઓ હાલી ઊઠે. ડૂબકી મારનારનું પૂતળું પણ મીણમાટીનું બનાવેલું છે. ઑક્સિજન ગૅસ-ટ્યૂબ તથા કમરે બાંધેલ દોરડા માટે અનુક્રમે રબરની વાલ્વ-ટ્યૂબ તથા સૂતરની વળવાળી દોરીનો ઉપયોગ કર્યો છે. પરપોટા દેખાડવા માટે રબરની ટ્યૂબના બીજા છેડા પરથી, શટર દબાવતી વખતે ફૂંક મારી હતી.

ચિત્ર નં. ૬ (યાત્રી) માટે બજારમાં મળતા ઈસુ ખ્રિસ્તના ક્રૉસને પૂઠાની રચેલી પશ્ચાદ્ભૂમિ પર ગોઠવ્યો છે. મીણબત્તી અને મનુષ્યની આકૃતિનું પ્રમાણ જાળવવા માટે મીણબત્તીને છોલીછોલીને ખૂબ નાની કરવી પડી હતી અને તે પણ શટર દબાવતાં અગાઉ એક સેકંડ પહેલાં જ સળગાવી હતી, નહિતર જ્યોત જરૂર કરતાં વધારે મોટી થઇ જાત. મનુષ્યની આકૃતિ માટે તો અનુરૂપ પૂતળું જ મેળવી લીધું હતું. મીણબત્તીના સ્ટૅન્ડ માટે ચેસની રમતના પ્યાદાનો ઉપયોગ કર્યો હતો!

અજિતકુમાર સંઘવી

અનુસંધાન] **દેવો ધાધલ** [પૃ. ૨૩૧થી

વાવડા ફરતા રહેશે; એમાં વચમાં સાવ પવન પડી જાશે; હેરિયાં કરવાં પડશે. એ બધામાં બરછો છસાત દહાડા વહેલો નીકળ્યો છે, એ વાતમાં કાંઈ માલ નહોતો. તલૈવનોએ સંમતિમાં ડોકાં હલાવ્યાં. દક્ષિણાપથના માનવીઓ 'હ'કારમાં માથાં આડાં—કાનોકાન હલાવે છે, અને બીજાઓ 'ન'કાર દેખાડવા એમ માથાં હલાવે છે.

'જે બરછો નાગપત્તનમ્ પાસે દેખાયો એ જ જો આપણો ચોર હોય તો હણ્ડુમન્ (આંદામાન) તરફ જતો લાગ્યો હતો. પણ એ તો કેવળ ગાભિસ્તાની પકડવા પણ જતો હોય.' દેવરાજે કહ્યું, અને તલૈવનો એમાં પણ સંમત થયા. 'એને પણ જાવા જવું છે, પણ સમજો, કે હણ્ડુમનને રસ્તે અચેન ઉપરથી મલક્કાની મોટી નાળમાંથી જાવા જાય, તો ય રસ્તામાં પાણી ભરવા ક્યાંક થોભે! અને ત્યાં પાણી મળે એવું એક નાનકવડી બંદર જ છે. ઉ બંદરમાં તો આપણાં વહાણો હંમેશ પડયાં હોય છે, એટલે ઇ જરા છેટે, હન્નિપોની ખાડીમાં લિકાઈ, ને નાનકવડીમાંથી પાણી ભરી લે, ઇ બનવાજોગ છે. માટે કાફલો હન્નિપો તરફ લેવો!' દેવરાજે પ્રસ્તાવ કર્યો. બે ય તલૈવન રાતોરાત લંગર ઉપાડી હન્નિપો તરફ હંકારવા અધીરા થઈ ગયા. હવે ત્રીજી પખ્ખી ઊઘડી હતી.

ત્યાં ધાધલે કહ્યું, 'સવારે 'રાવળનાથ' પર સોએક છડિયાં ચડવાનાં છે, એટલે તાબડતોબ લંગર ઉપાડાય એમ નથી.' તલૈવનો નિરાશ થયા.

છેવટે દેવરાજે ખરો પ્રસ્તાવ મૂક્યો: 'શેઠની વાત સાચી છે. મધદરિયે ઝપાઝપીનો પ્રસંગ ઊભો થાય, તો 'રાવળનાથ' અકચ છે. એના ઉપર સો-સવાસો ઉતારુ, શેઠાણી વગેરે છે. તમ બેમાંથી એક તલૈવને 'રાવળનાથ' સંભાળવું, અને એક કપ્પલ અમને સોંપવું.'

હવે દારૂની ચોથી પખ્ખી ઊઘડી હતી, પણ તલૈવનો પૂરી સાનમાં હતા. બેમાંથી એકે ય તલૈવન જંગમાંથી હટી જવા તૈયાર ન હતો. આ કૂપકસુન્દરીનું અપહરણ હતું. કૂપક એટલે કેરળ, અને કેરળ એટલે શોળ. એ બે શોળ તલૈવન. આ તો એમનો જંગ હતો. છેવટે પાસાના દાવ ઉપર હારે તે 'રાવળનાથ' લઈ સીધો જાવા જાય અને બીજા બે વલંદા સાથે જંગ માંડે, એમ નક્કી થયું. ધાધલે પાસા કાઢયા. આ પાસાએ ધાધલને અનેક વિકટ પ્રસંગે અમોલી મદદ કરી હતી. મુથ્થુસ્વામીનો છક્કો પડયો, દેવરાજનો ચોક્કો પડયો, વેંકટેશ્વરનનો ત્રક્કો પડયો. એ હાર્યો. એણે વખત આવ્યે 'રાવળનાથ' સંભાળી સીધું જાવા જવું અને ધાધલે તથા મુથ્થુસ્વામીએ વલંદા સાથે જંગ ખેલવો એમ નક્કી થયું. વેંકટેશ્વરન સૌથી નાનો હતો. ધાધલે ધ્યાનમાં રાખ્યું હતું કે વેંકટેશ્વરનના પાસામાં ચારે બાજુએ ત્રક્કા જ હોય! (ભાગ પહેલો સમાપ્ત)



માધુકરી

વિવેકવિણ, પાંગળો, શ્રમથી દૂર ભાગી જતો,
લગાર નહિ કાબૂ યે મન પરે કશી વાતનો;
નહીં સમયની તમા, નવ નિશાન એકે મળે :
યુવાન! ઝટ જાગીને પ્રગતિ પંથ હાવાં પળે.

—'વિવિત્સુ'

ભારતીય ઇતિહાસના ગરવા સંશોધક : ફાધર હેન્રી હેરાસ

ભારતના ગણ્યાગાંઠ્યા અગ્રણી ઇતિહાસ-સંશોધકોમાંના એક ફાધર હેન્રી હેરાસનું ગયા ડિસેમ્બરની ૧૪મી તારીખે અવસાન થતાં ભારતને ઇતિહાસ-ક્ષેત્રે એક મહાન ખોટ પડી છે. ઈ. ૧૯૨૨માં ભારત આવ્યા ત્યારથી તે છેલ્લા શ્વાસ સુધી તેમણે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ ભારતના ઇતિહાસ, સ્થાપત્ય, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિનાં ક્ષેત્રોમાં નવો જ સંશોધન-પ્રકાશ પાડવામાં ગાળી હતી. ભારતનાં સંસ્કૃતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન ને ઇતિહાસના, મૅક્સમૂલર, મૉનિયેર વિલિયમ્સ આદિ મહાન પાશ્ચાત્ય પંડિતોની સાથે નિઃસંકોચે તેમનું નામ આપણે મૂકી શકીએ. ભારત પ્રત્યેનો તેમનો પ્રેમ અગાધ હતો. ભારતને તેઓ 'ઈશ્વરના સર્વોચ્ચ શાણપણની સૌથી પ્રાચીન ને સર્વોત્કૃષ્ટ ભૂમિ' કહેતા. તેમનો જન્મ ઈ. ૧૮૮૮માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ સ્પેનમાં લઈ તેઓ વધુ અભ્યાસ માટે યુનાઇટેડ સ્ટેટ્સ ગએલા. તેમના જિજ્ઞાસુ અને અભ્યાસનિષ્ઠ સ્વભાવે પાશ્ચાત્ય સંસ્કૃતિનાં બધાં જ રહસ્યોને સમજીને પચાવ્યાં, પરંતુ તેથી તેમની જીવનનાં શાશ્વત રહસ્યોની જિજ્ઞાસા તો એવી ને એવી અતૃપ્ત (બલકે પાશ્ચાત્ય સંસ્કૃતિની છીછરી પરિપાટી પોતે અવલોકી લીધી હોઈ વધુ અસંતુષ્ટ) જ રહી. બરાબર એ જ કાળે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ આદિ ભારતીય સંન્યાસીઓએ વિદેશગમન કરી પ્રબોધેલાં ભારતીય સંસ્કૃતિનાં ચિરંતન રહસ્યોએ જગતભરમાં એક અનન્ય અને અપૂર્વ જ્ઞાનાંદોલન જગાવ્યું હતું. હેરાસે તેનો પણ અભ્યાસ કર્યો, અને તેમની જિજ્ઞાસાની સંતૃપ્તિનો માર્ગ તેમને મળી ગયો. તદનુસાર તેમણે સોળ વર્ષની નાની વયે પવિત્રતા ને અકિંચનતાની, બ્રહ્મચર્ય ને અપરિગ્રહની પ્રતિજ્ઞા લીધી. પછી તેઓ રોમન કૅથલિક સંપ્રદાયના જેસ્યુઇટ પંથમાં દાખલ થયા, જેના ધર્મિષ્ઠ વાતાવરણે પણ તેમના માનસ-ઘડતરમાં મોટો ફાળો આપ્યો.



૩૩ વર્ષની વયે તેઓ સ્પેનમાં સારાગોસાની કૉલેજના પ્રિન્સિપલ નિમાયા અને ત્યાંથી એક વર્ષ બાદ ઈ. ૧૯૨૨માં તેઓ ભારતમાં મુંબાઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ઇતિહાસ ને સ્થાપત્યના પ્રોફેસર તરીકે આવ્યા. ભારતનું તો તેમને જીવનના ઊગમકાળથી જ આકર્ષણ હતું. તેમણે ભારત આવી ચારેક મહિના પછી કહ્યું, 'ભારતીય ઇતિહાસનું મને નવું દર્શન થયું.' એ પ્રસંગનો ઉલ્લેખ કરતાં, સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં તેમણે ઈ.૧૯૨૬માં સ્થાપેલી ભારતની મહત્ત્વની ઇતિહાસ-સંશોધન-સંસ્થા ઇન્ડિયન હિસ્ટૉરિકલ ઇન્સ્ટિટ્યૂટની રજત-જયંતી પ્રસંગે ઈ.૧૯૫૩માં તેમણે કહેલું:''સેન્ટ ઝેવીઅર્સ કૉલેજના પ્રિન્સિપલે મને પૂછ્યું,'તમને કયો વિષય

આપણાં જંતુઓ—૭ તમરું



વરસાદઝમતી સુમસામ રાત્રિઓમાં તમરાનો કર્ણભેદી તીક્ષ્ણ અવાજ કોણે નહિ સાંભળ્યો હોય? આ અવાજ નરતમરું પોતાની આગલી પાંખો ઘસીને ઉપજાવે છે. Family Gryllidae એ શાસ્ત્રીય નામના આ જંતુની મુખ્ય બે જાતો છે: ઘરનું (Gryllus domesticus) અને ખેતરનું (Gryllus campestris), જેમાંના બીજાની વસતિ ઘરના તમરાના પ્રમાણમાં જૂજ છે.

તમરું ઠેકડા મારતું ચાલે છે, અને પાંખો વડે ઊડતું નથી. તેની જમણી પાંખો ડાબી બાજુ પર, અને આગલી પાંખો બાજુઓને ઢાંકવા માટે કાટખૂણે વધુપડતી વળીને શરીર ઉપર સીધી પથરાએલી હોય છે. મોટા સાથળ અને ત્રણ સાંધાવાળા કૂદતા રહેતા તેના પગના નળામાં આવેલા કાન નળાની બહારના ભાગમાં મોટા ને અંદર નાના હોય છે. માથું પ્રમાણમાં મોટું ને ગોળ. ખેતરનું તમરું કદમાં મોટું, આગલી ચામડાની પાંખથી ઢંકાએલા તેના પગ ટૂંકા, મૂછ પણ ટૂંકી ને માથું મોટું.

તમરાં એકસાથે ઘણાં બોલે છે. તેમનો અવાજ વરસાદની આગાહીરૂપ ગણાય છે. ખેતરના તમરાનો મોટેથી થતો આનંદિત અવાજ દિવસે પણ ૧૦૦ વાર લાંબે સુધી સંભળાય છે. તમરાને તરસ બહુ લાગે છે. પરિણામે જેમ કૂદું દીવામાં તેમ તે ઘણી વાર પાણીમાં પડીને મરી જાય છે. ખેતરનું ઘાસ પર જીવતું વનસ્પત્યાહારી તમરું દુશ્મનોથી બચવા માટે દર ખોદવામાં નોંધપાત્ર છે. ઘાસ-છાએલાં આ દર નર ને માદા પાનખર આવે ત્યાં સુધી, જુદાંજુદાં બાંધે છે. અહીં પાનખર પસાર કરીને વસંત સુધી તે રહે છે. પછી નર ઘર છોડીને માદાની શોધમાં નીકળી પડે છે. માદા સાથેના સંયોગ પછી નર છૂટો પડી જતો રહે છે, ઘેર પાછો ફરતો નથી અને મરી જાય છે. જો જીવે છે તો સંસારની અસારતાનાં ઉદાસીનતાભર્યાં ઘેરાં ગીતો ગાતો ગાતો.

વસંતઋતુ એ માદાનો પ્રજનનકાળ. એનાં પ્રજનન-અવયવો મોટાં હોય છે. તે ઈંડાં જમીનમાં અડધા ઇંચની ઊંડાઇએ (ઘરનું તમરું દીવાલોની તિરાડમાં) મૂકે છે. બચ્ચાને જન્મ સાથે શરીરફરતું વળગેલું પડ ઈંડું દસ દિવસે સેવાઈ રહે તેની ફોતરી સાથે ખરી પડે છે. એક દિવસમાં તો કાળી ઘેરી પાંખો મેળવી લઈ બચ્ચું હરવાફરવા લાયક બની જાય છે.

શીખવવો ગમશે?' મેં જવાબ આપ્યો, 'ભારતીય ઈતિહાસ.' પછી પ્રિન્સિપલે ટકોર કરી, 'તે વિષે તમે કેટલું જાણો છો?' મેં જવાબ આપ્યો : 'શૂન્ય કરતાં સહેજે વધુ નહિ.' મારું તે વિષયનું અજ્ઞાન જોઈને પ્રિન્સિપલે પૂછ્યું, 'તો તમે ભારતીય ઇતિહાસ શીખવશો કઈ રીતે?' મેં જવાબ આપ્યો, 'હું અભ્યાસ કરીશ.' અને આજે હજી પણ હું ભારતીય ઇતિહાસનો અભ્યાસ જ કરું છું. મને તેમાંથી ખજાનાઓ મળી આવ્યા છે.'' ભારતની ગણીગાંઠી મહત્ત્વની અને શ્રેષ્ઠ ઇતિહાસ-સંશોધન-સંસ્થાઓમાંની એક આ ઈન્ડિયન હિસ્ટૉરિકલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સ્થપાઈ ત્યારે શરૂશરૂમાં તેની પાસે માંડ બસો પુસ્તકોની જ મૂડી હતી, પરંતુ અત્યારે ૨૫,૦૦૦ કરતાં યે વધુ પુસ્તકોની આખા યે મુંબાઈ રાજ્યમાં શ્રેષ્ઠ સામગ્રી તે ધરાવે છે, જેમાંનાં મોટા ભાગનાં તો અપ્રાપ્ય છે. આ સંસ્થાને પોતાનું સંગ્રહ-સ્થાન અને સ્થાપત્ય વિભાગ પણ છે, જેમાં પ્રાચીન ભારતનાં મહત્ત્વનાં સ્મારકો તથા મોહેં-જો-દડો, હરપ્પા અને બૌદ્ધ યુગ સાથે સંબંધિત વિશિષ્ટ અવશેષોનો સમાવેશ થાય છે.

માનવવંશશાસ્ત્ર, ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ આદિ અનેક વિષયો પર વિશિષ્ટ પ્રકાશ પાડતાં સંખ્યાબંધ લેખો અને પુસ્તકો તેમણે આપ્યાં છે, જેમાંનાં 'સ્ટડીઝ ઈન પ્રોટો-ઈન્ડો-મેડિટરેનિયન કલ્ચર,' 'ચીનના મંચુ વંશનો ઇતિહાસ', 'વિજયનગરના અરવિડુ વંશનો ઇતિહાસ' 'પલ્લવ રાજાઓની વંશાવલિ', 'વિજયનગર રાજ્યના ઇતિહાસનો પ્રારંભ', 'ઇતિહાસનું લેખન', 'મિન-કાન એટલે મીન જેવી આંખો ધરાવનાર-મીનાક્ષીનો ગૂઢ અર્થ' વગેરે મુખ્ય છે. એમાંનું પ્રથમ પુસ્તક ઇતિહાસ ને સંશોધનની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ મનાય છે. 'ભારતમાં ધર્મપરિવર્તનની જેસ્યુઇટ નીતિ' નામે પોતાના પુસ્તકમાં તેઓ કહે છે, 'ખ્રિસ્તી ધર્મને ભારત પર લાદવાથી તેનો ફેલાવો નહિ થઈ શકે. ધર્મ એ શિરજોરીથી લાદવાની વસ્તુ નથી, સંસ્કૃતિનું સત્ત્વ તો સમન્વયમાં છે.'

તેમણે ભારતમાં રહીને કરેલા મહત્ત્વના ઐતિહાસિક સંશોધનની કદર પૂર્વ અને પશ્ચિમના અનેક દેશોએ તેમને ઇલકાબો આપીને કરી છે. તેમના સ્વદેશ સ્પેને તેમને માડ્રિડની 'ઍકેડેમી ઑવ હિસ્ટૉરિકલ સાયન્સીઝ'ના સભ્ય બનાવીને તેમનું બહુમાન કર્યું છે. પૉલૅન્ડે તેમને 'ગોલ્ડ ક્રૉસ ઑવ મેરિટ' અને અફઘાનિસ્તાને તેમને 'ડેકોરેશન ઑવ લર્નિંગ' એનાયત કર્યા છે. મુંબાઈ, પૂના અને વડોદરા યુનિવર્સિટીઓની અભ્યાસ-સમિતિઓના તેઓ સભ્ય પણ હતા.

ઇતિહાસસંશોધક હોવા ઉપરાંત તેઓ સત્યનિષ્ઠ આધ્યાત્મિક સાધક પણ હતા. પૂર્વના આ મહાન ચાહકને તેમના અંતેવાસી ડૉ. ઍન્થની એલેન્જિમિત્તમે તો 'ખ્રિસ્તી યોગી' તરીકે ઓળખાવ્યા છે.

દશાંશપદ્ધતિના નવા સિક્કા

આવતા વર્ષે(૧૯૫૭)ની પહેલી એપ્રિલથી દેશમાં ચલણી બનનારા દશાંશપદ્ધતિના નવા નાણામાં જે સાત સિક્કા હશે, તેનાં ચિત્ર અહીં આપવામાં આવ્યાં છે. તેમાં મોટામાં મોટું ચલણ એક રૂપિયાનું હશે, જેનું મૂલ્ય આજના રૂપિયા જેટલું રહેશે. ઉપલા ચિત્રમાં વચ્ચોવચ એ રૂપિયાની બંને બાજુઓ દર્શાવવામાં આવી છે. તેમાં એક તરફ ભારતની રાજ્યમુદ્રા છે અને બીજી તરફ તેનું મૂલ્ય, સો નયા પૈસા (ખેતીપ્રધાન ભારતના પ્રતીક રૂપ અનાજનાં ડૂંડાંની વચમાં) અંકિત છે. નાનામાં નાનો સિક્કો ૧ રૂપિયાના ૧૦૦મા ભાગનો હશે અને તે 'નયા પૈસા'ના નામથી ઓળખાશે.

અગાઉ જાહેર થયા મુજબ આ નવું નાણું દશાંશપદ્ધતિ પર રચાનારું હોવાથી બાકીના સિક્કાઓ પણ એ જ રીતે વિભાગાઇને ૨, ૫, ૧૦, ૨૫ અને ૫૦ નયા પૈસાના નામથી યોજાયા છે. તેમાંથી ૨ નયા પૈસા,



૫ નયા પૈસા અને ૧૦ નયા પૈસાના સિક્કા તો (૧ નયા પૈસાની સાથે) પહેલી એપ્રિલથી જ ચલણમાં આવી જશે. ૧ રૂપિયો, ૫૦ નયા પૈસા અને ૨૫ નયા પૈસા પાછળથી દાખલ કરાશે, અને ત્યાં સુધી આજનો રૂપિયો, અરધો રૂપિયો અને પાવલી ચલણમાં ચાલુ રહેશે, કેમકે તેમનાં મૂલ્ય (૧, ૦॥, અને ૦। તરીકે ૧૦૦, ૫૦, અને ૨૫ની બરોબરીનાં હોઇ) સરખાં જ હશે. જોકે સરકાર તો ૧લી એપ્રિલ ૧૯૫૭થી ૧ રૂપિયાના ૧૦૦ નવા પૈસા પ્રમાણે જ તેના હિસાબો ગણશે.


સામાન્ય જનતાને આ હિસાબની સમજ પડે તે માટે દરેક સિક્કા ઉપર, તે રૂપિયાનો કેટલામો ભાગ છે તે, સ્પષ્ટપણે લખાશે. એ રીતે '૧ નયા પૈસા' ઉપર 'રૂપયેકા સૌવાઁ ભાગ' (રૂપિયાનો ૧૦૦મો ભાગ), '૨ નયે પૈસે' ઉપર 'રૂપયેકા પચાસવાઁ ભાગ' '૫ નયે પૈસે' ઉપર 'રૂપયેકા બીસવાઁ ભાગ', '૧૦ નયે પૈસે' ઉપર 'રૂપયેકા દસવાઁ ભાગ' વગેરે લખાશે.

નયા પૈસાનો સિક્કો કાંસાનો હશે, ૨, ૫ અને ૧૦ નયા પૈસાના સિક્કા ત્રાંબા-નિકલના મિશ્રણના હશે અને ૨૫ તથા ૫૦ નયા પૈસા તેમજ રૂપિયાના સિક્કા શુદ્ધ નિકલના હશે.

બધા જ સિક્કાઓની સંમુખ બાજુ પર અશોક-સ્તંભના સિંહ-શિખર વાળી, ધર્મચક્રમંડિત, ભારતની રાજ્યમુદ્રા હશે, અને તે પર દેવનાગરીમાં 'ભારત' તથા અંગ્રેજીમાં 'ઇંડિયા' શબ્દો અંકિત હશે. પાછલી બાજુ તે તે સિક્કાઓનાં મૂલ્ય દેવનાગરી ઉપરાંત, વચ્ચોવચ, મોટા અક્ષરે આંતરરાષ્ટ્રીય આંકડાઓમાં દર્શાવાશે, ને એ જ આંકડાઓમાં સિક્કા પાડયાનું વર્ષ પણ છપાશે.

નવો પૈસો ૧ રૂપિયાના ૧૦૦મા ભાગનો હોઈને તેનું મૂલ્ય, અત્યારના ચાલુ પૈસા(જે ૬૪મા ભાગના છે તે)ના કરતાં સ્વાભાવિકરીતે જ ઓછું હશે. નવું ચલણ દાખલ થવાથી જૂના-નવા પૈસા વચ્ચે હિસાબનો ગોટાળો ન થાય એટલા માટે જ તેનું નામ 'નયા પૈસા' રાખવામાં આવ્યું છે. એ બંનેના મિશ્ર ચલણનો સમય ત્રણ વરસનો રાખવામાં આવ્યો છે. એ દરમ્યાન નવું ચલણ ફરતું થઈ ગયા પછી જૂના સિક્કા દૂર થઈ જશે ત્યારે પછી 'નયા' શબ્દ કદાચ પડતો મુકાશે.

એ ત્રણ વર્ષના વચગાળામાં જૂના ચલણની પાવલીના ૨૫ નવા પૈસા, અરધા રૂપિયાના ૫૦ નવા પૈસા અને રૂપિયાના ૧૦૦ નવા પૈસા લેખાશે. અત્યારની બે આની, એક આની અને ઢબૂડી(અરધા આના)ના સિક્કાઓ વટાવવા માટેનાં બરોબરીનાં મૂલ્યો હજી હવે ઠરાવાશે. પણ તેમની જગ્યા ૧૦, ૫ અને ૨ નયા પૈસા ધીમેધીમે લઈ લેશે.



દીવાદાંડી-વિજ્ઞાન

ભારતને ૩૫૦૦ માઈલ લાંબો ઘણો મોટો દરિયાકિનારો છે (અને કહેવાય છે કે ભારતમાં બીજા નંબરનો લાંબો દરિયાકિનારો નવા રચાતા ગુજરાત પ્રાંતનો છે). ભારતનું વહાણવટું દુનિયાભરમાં જૂનામાં જૂનું લેખાયું છે; પણ એક કાળે સાત સાયરોને સર કરતા આ જ દેશનું વહાણવટું આજે પછાત દશામાં છે. સ્વરાજ મળ્યા પછી સરકારે એ દિશામાં લક્ષ દોડાવ્યું છે અને દરિયાકાંઠાના તેમજ દરિયાપારના વહાણવટાના સર્વાંગી વિકાસ માટે તે ભગીરથ પ્રયત્નો કરી રહી છે.

એ બંને પ્રકારના વહાણવટા માટે લાંબી પહોંચવાળી ને સુસજ્જિત દીવાદાંડી એ ઘણું મહત્ત્વનું સાધન મનાઇ છે. આજે તો એ દીવાદાંડીને લગતું વિજ્ઞાન પણ ઘણું ખીલ્યું છે. તમને એ ખબર છે ખરી, કે દરેકે દરેક દીવાદાંડીમાંથી રાત્રે થતા પ્રકાશના ઝબકારા (ટેલીગ્રાફની સંજ્ઞાની માફક) અલગ અલગ પ્રકારના થતા હોય છે? તેની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આધારે સુજ્ઞાત વહાણવટીઓ એ ઝબકારાની સંજ્ઞા ઉપરથી જ તે કયા સ્થળની કઈ દીવાદાંડીનો ઝબકારો છે તે ઓળખી શકે છે, અને તેને આધારે પોતાનો માર્ગ લઇ શકે છે.

આ દીવાદાંડી વગેરે વહાણવટાસહાયક સાધનોની સુધારણા માટે ભારત સરકારે ૭·૪૨ કરોડ રૂપિયાનો એક જંગી ‘વિકાસ કાર્યક્રમ’ ઘડયો છે, જે પૈકી રૂ. ૧·૨ કરોડ પહેલી પંચવર્ષીય યોજનામાં, ૪·૮ કરોડ બીજી પંચવર્ષીયમાં અને બાકીના ૧·૪૨ કરોડ તે પછી ખર્ચાવાના છે. તુરતમાં વેંગુર્લા ખાતે ‘રેડિયો બીકન’; રાજપુર અખાત માટે મોટર લૉંચ; ચાંચ, રાજપુર, દ્વારકા અને તાપીની દીવાદાંડીઓના વિકાસ; અને ક્વિલોનની નવી વિદ્યુત-દીવાદાંડીની યોજનાઓ છે.

આ ઉપરાંત દીવાદાંડી-વિજ્ઞાનમાં ભારતીય જનોને તાલીમ આપવા માટે પરદેશ મોકલવાની યોજના પણ છે અને કોલંબો યોજના હેઠળ મળનારી ટેકનિકલ સહાયમાં બે વિદેશી ટેકનીશિયનો બોલાવવાની વાટાઘાટો પણ ચાલુ છે.

વળી કાંઠાનાં પાણીમાં ફરતાં વહાણોને સહાયભૂત બનવા માટે દીવાદાંડીઓમાં રાડર ગોઠવવાની યોજના હાથ ધરવામાં આવી છે અને તેના અનુસંધાનમાં કંડલા બંદર માટે એક રાડર બ્રિટનથી મંગાવવામાં આવ્યું છે જેની કિંમત ૨૭,૦૦૦ પાઉન્ડ છે. આ રાડર આખી દુનિયામાં સૌથી અદ્યતન સાધન ગણાય છે અને તેની કામગીરી અત્યંત ઉચ્ચ કક્ષાની છે. બંદરમાં પ્રવેશ કરતાં વહાણોની દેખરેખ રાખવાના કાર્યમાં તે ઉપયોગી સેવા બજાવશે. હવે પછી કલકત્તા અને મુંબાઈનાં બંદરોની દીવાદાંડીઓમાં તે ગોઠવવામાં આવશે.

સાકર : સચોટ ઔષધ

જરા વિચિત્ર લાગશે, પણ અમુક દરદોમાં તો સાકર અત્યંત ઉપયોગી અને અસરકારક ઔષધ છે. વળી, સાકર જેવો મીઠો પદાર્થ દવા તરીકે હોવાથી ઘણાને તો તેથી આનંદ પણ થશે.

વાચકો ખસના દરદને તો અવશ્ય ઓળખતા હશે. ખસનો દરદી ઘણો બેચેન રહે છે, કેમકે દરદવાળા ભાગોમાં પુષ્કળ ખજવાળ આવે છે અને દરદવાળો વિસ્તાર દિન-પ્રતિદિન વધતો જાય છે.

સામાન્યરીતે ખસ ચામડીનું દરદ મનાય છે અને એના ઘણાખરા ઉપચાર પણ દરદવાળા ભાગો ઉપર બહારથી લગાડવાના હોય છે; પણ વસ્તુતઃ ખસ એ લોહીના વિકારનું જ બાહ્ય લક્ષણ છે, એટલે વિકૃત લોહીને શુદ્ધ કરે એવો ઉપચાર જ અસરકારક નીવડી શકે. એ ઉપચાર સાકર છે ને તે માત્ર એક જ દિવસ કરવાથી આ દરદ મટે છે!

આ પ્રયોગમાં ખસના દરદીએ હરકોઇ એક દિવસે, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં સવા રતલ સાકર ખાઈ જવી. કોઈથી એટલી બધી ન ખાઈ શકાય તો લગભગ પોણો રતલ તો ખાવી જ જોઇએ. આ પ્રયોગના આખા દિવસમાં બીજો કોઈ પણ પેય કે ખાદ્ય પદાર્થ લેવો નહિ—પાણી પણ પીવું નહિ. સૂર્યાસ્ત પછી સ્નાન કરીને રુચિ પ્રમાણે સાકર નાખેલાં દૂધભાત ખાવાં, અને એ ભોજન પછી જ પાણી પીવું. આ પછી ખસ સુકાવા માંડે છે અને લગભગ અઠવાડિયામાં મટે છે.

આ પ્રયોગ કરનારે ધ્યાન રાખવું કે સાકર ખાવાથી તરસ ખૂબ લાગે છે, માટે દિવસની શરૂના ભાગમાં વધારે સાકર ખાઈ જવાનો લોભ ન કરવો; પરંતુ આખા દિવસમાં થઇને ધીમેધીમે ચગળી ચૂસીને પોણો રતલથી સવા રતલ સુધી સાકર ખાવી.

આ પ્રયોગ ઘણાં વર્ષોથી હું ઘણા દરદીઓ ઉપર અજમાવતો આવ્યો છું અને તે કદાપિ નિષ્ફળ નીવડયો નથી.

(વડોદરા) —કૃષ્ણ અં. વ્યાસ

એક ફારસી કવિએ ત્રણ પ્રકારના ‘જાણનારાઓ’ વર્ણવ્યા છે.

જે માનવી જાણે છે, અને જાણે છે કે પોતે જાણે છે તે પોતાનો અશ્વ આનંદથી આસ્માને કુદાવે છે.

જે માનવી જાણે છે, પણ જાણતો નથી કે પોતે જાણે છે, તે પોતાનું ખચ્ચર મંઝિલ સુધી પહોંચાડે છે.

જે માનવી જાણતો નથી અને જાણતો નથી કે પોતે જાણતો નથી, તે એના બેવડા અજ્ઞાનમાં અનંતકાળ સુધી આથડે છે.

ઇન્દ્રજાળ (અનુ. પૃ. ૨૧૬થી)કરે તે પહેલાં જ ડૉ.સ્કૉટે પોતે ફરિયાદ કરી દીધી. પણ મિસિસ જોન્સને શંકા આવી જ નહોતી, કેમકે તેણે પત્ર લખ્યો જ નહોતો. શું ડૉ. સ્કૉટે પોતાની ગણતરીમાં થાપ ખાધી? મિસિસ જોન્સ, તમે ખુલાસો કરશો કે તમે શા માટે પત્ર ન લખ્યો?'

'આળસ જ એનું મુખ્ય કારણ હોઈ શકે. આજે લખીશ, કાલે લખીશ, એમ કરતાં સમય પસાર થઈ ગયો.'

'ત્યારે તો ડૉ. સ્કૉટની ગણતરી સાચી હતી. એણે સ્ટીમરની ટિકિટ, અમેરિકાના વીસા તથા મેરીના પત્રની મદદથી એવી છાપ પાડી કે ઇલિઝાબેથ સાચેસાચ ગુમ થઈ છે. અહીં ઑફિસમાં એ રડયો ત્યારે ઘડીભર એની લાગણી માટે માન થએલું; પણ એ નાટક હતું.'

'પણ આમાં કિસ્સાની કડી તો ક્યાં યે દેખાતી નથી!'

ઈન્સ્પેક્ટરે વાત આગળ ચલાવી, 'મને એક મુદ્દો બહુ જ ઉપયોગી નીવડયો. ડૉ. સ્કૉટે એમ કહ્યું હતું કે પોતે ઇલિઝાબેથની શોધ માટે બધા મિત્રો તથા સગાંસંબંધીઓને મળી આવ્યો હતો. પરંતુ મિસિસ જોન્સ, તમને યાદ હશે, કે તમને ઇલિઝાબેથ ગુમ થવાની ખબર તો મેં તમને આપી ત્યારે જ પડી. આમ, તમારા બંનેનાં નિવેદન વિરોધી હતાં. મને આથી શંકા આવી અને સ્મિથે જ્યારે ડ્રાફ્ટની તથા રૂપવતી સેક્રેટરીની વાત કરી ત્યારે એ શંકા દૃઢ બની. પણ મુખ્ય પ્રશ્ન તો એ હતો કે ઇલિઝાબેથ ગઈ ક્યાં? અમારા એક પણ સ્ટેશને રિપોર્ટ ન કર્યો તેથી મને જરા નવાઈ લાગી. વખતે કોઇએ એનું મુડદું દાટી દીધું હોય, બાળી નાખ્યું હોય, યા વજન બાંધીને પાણીમાં નાખી દીધું હોય, તો સ્વાભાવિકરીતે પત્તો ન લાગે. વિચાર કરતાંકરતાં મને એક મુદ્દો સૂઝી આવ્યો. મેરીને ખબર હોત કે ઈલિઝાબેથ બેત્રણ દિવસ બાદ અમેરિકા આવવાની છે, તો તે ડ્રાફ્ટ મોકલત જ નહિ. તેમજ, મિસિસ જોન્સ, તમને પણ ઇલિઝાબેથે ફોન પર કહ્યું હતું કે તેનો વિચાર પંદરવીસ દિવસ પછી જવાનો છે. વળી પોતાની માંદગીની વાત પણ તેણે તમને કરી હતી. શરીર ઠીક ન હોય તે વખતે કોઇને મુસાફરી કરવાનું દિલ થાય ખરું? અનિવાર્ય હોય તો જ જાય. આ ત્રણે વાત પરથી મને લાગ્યું કે મિસિસ સ્કૉટ અમેરિકા જવાની જ નહિ હોય. તો પછી તેનું યોજનાપૂર્વક ખૂન કરવામાં તો નહિ આવ્યું હોય? તેની નુકતેચીની માટે મેં ટેલીફોનથી ડૉક્ટરને મારી પાસે બોલાવી તેની ગેરહાજરીમાં મિ. સ્મિથને ડૉક્ટરને ત્યાં તપાસ કરવા મોકલ્યો. પણ ડૉક્ટર ચાલાક નીકળ્યો. ઘરમાં છોકરીને રાખીને જ તે બહાર જતો કે જેથી કોઈ છૂપી તપાસ ન કરી શકે. અને તે બીજી વાર અહીં આવ્યો ત્યારે તો તેણે એટલી ખાત્રીપૂર્વક વાત કરી કે પોલીસ હવે ઇલિઝાબેથનો પત્તો મેળવી જ નહિ શકે. એથી મારી શંકા પાકી થઈ ગઈ. અને થોડી જ વારે એનું ખૂન થયાના સમાચાર મને જાણવા મળ્યા! ત્યાર પછીની વિગત તો તમે જાણો છો.'

થોડી ક્ષણની શાંતિ બાદ ઈન્સ્પેક્ટરે વાત ચાલુ કરી, 'મને ડૉ. સ્કૉટ પર શંકા તો હતી, પણ એને પુરાવા વગર હું પકડી કઈ રીતે શકું? ત્યાં તો એણે બીજી વધુ મોટી ભૂલ પોતાના જેવા જ દેખાવવાળા બીજા માણસનું ખૂન કરીને પોલીસને ઊંધે રસ્તે દોરવવામાં કરી. પોતાનું ખૂન પૈસા માટે થયું છે એમ બતાવવાનો તેનો આશય હતો, કે જેથી પોતે સલામતરીતે પલાયન થઈ શકે. પરંતુ બે પગની લંબાઈના તફાવતે તેની બાજી ધૂળમાં મેળવી.'

વાત પૂરી કરીને ઈન્સ્પેક્ટરે સિગારેટ સળગાવી અને તેના ધુમાડા તરફ નજર નાખતાં બોલ્યો: 'અશરાફ દેખાતા માણસના હૃદયમાં આટલી ક્રૂરતા ભરી હશે એમ કોણ કહી શકે? પણ કુદરત કોઇને છોડતી નથી.'

(એક સત્ય ઘટનાને આધારે)

વાચકો લખે છે (અનુ. પૃષ્ઠ ૨૦૮થી)

બને. ઉપરની સંખ્યાને કોઈ પણ આંકડાથી ગુણતાં જે રકમ આવે તેને પણ આવી રીતે નિઃશેષ ભાગી શકાશે.

કોઇ પણ જિજ્ઞાસુ ઇચ્છે તો છેલ્લે ૧૦૦ થી ૯૯૯ની કોઇ પણ સંખ્યા મૂકવાથી તે જ સંખ્યાથી નિઃશેષ ભાગી શકાય તેવી સંખ્યા પણ શોધી શકશે પણ તે સંખ્યા એવડી મોટી થશે કે તેને લખતાં કદાચ 'કુમાર'નો આખો અંક ભરાઇ જાય!

(રાજકોટ) —નૌતમ વખારિયા

બુદ્ધજયંતી નિમિત્તે બહાર પડેલી ટિકિટમાં સ્વસ્તિકના ચિહ્નને અવળું ચીતરવામાં આવ્યું છે. કળાકાર દરેક ધર્મના સંપૂર્ણ જ્ઞાતા નથી હોતા તેથી સુંદર કળાકૃતિમાં પણ આવી ક્ષતિ રહી જવા પામે છે. અગાઉ એક આનાની મૂર્તિની ટિકિટમાં આવી અવળી જનોઇની ભૂલ થવા પામી હતી.

આશા છે કે ઉપરની ક્ષતિ સત્તાવાળાઓના ધ્યાનમાં લાવવા પ્રયત્ન થશે.

(સૂરત) —જયંત તમાકુવાળા

ગુજરાતી ભાષામાં હવામાનશાસ્ત્રનો તથા તેના ઇતિહાસનો આછો પરિચય આપતો સૌપ્રથમ લેખ આપવા બદલ 'કુમાર'ને અભિનંદન.

ભારતના ક્ષેત્રફળના પ્રમાણમાં વાયુશાસ્ત્રના વર્તારા ભેગા કરવા માટે ઘણાં ઓછાં કેન્દ્રો છે. વાયુશાસ્ત્રની કચેરીએથી બહાર પાડેલી માહિતી આપણને આઠથી દસ કલાક મોડી મળે છે. આ સંજોગોમાં આપણને આગામી હવામાનનો ઘણો જ આછો ખયાલ આવે છે. વાયુશાસ્ત્રીઓ પણ સારી રીતે વગોવાય છે.

આ વર્તારાઓમાં વિવિધ પ્રકારનાં વાદળોને ઓળખવાના વિજ્ઞાનને વિચારપૂર્વક સંયોજિત કરનારને તેઓ અસરકારકરીતે ઉપયોગી નીવડશે. વાદળોના દેખાવ પરથી તેઓ કેટલી ઊંચાઈ પર છે તે અને વરસાદ પડશે કે નહિ તે બંને કહી શકાય છે. વાદળો ઓળખવામાં મદદરૂપ થતી માહિતી મીટીરિયૉલૉજી વિષેનાં પુસ્તકોમાં છે.

(મુંબાઇ) —કાન્તિ શાહ

'કુમાર'માં વિવિધ લેખો, કાવ્યો અને ચિત્રો તથા ઉત્તમ લખાણો વાંચવા મળે છે.

પરંતુ એક પ્યાસ રહી જ જાય છે અને તે આધ્યાત્મિક જ્ઞાન મેળવવાની. ખાસ કરીને આજકાલના કિશોરો તથા અમારા જેવાઓ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ પામેલા હોતા નથી. તેમને ટૂંકો ને પ્રેરણાદાયક એકાદ લેખ હોય તો પણ બસ. એવો ઉત્કૃષ્ટ માર્ગે લઈ જનારો લેખ ધર્મ તથા નીતિ પરત્વેનો અથવા કોઈ ધાર્મિક વાર્તા રૂપે આપેલો લેખ પણ જરૂર રસમય નીવડશે. 'કુમાર' વાંચતાં મને ઘણી જ વાર લાગે છે કારણકે તેમાં શીખવાનું વધારે છે અને તાત્કાલિક આનંદ પર ઓછો ભાર છે.

(મુંબાઇ) —હંસા જરીવાલા

ફેબ્રુઆરી અંકમાં શ્રી મોરારજી દેસાઈ વિષે લખ્યું છે કે એમના ઉપરી અધિકારી સાથે મતભેદ થવાથી એમણે રાજીનામું આપ્યું હતું. પણ તે વાત ખરી નથી. એમણે દેશદાઝને માટે જ રાજીનામું આપ્યું હતું. વળી એ રાજીનામું તેના પર વિચાર કરવા એક માસ માટે રાખી મૂક્યું હતું અને એમને સત્યાગ્રહીઓના કેસ ચલાવવાના આપવામાં નહિ આવે એવી ખાતરી પણ અપાઈ હતી. છતાં તે મક્કમ રહેલા.

(ચીખલી) —મનુભાઇ દેસાઈ

મે અંકમાં ટિકિટસંગ્રહ વિભાગમાં 'ઑસ્ટ્રેલિયાનું પાટનગર' છાપ્યું છે તે 'ઑસ્ટ્રિયા' જોઇએ. સબરસ જેવું 'છેલ્લું પાનું' ઓવડાવો તો કંઈ વાંધો ન આવે. ચન્દ્રવદનની 'બાંધ ગઠરિયાં'એ લાંબો વખત બાંધી રાખ્યા પછી 'સુકાની'ના દેવાધાધલે બાંધવા માંડયા છે—રસસાથી જ તો. ફતહ-ઉલ-બારીએ કમાલ કરી. શેરલૉક હોમ્સની વાત લખવા ચં. બક્ષીને વીનવી શકશો? રાજકારણવિભાગ અને રમતવિભાગની જરૂર મને પણ ઘણી લાગે છે.

(કરમસદ) —અરુણકુમાર પટેલ

જન્મે દક્ષિણી હોવા છતાં ગુજરાતમાં જ ઘર કરીને રહ્યો છું. ગુજરાતી ભાષાના સાહિત્યનો થોડોઘણો અભ્યાસ કર્યો છે. ગુજરાતી ભાષામાં નીકળતાં જે ત્રણચાર સારાં ને સંસ્કારી સામયિકો છે તેમાં 'કુમાર' મોખરે છે એમ માનું છું. મારા મહારાષ્ટ્રીય મિત્રોને બતાવું છું અને કહું છું કે માસિક તો આવું હોવું જોઇએ. આટલા વ્યાજબી લવાજમમાં કલા અને સાહિત્યની સેવા કરવાનો જે મહાયજ્ઞ કે સાધના તમે આદરી છે તે માટે તમને ધન્યવાદ ઘટે છે!

'કુમાર'ની સૌ વાનગીઓ મને ગમે છે. એક સૂચન વધુ. એ સાહિત્ય વિષે છે. જગતસાહિત્યના ક્ષેત્રે આજે શું ચાલી રહ્યું છે તે ગુજરાત જાણી શકે એ ઇચ્છનીય છે. ચેખૉવ અને મૉપાસાં, અનાતોલ, ફ્રાન્સ અને બાલ્ઝાક પછી ટૂંકી વાર્તા ક્યાં પહોંચી છે, વેલ્સ, મૉમ ડિકન્સ અને સ્લૉબર્ટ પછી નવલકથાએ શાં શાં કૃત્યનો કર્યા છે; ડીલન ટૉમસ અને ડી. એચ. લૉરેન્સ પછી કવિતા ક્યાં વહી રહી છે; ઇબ્સન, શૉ અને ઑસ્કર વાઈલ્ડ પછી નાટકના શા હાલ

પત્રમિત્ર વિભાગ



જાપાનથી સામેનો પત્ર. લખનાર બહેન સુમીકો

હીસાટુગી, યામાડા–ટાઉન, ટૅાસા, કામી–ગુન, કૅાચી–કેન

મારા પ્રિય ભાઈ,

તમારો પત્ર મળવાથી મને કેટલો આનંદ થયો છે તેનો ખયાલ તમને નહિ આવે. કોઈ દૂરદેશવાસી તરફનો પત્ર એટલો તો આનંદ આપે છે, કે ન પૂછો વાત. તમારા છેલ્લા પત્રનો ઉત્તર નહિ આપી શકવા માટે હું તમારી ક્ષમા ચાહું છું. ટોકિયોની ફૅારેન કૅાલેજ(યુનિવર્સિટી)ની પરીક્ષા માટે હું હમણાં સખત કામ કરી રહી છું. તમને મોકલવાની ચીજો પણ ન મોકલી શકાઇ તેની મને ઘણી ઘણી દિલગીરી છે; કેમકે મારી પાસે હમણાં પૂરતા પૈસા નથી. મારાં માતાપિતાને જાપાનમાં ખૂબ પરિશ્રમ કરવો પડે છે. દસ વરસ પહેલાં કોરિયાના કેઇજો ગામેથી અમે માત્ર પહેર્યે કપડે જાપાન આવ્યાં તે અગાઉ મારા પિતા 'ચૅાસેન'માં ગવર્નમેન્ટ–જનરલના એક ઊંચા સરકારી અમલદાર હતા અને અમે અત્યંત સુખી હતાં. પણ હવે અહીં જાપાનમાં અમને ઘરબાર કે ખેતરપાદર કશું નથી અને પરીક્ષામાં પાસ થવા માટે પણ મારે ખૂબ વૈતરું કરવું પડે છે. યુનિવર્સિટી પરીક્ષામાં પાસ થયા બાદ હું તમને જાપાનમાંથી ખૂબખૂબ ચીજો મોકલીશ.

આ વર્ષે હું હાઈસ્કૂલના સર્વોચ્ચ ધોરણમાં પાસ થઇ અને હમણાં મિડલ સ્કૂલનાં વિદ્યાર્થીઓને અંગ્રેજી તથા પિયાનો શીખવું છું. અમારી હાઈસ્કૂલમાં હજારેક વિદ્યાર્થીઓ છે. આ સાથે મારી છબિ મોકલું છું. તમારી છબિ પણ મોકલશો. મને પત્રનો જવાબ આપશોને, ભાઈ?

—તમારી બહેન સુમીકો

જાપાની પત્રમિત્રો

(સરનામાંમાં Japan ઉમેરવું; દરેક ભાઈ પત્રસંપર્ક વધારવા ઇચ્છે છે)

(1) Yasuyoshi Ohkawa, Age 19, Yuboku-machi, Kumano-shi, Mie-ken; (2) Masayasu Fujimori, Age 13, 238, Maebara, Funabashi-shi, Chiba; (3) Yota Maotsui, Age 22, Teacher C/o Chujo Middle School, Nishichujo, Kannabe-Machi, Fukayasu-gun, Hiroshima-ken; (4) Takashi Yamaguchi, Age 16, Shibun Iwamizawa-shi, Hokkaido; (5) Masanobu wada, Age 15, 4-1, Aikawaminami-dori, Higashiyodo-gawa-ku, Ohsaka-shi; (6) Shinya Ishikawa, Age 16, 401, Yatsu, Odawara-shi, Kanagawa; (7) Hiroshi Saito, Age 15, 2-chome, Honcho, Rumoi-shi, Hokkaido; (8) Katsusuke Watanabe, Age 15, 40 Kita-machi, Nagamachi, Sendai-shi, Miyagi-ken; (9) Mitsuyasu Shimura, Age 20, 514-3, Zoshigaya, Toshima-ku, Tokyo; (10) Masamitsu Matsumoto, Age 16, 20-go Kutsutari, Shintoku-cho, Kamikawa-gun, Hokkaido; (11) Kaoru Hanasaki, Age 15, 3-59, Gomijima, Fuji-shi, Shizuoka; (12) Mitsuo Tachikawa, Age 15, Tomisawa, Ohsugikoenmae, Edogawa-ku, Tokyo; (13) Katsuo Ishikari, Age 16, Tomisawa, Ohsugikoenmae, Edogawa-ku, Tokyo; (14) Yukihisa Fujita, Age 15, 60-1, Aioi-cho, Otaru-shi, Hokkaido; (15) Tsuyoshi Iwaski, Age 16, 607, Inada, Otoe-mura, Sorashi-gun, Hokkaido; (16) Koichiro Kaijo, Age 15, 29, Furudachi, Ichikawa machi, Hachinoe-shi, Aomori-ken; (17) Noriji Ito, Age 16, 1-841, Miyukida, Shibukawa-shi, Gunma-ken; (18) Matao Kobayashi, Age 16, Shimosannai, Gojonome-machi, Minamiakita-gun, Akita-ken; (19) Kazuyuki Kakutant, Age 16, 93 Shimaizumi, Takawashi-mura, Minamikochi-gun, Ohsaka; (20) Teruo Kobayashi, Age 14, Namekata, 953-1, Kanamachi, Katsushika-ku, Tokyo; (21) Hiroyoshi Miura, Age 13, 1326-2, Yutaka-machi, Shinagawa-ku, Tokyo; (22) Yosuke Kataoka, Age 17, 1-chome, Saiwainomachi, Gifu-shi; (23) Takuji Ito, Age 16, 18, Oogiyatsu, Kamakura-shi, Kanagawa; (24) Yoji Mukai, Age 13, 2-han, Nakadori, Ohmachi, Kinejima-gun, Saga-ken; (25) Yukio Sekine, Age 19, 70-7, Higashi, Azumacho, Sumida-ku, Tokyo; (26) Kazuto Miyoshi, Age 14, Katasumoto-kata, 760-5, Higashikomatsugawa, Edogawa-ku, Tokyo; (27) Hiroshi Iwasaki, Age 19, 18-5, Honchodori, Hakane-ku, Tokyo; (28) Tadatake Ogawa, Age 16, 11 Ishisaka-machi, Kanazawa-shi, Ishikawa-ken; (29) Akitsugu Hosoya, Age 18, 38 Moto-machi, Yokote-shi, Akita; (30) Masayoshi Yatami, Age 16, 1069 Shinjo, Mitsu-machi, Mitsu-gun, Okayama-ken; (31) Hiromi Kawai, Age 16, 1012 Okuno, Tsukaguchi, Amagasaki-shi. Hyogo; (32) Osamu Nakada, Age 16, 920 Yoshida, Shijimi-cho, Miki-shi, Hyogo; (33) Hirokazu Abe, Age 17, 1363-2 Nishiki-cho, Kiriu-shi, Gunma-ken. (ઉલ્લેખ: Krishnavadan Jetley, Head-Master, N. B. Sarvajanik High School, Miyagam-Karjan, Baroda Dist.)

પરદેશી પત્રમિત્રો

(1) Hassam Muhammed W. W. B., Age 25, 432 Lohar Street, Runchhore Lane, Karachi-1 (West Pak.), Magazines, Films, Sports, Novels, Stamps; (2) Devdhand P. Shah, Post Box No. 81, Arusha (Tanganyika Territory), General; (3) Chandrakant A. Patel, Age 16, C/o Kampala Hardware Store, P. O. Box 1840, Kampala, Uganda (B. E. Africa), Stamps, View-Cards, Literature, F.D. Covers; (4) Kalim A. Cyclewala, Age 21, 19 Louis Posture Street, Port

Louis (Mauritius), Travelling, Swimming, Cricket, Stamps; (5) Ramanlal Bhikhabhai Patel, Age 21, P. O. Box No. 1760, Dar-es-Salaam, T. T. (East Africa), Cricket, General Knowledge; (6) Kishorchandra Popatlal, Age 17, P. O. Box No. 136, Port Sudan (Red Sea), Stamps, View-Cards, F. D. Covers; (7) Gilbert H. Boyd, Boy—14, Mill Road, R.M.D., Kaikoura, Marborough, (New Zealand); (8) Darrell Tryon, Boy—13, 8 Pukebo, Feudalton, Christchurch (New Zealand); (9) Miss Margaret Hovdl, Age 15, 257, Mackley Street, Wairoa H. B. (New Zealand); (10) Miss Marion Wobcke, Age 16, 5 Abringdon Street, Woollooggbba, Brisbaine (New Zealand); (11) Miss Beverley Breading, Age 18, No 3, R.M.D. Rakaia, South Island (New Zealand); (12) Mr. Fran Retha Hartung, Middle Aged, 13 B, Fischbach au/Krs Miesback, Siedlung Faisetenan bee Alt (West Germany); (13) Mr. Barbel Schmidt, Age 16, Vorra 19, Bei Nuruberg, Mittelfranken, Deutschland (Germany); (14) Mr. Irmgard Barteuback, Heidelberg, Uferstr, 62 (W. Germany). (ક્રમ ૭ થી ૧૪ સુધીનાં પત્રમિત્રો દેશવિદેશમાં પત્રસંપર્ક વધારવા આતુર છે. ઉલ્લેખ: Nations' League of Penfriends, 29 Marin Lines, Bombay-1.)

હિંદી પત્રમિત્રો

(436) Akbarally N. Diwecha-20, Chikhli, Via Bilimora (Dist. Surat), Indoor Games, Chess, Drafts, Novels, Travelling; (437) Shilkumar A. Chauhan-23, Sorab-Villa, Navrangpura, Ahmedabad-9, Stamps of Br. Empire. (438) Gunwant M. Joshi-23, Near Radha Mandir, Waghawadi Road, Bhavnagar (Saur.), Stamps, View Cards, Radio, Travelling, Photography; (439) Mahendra C. Shah-16, C/o Chandulal Chhotalal, Dholi Pole, Near Voravad Naka, Wadhwan City (Saur.), Stamps, Photography; (440) Harendrakumar N. Sepal-16, Memorial High School, Std 9th, Mandvi Gate, Baroda, Correspondence, View Cards, Drawing; (441) Chimanlal Kanji Kumbharia-17, C/o Kanji Manekchand Kumbharia, Out Side Raiya Naka Road, Rajkot (Saur.), Sociology, History, Politics, Games; (442) Jagdish Jayantilal Parekh-17, Karanpura Street No. 8, Hematlal Cottage, Rajkot (Saur.), Literature, Cricket, Politics, Music, Stamps; (443) Bhogilal Maganlal Vora-21, Pilaji Ganj, Mehsana (N. G.), Reading, Photos; (444) Mansukhlal H. Sheth-17, C/o Jamnadas Popatlal, 6 Jayraj Plot, Ishwar Cottage, Rajkot (Saur.), Stamps, Cinema, Coins, Music; (445) Jagdish handra Ravilal Shah-17, C/o Ravilal Rayshibhai Shah, Sheth Gopolji Purushottam's Bldg., Opp. Fofalia Bhavan, Mandvi (Kutch), Languages, Literature, Stamps, Photography; (446) Maheshkumar-17, C/o Dahyabhai

આ માસ (જૂન) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ગણેશ દામોદર સાવરકર

નિઃસ્વાર્થ સેવા, આત્મભોગ અને કષ્ટસહનમાં જ જીવનનો આનંદ માણી જનાર, હિંદી ક્રાંતિકારીઓના એક વેળાના અગ્રણી



અને જાણીતા ક્રાંતિકારી વિનાયક સાવરકરના મોટા ભાઇ ગણેશ (ઉર્ફે બાબાસાહેબ) દામોદર સાવરકરનો જન્મ ઇ. ૧૮૭૯ના જૂનની ૧૩મીએ નાશિક જિલ્લાના ભાગુર ગામમાં થએલો. નાની વયે જ માતાપિતાનું અવસાન થતાં કુટુંબની સઘળી જવાબદારી એમના પર આવી પડી. પરિણામે મનોવાંછિત શિક્ષણ પણ તેઓ પ્રાપ્ત કરી શક્યા નહિ. કુટુંબના પોષણ ખાતર તેમણે પોતાની વૈરાગ્યવૃત્તિને પણ દબાવી દીધેલી. ઊંડા મંથન પછી 'રાષ્ટ્રસ્વાતંત્ર્ય અર્થે જ તનમનધનપૂર્વક પ્રયત્ન કરવાની' તેમણે પ્રતિજ્ઞા કરી.

સ્વામી વિવેકાનંદના માયાવતી આશ્રમમાં જઈ રહેવાનું માંડી વાળી, રાષ્ટ્રસેવાની અગ્નિદીક્ષા સ્વીકારીને તેઓ શસ્ત્રાસ્ત્રો દ્વારા સ્વરાજ હાંસલ કરવાના ધ્યેયવાળી 'અભિનવ ભારત' સંસ્થામાં જોડાયા. ઈ. ૧૯૦૫માં તો જંગી સરઘસ કાઢી 'વંદેમાતરમ્' તથા 'સ્વાતંત્ર્યલક્ષ્મીકી જય' એ સ્વાતંત્ર્યસૂત્રો પોકારવા બદલ તેમને જે દંડની સજા થઇ, તે રકમ તેમણે હાઇકોર્ટ સુધી લડી ઈ. ૧૯૦૬માં પાછી મેળવી. ઈ. ૧૯૦૮માં તેમને એક મહિનાની સખ્ત સજા થઈ. ઇ. ૧૯૦૯માં પ્રસિદ્ધ નાસિક ખટલામાં એ ઝડપાયા. કેમકે નાશિકના યુવકસંગઠનના નેતા બન્યા હોઇને તેઓ સરકારની વક્રદૃષ્ટિના ભોગ બની ચૂક્યા હતા. એ યુવકો તરફથી ચાલતી 'અભિનવભારતમાલા'માં તેમની સ્વાતંત્ર્ય-વિષયક કવિતાઓ પ્રસિદ્ધ થતી. સરકારને તે કવિતાઓમાં સશસ્ત્રબળવા માટેની ઉશ્કેરણીના જણાઈ. દરમ્યાન ઇંગ્લંડમાં ભણતા તેમના નાના ક્રાંતિકારી ભાઈ વિનાયક તેમને શસ્ત્રાસ્ત્રો મોકલેછે તેવા ખબર પોલીસને મળતાં તેમના ઘરની જડતી લીધી, પણ કશું હાથ ન આવતાં કવિતાઓ બદલ તકસીરવાર ઠરાવીને ઈ. ૧૯૦૯ના ફેબ્રુઆરીમાં એમની સઘળી મિલકત જપ્ત કરીને તેમને કાળા પાણીની સજા ફરમાવી. આ સજા પામનાર તેઓ પહેલા જ ક્રાંતિકાર હતા. તે પછી બે વર્ષે વિનાયક પણ એ જ સજા સાથે આંદામાન પહોંચેલા. ચૌદ વર્ષના એ કારાવાસ પછી એ બંધુઓ મુક્ત થયા ત્યારે એમની તબિયત સાવ લથડી ગએલી અને બાબાસાહેબ તો મરણાસન્ન બની ગએલા. ત્યારથી માંડીને તે ઈ. ૧૯૪૫ના માર્ચની ૧૬મી તારીખે સાંગલી મુકામે તેમનું અવસાન થયું ત્યાં લગી તેમણે પોતાનું પહેલાંનું સ્વાસ્થ્ય ફરી પ્રાપ્ત ન કર્યું.

તેઓ પ્રથમથી જ કોંગ્રેસ સાથે જોડાએલા હતા, પરંતુ પાછળથી હિંદુમહાસભાના સંગઠન પાછળ તેમણે લક્ષ આપવા માંડેલું, જેના ફલરૂપે 'શ્રદ્ધાનંદ' સાપ્તાહિક પણ તેમણે ચલાવેલું. 'વીર વૈરાગી', 'શિવાજી' વગેરે ચરિત્રો, 'નેપાળના આંદોલનનો ઇતિહાસ' આદિ પુસ્તકો ઉપરાંત નાટક કાવ્યો, લેખો વગેરે એમણે લખ્યાં છે; પરંતુ એમનો સૌથી ચિંતનીય ગ્રંથ તે 'રાષ્ટ્રમીમાંસા' છે, જેમાં તેમણે 'રાષ્ટ્ર' શબ્દની ઉત્પત્તિથી માંડી રાષ્ટ્ર કેવું હોવું જોઇએ તેનું વિશદ દર્શન કરાવ્યું છે.

દિનવિશેષ

તા. ૨ ઇટાલીના સમુદ્ધારક અને મહાન દેશભક્ત જિસેપ ગેરીબાલ્ડીનું અવસાન, ૧૮૮૨.
તા. ૩ સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા મહાવિદ્યાલયની સ્થાપના, ૧૯૧૬.
તા. ૪ બનારસમાં બળવો, કાનપુરમાં નાનાસાહેબે બળવાખોરોની સરદારી લીધી, ૧૮૫૭.
તા. ૬ ગાંધીજીએ શરૂ કરેલી ચંપારણ્યની અસહકારની લડતનો સફળ અંત, ૧૯૧૭.
તા. ૮ ઇસ્લામ ધર્મના સ્થાપક હજરત મહમદ પયગંબર સાહેબનું અવસાન, ૬૬૨.
તા. ૯ વરાળયંત્રની ક્રાન્તિકારી શોધ કરનાર અંગ્રેજ જ્યૉર્જ સ્ટીવન્સનનો જન્મ, ૧૭૮૧.
તા. ૧૨ શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલેએ પૂના મુકામે 'ભારતસેવકસમાજ'ની સ્થાપના કરી, ૧૯૦૫.
તા. ૧૭ જગતભરમાં ખ્યાતનામ બનેલું સમર્થ હાસ્ય-સાપ્તાહિક 'પંચ' પ્રકટ થયું, ૧૮૪૧.
તા. ૧૮ સમ્રાટ નેપોલિયનનો વિજયસિતારો અસ્ત કરનાર વૉટરલુનું મહાન યુદ્ધ, ૧૮૧૫.
તા. ૧૯ અઠંગ દેશભક્ત અને આજીવન સમાજસેવક સાને ગુરુજીનું અવસાન, ૧૯૫૦.
તા. ૨૧ સમ્રાટ સિકંદર સાથેના પંજાબના રાજા પોરસના યુદ્ધનો પ્રથમ દિન, ઈ. પૂ. ૩૨૬.
તા. ૨૮ ગુજરાતનું સર્વપ્રથમ દૈનિક સમાચાર-પત્ર 'મુંબઈ સમાચાર' પ્રકટ થયું, ૧૮૨૨.

પ્રસંગવિશેષ : મહારાણી વિક્ટોરિયાએ બ્રિટિશતંત્ર સંભાળ્યું, ૨૦મી જૂન ૧૮૩૭

ઈ. ૧૮૩૭ની ૨૦મી જૂને રાજા વિલિયમ ચોથાનું અપુત્ર અવસાન થતાં તેનો ભાઈ ડયૂક ઑવ કેન્ટ તો અગાઉ જ અપુત્ર મરણ પામ્યો હોઇ, તેની ૧૮ વર્ષની નાની પુત્રી વિક્ટોરિયા બ્રિટનની રાજગાદીએ આવી. આ જર્મન હૅનોવર વંશની હોવાથી જર્મન શિક્ષા-પ્રણાલીઓમાં જ ઉછરેલી તથા માની કડક દેખરેખ નીચે બાહ્ય જગત વિષે બહુધા અજ્ઞાત રહેલી વિક્ટોરિયાએ પછી તો ૬૫ વર્ષના ઉદારમતવાદી રૂઢિચુસ્ત પક્ષના નેતા મેલબોર્ન (પોતાને અત્યંત સંભાળ અને ચીવટથી રાજકારોબારની તાલીમ આપનાર આ પુરુષને તે પોતાના પિતા સમો ગણતી)ની સહાયથી ટૂંકા સમયમાં રાજ્યકારભારની સઘળી જ બાબતોમાં અપૂર્વ કૌશલ અને કુનેહ સંપાદન કરી લીધાં. મહારાણી વિક્ટોરિયાની રાજકીય કારકિર્દીને લક્ષ્યમાં લેતાં તેના આ રાજ્યારોહણનું મહત્ત્વ ઘણું છે : ત્યાં સુધી સંયુક્ત ગણાતા ગ્રેટ બ્રિટન અને હૅનોવર વંશના તાજને આ સ્ત્રી-રાજ્યકર્તાને કારણે અલગઅલગ કરવામાં આવ્યા અને આમ, બ્રિટિશ રાજ્યતંત્રને એકહથ્થુ બનવામાં અણધારી મોટી મદદ મળી. ૬૪ વર્ષના પોતાના સુદીર્ઘ રાજ્યકાળ દરમ્યાન, ઔદ્યોગિક ક્રાંતિના એ નવોદિત કાળમાં, ઇંગ્લંડ જ્યારે જગતનું કારખાનું ગણાતું હતું ત્યારના ઇંગ્લંડ માટેના એ અનુકૂળ સુવર્ણસંયોગોનો પૂરો લાભ લઇને સમયસૂચકતા તથા દૂરદર્શિતા વાપરીને તેણે પોતાની અનુપમ કુનેહ, બાહોશી અને વ્યવસ્થાશક્તિ દ્વારા વિસ્તૃત બ્રિટિશ સામ્રાજ્યને જગતનાં બળવાન રાષ્ટ્રો વચ્ચે સુદૃઢ સ્વરૂપે સ્થિત કર્યું અને જગતના મહાન શાસકોમાં આગવી નામના મેળવનાર એ ગજવસ્યમાન નારીએ જગત-ઇતિહાસમાં પોતાનો એક યુગ 'વિક્ટોરિયન યુગ' પ્રવર્તાવ્યો.

બૂચ્છ કબહું નહિ ફલ ભખૈ, નદી ન સંચૈ નીર;
પરમારથ કે કારને સાધુન ધરા સરીર.

—કબીર

એક યોગી ગુરુ પાસે જઇ કહેવા લાગ્યો કે ‘મેં ચૌદ વર્ષની આકરી તપસ્યા કરીને પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.’


તેને ઉત્તર આપતાં ગુરુએ કહ્યું : ‘નદીપાર તો હોડીવાળો માત્ર દોઢ આનામાં મૂકી આવી શકે. આ હિસાબે તારી સાધનાની કિંમત દોઢ આનાથી વધુ શી થઈ?’

અનેકાર્થી શબ્દ : **ઠાર**=શીતળતા કે ટાઢી હવા; વધ; કતલ; ઠેકાણું; ઠરેલી વસ્તુ; તળિયે બેસતો કચરો કે મેલ; ખબર, પત્તો; ઝાકળ; નિશ્ચય; વખત; ઢીલ; નિ:શેષ; સંપૂર્ણરીતે; જલદી કે તુરત; છેક જ નુકસાનીમાં આવી ગએલું; સજ્જડ, નિરુપાય.

કહેવતો : ‘મરણુ તરણુને શીખવે’–સંકટ પડ્યે બધું સૂઝે, અથવા ‘નેસેસિટી ઈઝ ધ મધર ઑાવ ઇન્વેન્શન’ એ અંગ્રેજી કહેવતનો ભાવ પ્રબોધતી આ કહેવતનો અર્થ સૂચવે છે તેમ, પાણીમાં પડી ગએલો માણુસ મરણુ આવી પડેલું જોઈ જેમ આપમેળે તરવાનો પ્રયત્ન કરતો થઈ જાય છે, તેમ સંકટને વખતે માણુસ જો જરા સ્થિર બુદ્ધિ ને હિંમતથી પ્રયત્ન કરે તો તેને બચવાનો માર્ગ મળી જ આવે છે.

પ્લાસ્ટરમા સ્ક્રૂ બેસાડવો હોય તો ફટકડીના પાણીમાં મેળવેલો પ્લાસ્ટર વેહમાં રેડીને પછી તેમાં સ્ક્રૂ મૂકી સુકાવા દેવો. સજ્જડ થઈ જશે.





દવા ભરીને સાચવી રાખેલાં હજારો વર્ષ પહેલાંનાં ઇજિપ્તનાં શબ ‘મમી’ને વીંટેલું કાપડ લગભગ ૧૦૦૦ વાર રહેતું!

કેળામાં પહેલાં બી હતાં તે કાઢી નાખીને કૃષિવિજ્ઞાનશાસ્ત્રીઓએ બી વિનાનાં કેળાં તો બનાવ્યાં છે. હવે બી વિનાનાં નારંગી બનાવે છે; એટલું જ નહિ પણુ બટેટા ને ટમેટાના છોડના મિશ્રણથી એવા છોડ બનાવ્યા છે કે જેનાં મૂળ પર જમીનની અંદર બટેટાં થાય, અને ઝાડ પર ટમેટાં જામે!



अखिल भारतीय कॉंग्रेस महासमिति
A.I.C.C.
BOMBAY

બુદ્ધ-પરિનિર્વાણ-દિને, તથા મુંબાઈમાં ભરાએલી કૉંગ્રેસ મહાસમિતિની બેઠકના પ્રસંગે ખાસ યોજાએલી ટપાલની રદ્દીકરણની છાપો.

લંબાઈમાં ટૂંકી પડતી ચાદર ઓશીકા તરફ ગાદલા નીચે ભરાવી પાંગત તરફ ગાદલા સાથે બે બાજુમાં સેઈફટી પિનથી જકડી લેવાથી ચાદર ચોળાઇને ડૂચો નહિ વળે. (લા.ઉ.ત્રિવેદી)

ખાટી છાશને મોળી કરવા માટે તેમાં પાણી નાખવા કરતાં દૂધ નાખવાથી વધારે સ્વાદિષ્ટ લાગશે. (૨૫)

બે વાત કદી ન ભૂલશો: આપેલું વચન ને ઉપકારી જન

આ મારો દેશ

દિલ્હીનો કુતુબમિનાર એ માત્ર ભારતનો જ નહિ પણુ આખા જગતનો પણુ અજોડ અને સૌથી ઊંચો પાષાણુ-મિનાર છે.

આપણા દેશનો સૌથી ઊંચો દરવાજો ફત્તેહપુર સીક્રીનો ૧૫૬ ફૂટ ઊંચો ‘બુલંદ દરવાજો’ છે. ભારતની રાજકીય સરહદમાં આવેલું સર્વોચ્ચ ગિરિશિખર નંદાદેવી (૨૫,૬૪૫ ફૂટ) પણુ ઉત્તર પ્રદેશમાં જ આવેલું છે.


જગતમાં સૌથી વધુ (સરેરાશ ૪૨૬ ઇંચ) વરસાદ પણુ ભારતમાં ચેરાપુંજીમાં પડે છે.

ભારત પાણીનો અખૂટ જથ્થો ધરાવતી નદીઓ માટે પણુ ઘણું જ નસીબદાર છે, પણુ તેના માત્ર ૬ ટકાનો જ ઉપયોગ થાય છે. બાકીનું પાણી તો દર વર્ષે પ્રચંડ રેલ આફતો સર્જતું ફોકટ દરિયામાં વહી જાય છે.

તેને અટકાવવા માટે જે જળબંધો અને નહેર-બાંધકામ ભારતમાં હાલ ચાલી રહ્યાં છે તે જગતનું અતિવિશાળ નહેર-બાંધકામ ધરાવતા યુનાઇટેડ સ્ટેટ્સ અને પાકિસ્તાનને ભેગા કરતાં તેથી પણુ વિશાળ થવા જાય છે.



કલાકણિકા : શૌર્યના પ્રતીક રૂપ સિંહમુખ ધરાવતી અને ફૂલપાંદડીના પ્રમાણબદ્ધ મીનાકામથી મંડિત જયપુરની એક તલવારની મૂઠ.



નિરંજના નદીમાં બુદ્ધનું સ્નાન (જાવાના બોરોબુદુર મંદિરની ઇ. ૭૫૦ લગભગની અદ્‌ભુત શિલ્પ-તકતીઓ પૈકીની એક) પૂર્વના દેશોની કળાઓમાં ભાવનિદર્શન અને લાવણ્યની દૃષ્ટિએ ભારતીય શિલ્પ પછી—અગર તો એની તોલે ગુણવત્તામાં આવે એવાં શિલ્પ સમસ્ત એશિયાઇ દેશોમાં જાવાના બોરોબુદુરના મહામંદિરનાં શિલ્પ લેખાય છે. ધ્વન્યાત્મક કલ્પના, પ્રમાણનું સામંજસ્ય જાળવતું ચિત્રસંયોજન અને આલેખનનું નમણાપણું એ તેના વિશિષ્ટ ગુણ છે. ¶ ઉરુવેલાના રમણીય પ્રદેશમાં, મંદમંદ વહેતી નિરંજના નદીને કાંઠે, સાતસાત વર્ષથી દેહપીડનનું તપ કરતા શાક્ય મુનિને કાને, વસંતોત્સવ માણવા જતી એક મંડળીમાંની ગાનારીના શબ્દો પડ્યા : 'તમે વીણા ઉચ્ચ સ્વરે શરૂ કરશો તો મારો સ્વર ત્યાં સુધી પહોંચી શકશે નહિ, અને અતિ નીચેથી લેશો તો મારાથી સાથે ગવાશે નહિ; મધ્યમ સ્વર પર જો રેહેશો તો મારો કંઠ ખીલી ઊઠશે.' વીણાવાદકને ઉદ્દેશીને બોલાએલા ગાનારીના આ શબ્દોએ શાક્ય મુનિના ચિત્તમાં ઝબકારો કર્યો : 'મધ્યમ માર્ગ !' સ્વચ્છંદી ભોગવિલાસ જેમ વર્જ્ય છે, તેમ કપરું દેહપીડન પણ નિરર્થક છે. માટે દેહરક્ષા સારુ જરૂરી ખોરાક તો લેવો જ. અને વૈશાખી પૂર્ણિમાની સવારે, નિરંજના નદીમાં સ્નાન કરીને, સુજાતાએ ભક્તિપૂર્વક આપેલી ખીર આરોગીને, શાક્ય મુનિએ પીપળાના વૃક્ષ નીચે આસન જમાવ્યું. તે જ રાત્રે ઇન્દ્રિયોને લોભાવનારી સેના સાથે આવેલા 'માર'ના આક્રમણ સામે યુદ્ધ કરી તેને જીત્યો અને 'બુદ્ધ' થયા. ¶ નિરંજના-સ્નાનના એ પ્રસંગને નિરૂપતા આ અનન્યસુંદર શિલ્પમાં ઉપર વર્ણવેલા બધા ગુણો પ્રતીત થશે. બારીક વસ્ત્ર ધારણ કરેલી ભગવાનની દેહયષ્ટિ તેમજ તેની બંને બાજુ પુષ્પવૃષ્ટિ કરતા આકાશચારી ગાંધર્વોની અંગચ્છટામાં મુલાયમ લાવણ્ય મહેકતું લાગશે. નદીનાં નીરવહન, તેમાંનાં માછલાં તથા મહામત્સ્ય, કિનારા પરનાં વૃક્ષ, ગાંધર્વોની ચોમેરનાં વાદળ, એ સર્વની રજૂઆત પ્રતીકાત્મક છતાં ચિત્તગ્રાહ્ય બને તેટલી વિશદ અને ચક્ષુરમ્ય છે. જગતનાં મોંઘાં કલારત્નોમાં બોરોબુદુરના આ શિલ્પની ગણના થાય છે.



'બરફ પડી રહ્યા પછી ઘર ભણી' : (અજિતકુમાર સંઘવી). આ અંકમાંના રસમય લેખ 'ટેબલ ટૉપ ફોટોગ્રાફી'નું ચિત્ર નં. ૧. કૅમેરા : ગ્રાફલેક્સ ટેસ્સાર ૪.૫; સ્પીડ ૧/૬૦; ડાયાફ્રામ એફ. ૨૨; આગફા આઈ.એસ.એસ. રોલફિલ્મ; ગ્રોમેસ્કો પ્રોસેસથી કોડાક ગ્રોમેસ્કો પેપર પર એન્લાર્જમેન્ટ; આંધ્ર ફોટોગ્રાફિક એસોસીએશનના અખિલ ભારતીય ફોટોપ્રદર્શન (૧૯૫૬)માં સિલ્વર પ્લૅક પામેલું, ઑગ્ઝ આર્ટ સોસાએટીના ૧૯૫૬ના પ્રદર્શનમાં 'ઉચ્ચ પ્રશંસાપાત્ર' ગણાએલું અને આગફાની ૧૯૫૬ની ગ્રાન્ડ નૅશનલ કૉન્ટેસ્ટમાં રોકડ ઇનામ પામેલું ચિત્ર.



પર્વતીય પ્રદેશના વટેમાર્ગુ : ચિત્રકાર · સત્યેન ઘોષલ

(આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)